The Greatness Guide 2 (Gujarati)

Sharma, Robin

VISIT...

LANZAROTE Caliente.COM

રોબિન શર્મા

THE GREATNESS GUIDE 2

NOW IN GUJARATI

મહાનતાના માર્ગદર્શક 2

નવી ઊંચાઈ સર કરવાની
૧૦૧ રીતો

Robin Sharma's books have sold 6 million copies worldwide
6 MILLION COPIES SOLD WORLDWIDE

JAICO


મહાનતાના માર્ગદર્શક 2

નવી ઊંચાઈ સર કરવાની ૧૦૧ રીતો

THE GREATNESS GUIDE **2**

NOW IN
GUJARATI

રોબિન શર્મા



જયકો પબ્લિશિંગ હાઉસ

અમદાવાદ બેંગલોર ભોપાલ ભુબનેસ્વર ચેન્નાઇ
દિલ્હી હૈદરાબાદ કલકત્તા લખનૌ મુંબઇ

પ્રકાશક
જયકો પબ્લિશિંગ હાઉસ
એ-2, જશ ચેંબર્સ, 7-એ સર ફિરોઝશાહ મહેતા રોડ
ફોર્ટ, મુંબઇ – 400 001
jaicopub@jaicobooks.com
www.jaicobooks.com

હાર્પર કોલિન્સ પબ્લિશર્સ લિમિટેડ
ટોરંટો, કેનેડાના સહયોગથી

THE GREATNESS GUIDE 2
મહાનતાના માર્ગદર્શક ૨
ISBN 978-81-8495-162-2

પ્રથમ જયકો સંસ્કરણ: 2011
બીજી જયકો આવૃત્તિ: 2013

“આપણે જરૂરી હોય તે બાબતો પ્રત્યે મૂક બની
જઇએ તે દિવસથી જીવનનો અંત શરૂ થાય છે.”
માર્ટિન લુથર કિંગ, જુનિયર.

સૂચિ

૧૦૧. મહાનતાની દિશામાં જવાની સજ્જતા

૧

તમારી અંદરનું સર્વોત્તમ આપો

વોરન બફેટે એક જગ્યાએ એક નિરીક્ષણ નોંધ્યું છે. તે કહે છે, ‘તમારા કરતાં તમે જ વધુ સારા બની શકો.’ કેટલી સુંદર કલ્પના છે, નહીં? ખરેખર તો તમારા જેવા ફક્ત તમે જ છો. કારણ કે તમારી સ્પર્ધા તો તમારી સાથે જ છે. આથી સર્વોત્તમની ભાવના મનમાં લાવો અને કૃતિ પણ સર્વોત્તમની જ કરો. અર્થાત, અમુક લોકો તમારી, તમારા જીવવાની નકલ કરશે, પરંતુ તે નકલ જ હશે. તેનો હંમેશાં બીજો ક્રમ આવશે. તમારી અજોડતા એ સર્વોત્તમ જ હોવી જોઈએ. એકંદરે મારે ઉત્તમમાંના ઉત્તમ માટે જીવવું જોઈએ. આટલું જ નહીં પણ મારે મારું રોકાણ પણ સર્વોત્કૃષ્ટમાં જ કરવું જોઈએ.

પ્રત્યક્ષ જીવનમાં સર્વોત્તમ વાતો કરવા પૂર્વે તમારા શક્તિસ્થાન પર અને પોતાના ચૈતન્ય પર વિશ્વાસ રાખવો જોઈએ. પ્રત્યક્ષ અસામાન્ય બનવા પૂર્વે તમને પોતાને લાગવું જોઈએ કે આપણે અસામાન્ય છીએ. એકંદરે બાહ્ય જીવનમાં નૈત્રદીપક જશ મેળવવા પૂર્વે ભાવનાત્મક- બૌદ્ધિક દષ્ટિમાંની સૃજનશીલતાને આહવાન કરો. પોતાની સારી વાતોને ગૌરવાન્વિત કરો. આ સારી વાતો તમારામાંની સર્વોત્તમ અને ઊંડાણભરી વાતોનું દર્શન કરાવી આપશે. “આ મારે માટે છે, હું તેમને માટે છું, એવો સંદેશ પછી આપોઆપ પ્રસરી જશે.’ પોતાને અંતર્મુખતાથી પ્રશ્ન પૂછો, સર્વોત્કૃષ્ટ ચૈતન્ય સાથે, અસ્તિત્વ સાથે દરેક કણકણમાંથી હું ખરા અર્થમાં જીવી રહ્યો છું ખરો? મારી અંદરની નૈસર્ગિક ઊર્જાનો હું પૂરેપૂરો ઉપયોગ કરી રહ્યો છું? પ્રાંજળતા- સદભાવ સાથે હું બહુ જ ભલાઈથી જીવી રહ્યો છું?

પોતાની અંદરની સર્વોત્તમ આજ અને હમણાં જ
આવિષ્કૃત કરો, કારણ કે આ જ યોગ્ય સમય છે.

૨

અદશ્ય બંધન

હું લોસ એન્જલસના હાવઇમથક પર બેઠેલો છું. ખરેખર તો મેં હાલમાં જ અહીંના જનરલ ઇલેક્ટ્રિક હાઇ- પોટેન્શિયલના કર્મચારીઓ માટે એક કાર્યશાળા યોજી હતી. શીર્ષક વિના નેતૃત્વ આ તે કાર્યશાળાનો મુખ્ય હેતુ હતો. વૈશ્વિક સ્તરે કંપનીને વૈકલ્પિક રીતે પોતાને મહત્તમ ઉન્નત કરીને પોતાની અંદરનું ચૈતન્ય અભિવ્યક્ત કરવા માટે મેં તેમને પ્રોત્સાહિત કર્યા. છેલ્લે જશ એટલે પોતાની સૃજનશીલતાનો એક ઉત્કૃષ્ટ અને મૂર્ત આવિષ્કાર હોય છે અને દરેક અર્થપૂર્ણ કૃતિ એ આપણામાંની સૃજનશીલતાનો મુક્ત કરે છે. એકંદરે આપણી અંદર ધબરાયેલાં કૌશલ્યોને આખર સુધી લઈ જતા એક પરિપૂર્ણ જીવન જીવવાની આશા સેવીને આપણે રહેવું જોઈએ.

કાળ સતત બદલાયા કરે છે. આસાપાસનું વિશ્વ પણ સતત બદલાતું હોય છે. જોકે આપણે રાબેતાબદ્ધ જીવતા રહીએ છીએ. તે જ તે અને તે જ તે. ખરેખર તો રોજના દિવસનો એક પ્રવાહી વૃત્તિથી સામનો કરવાનો જોઈએ. પરંતુ તેમ ન કરતાં આપણે અમુક અદશ્ય બંધન પોતાની ઉપર લાદી દીધેલાં હોય છે. જાણતાઅજાણતા તેનો જ બોજો આપણી ઉપર મહત્તમ હોય છે. આ બંધનની પેલા પાર જવા માટે આપણું મન ખાસ ઉત્સુક હોતું નથી. પછી આપણે એક ખાબોચિયાનું સુરક્ષિત જીવન જીવ્યા કરીએ છીએ.

ગત સપ્તાહમાં હું શહેર બહાર ફરવા ગયો હતો. ખરેખર તો મહિનામાં એક વાર હું શહેરથી દૂર નિસર્ગના સાંનિધ્યમાં ફરવા જાઉં છું. ચરિતાર્થના ચક્રમાં ફરતી વેળા આપણે નિસર્ગ સાથે સંબંધ તોડી નાખ્યો છે. તે તોડી નાખવાને કારણે આપણો કોઈની સાથે સંબંધ જોડાતો નથી. આપણા પતિ સાથે, પત્ની સાથે કે છોકરા સાથે પણ નહીં. આપણે આપણા અંધારિયા ઓરડામાં ફરીએ છીએ અને ત્યાં જ ઊછરીએ છીએ, વિસ્તરીએ છીએ. જોકે ફક્ત માંસલ સ્તરે. એકંદરે સંકુચિતતામાંથી બહાર નીકળીને આપણે આપણું મન વિસ્તારીને નિસર્ગ સાથે ખરા અર્થમાં આપણો સંબંધ જોડવો જોઈએ. સ્વચ્છ મોકળાશ અને શુદ્ધતાની મુખ્ય જરૂર છે. ત્યાં એક મોટા ફાર્મ હાઉસની પાટી પાસે મારું ધ્યાન ખેંચાયું. ત્યાં કૂતરાઓને ખાસ પ્રશિક્ષણ અપાતું હતું. ખરેખર તો ત્યાં ફાર્મ હાઉસમાં ક્યાંય કમ્પાઉન્ડ દૃષ્ટિગોચર થતું નહોતું પણ તે કૂતરાઓ આ ચોકટની અંદર ફરતા હતા. હકીકતમાં તેમને તેવું જ પ્રશિક્ષણ અપાયું હતું.

મને તે અદશ્ય બંધનોનું વિલક્ષણ આશ્ચર્ય થયું હતું. આપણું મન એ પરંપરા, રૂઢી, રીતરિવાજ, નિષ્કર્ષ, સંકેત, પ્રતિમાથી જાણતાઅજાણતા બંધાયેલી હોય છે. અનેક વાર આ ગુલામી આપણે અજાણતા સ્વીકારીએ છીએ. ગુલામ ન બનીને અથવા આ અદશ્ય બંધનને ન ગણકારીને મુક્તપણે જીવવું શક્ય છે એ ખરો પ્રશ્ન છે. આવું થાય તો જ

આપણો ખરા અર્થમાં વિકાસ થઈ શકે છે, કારણ કે સ્વાતંત્ર્યમાં જ શોધ શક્ય હોય છે.

બાળપણથી વધતા-વિકસિત થતી વેળા અનેક શ્રદ્ધા- સંકેત, રીતરિવાજ- રૂઢી, પરંપરા તેમ જ અમુક ભ્રામક કલ્પના-વિચારોથી આપણે વીંટળાઈએ છીએ. આ અદશ્ય બંધનોને અવગણીને પેલે પાર જાઓ.

3

સાદગીમાંનું સૌંદર્ય અને સામર્થ્ય

ખરું કહું તો હું મારા છોકરાઓ પાસેથી જ ઘણું બધું શીખ્યો છું. આ મારા છોકરાઓ હીરો છે અને મારા શિક્ષક પણ છે. વર્તમાનમાં દરેક ક્ષણમાં સંપૂર્ણપણે જીવવાની કળા હું તેમની પાસેથી શીખ્યો છું. આને કારણે હું જીવનનો અને એકદમ પ્રતિકૂળતાનો સહજતાથી સામનો કરી શકું છું. ખાસ કરીને સાદગીમાંના સૌંદર્યને મહત્ત્વ મેં તેમની પાસેથી જ જાણી લીધું. તેમની પાસે ભરપૂર આત્મવિશ્વાસ છે. ખરેખર તો સાદું, સહજ અને આસાન જીવવું કેટલું મહત્ત્વનું હોય છે નહીં? એકંદરે હૃદયની સાદગીમાં વધુ મહત્ત્વ અને વધુ અર્થગર્ભતા છે. નેતૃત્વની હોશિયારીમાં સાદગી, કૃતિની સ્પષ્ટતા અને મનની વિશુદ્ધતાને અપાર મહત્ત્વ છે. સાદી ભાષા, સાદી પણ પ્રભાવી કલ્પના- વિચાર અને પ્રત્યક્ષ આચરણમાં આવી શકે તેવા વિચાર આ બાબતો આપણને વૈશ્વિક સ્તરે પણ લઈ જઈ શકે છે તે ધ્યાનમાં રાખો. એકંદરે સાદગીમાંનું સૌંદર્ય અને મહાત્મ્ય એ આપણે જાણવું જોઈએ. (ગુગલના સર્જી બ્રાઉને એક મુદ્દા પ્રત્યે મારું ધ્યાન દોર્યું. તેમણે કહ્યું, 'સાદગીમાંથી ખરેખર યશ આકાર પામે છે.') મને તે જ ક્ષણે મારા છોકરાની, કોલ્બાયની યાદ આવી.

થોડા સપ્તાહ પૂર્વે અમે ન્યુ યોર્ક શહેરમાં ગયા હતા. મને મારા છોકરાનો તેરમો જન્મદિવસ ઊજવવાનો હતો. અમે સોહોમાં ઘણો સમય હતા. આ પછી એફએઓ સ્વાર્ઝની રમકડાંની દુકાનમાં ગયા. આ પછી અમે બ્રીડમાં (મારું મનગમતું અને વિશ્વનું સર્વોત્તમ લંચ લેવાનું સ્થાન) પેટ ભરીને જમ્યા. આ પછી વિકેડ નાટક જોયું. તમને કહું છું કે આખું અઠવાડિયું અમે નિર્ભેળ ધમાલ કરી. ખરેખર તો છોકરો અને પિતા વચ્ચેનું હૃદ્ય એવો તે આનંદનો ઉત્સવ હતો.

રવિવારે, રાત્રે ઘરે પાછો આવ્યા પછી મેં મારા દીકરાને પૂછ્યું, 'કેવું રહ્યું અઠવાડિયું?' થોડી વાર તેણે આંખો બંધ કરી અને હસતાં હસતાં મને કહ્યું, 'ડેડ, તમે તે સ્ટ્રીટ પરનો હોટ ડોગ લાવ્યા હતાને તે મને ખાસ ભાવ્યો.' જોયું, સહજ સાદગીની તાકાત.

સાદગીમાંથી જશ અને સૌંદર્ય આકાર પામતાં હોય છે



પરફોર્મન્સ એટલો સારો આપો કે લોકોને તમારી નોંધ લેવી જ પડે

વિખ્યાત વિનોદી કલાકાર સ્ટીવ માર્ટિને એક ઊભરતા નવા કલાકારોને કહ્યું, 'તું એટલો સારો પરફોર્મન્સ આપ કે પછી તમારી નોંધ લોકોને લેવી જ પડે.' તમે જે કાંઈ કરો છો તેની પર વિલક્ષણ પ્રેમ કરો. તમારી દરેક કલાકૃતિ ભક્તિવાન શ્રદ્ધાંમાંથી નિખરવા દો. ખરેખર તો જેટલા તમે પોતાના જીવનને, કલાને પોતાનું ચૈતન્ય- તાદાત્મ્ય બહાર કરશો તેટલો અનેકગણો જશ તમને મળતો રહેશે. એકંદરે સર્વોત્કૃષ્ટ અને કલાસંપન્ન સૌંદર્યશક્તિ એ એક સૃજનશીલ મનની કલાભિવ્યક્તિ હોય છે. ઉપજત દેણગી, સાતત્યમયતા અને સાધનસામગ્રીનો કલાત્મક વિનિયોગ, તેમાં ઘણું બધું સાધ્ય થઈ શકે છે. આવા સમયે કલાકારનું મન નિર્વિકલ્પ હોય છે. કલાની દષ્ટિ એકમાત્ર મહત્ત્વની વાત છે સૌંદર્યની તાદાત્મ્ય અભિવ્યક્તિ. (ધ ગ્રેટફુલ ડીડની નિર્માત્રી જેરી ગ્રેસિયાએ એક જગ્યાએ કહ્યું કે 'ફક્ત સારામાં સારું અભિવ્યક્ત કરવું એટલો ધ્યેય ન રાખતાં જીવવાની દરેક ક્ષણ સંપૂર્ણ અસ્તિત્વ સાથે અથવા હેતુ વિના કેવળસ્થિતિમાં હોવું અને પોતાને સહજ અભિવ્યક્ત કરવું મહત્ત્વનું છે.')

અનેક નિરાશદાયક ઘટના- પ્રસંગ આપણી આસપાસ ઘડાતાં હોય છે. જોકે તમે પોતાનો પ્રવાસ છોડતા નહીં. પોતાનાં મહાન સપનાંઓની દિશામાં સતત અને સંપૂર્ણ ચૈતન્ય સાથે કાર્યરત રહેવું સદૈવ મૂલ્યવાન નીવડે છે. અર્થાત તે માટે પોતાની પરના અને આપણે સ્વીકારે પ્રવાસ વિશે અથાક શ્રદ્ધા- વિશ્વાસ હોવું અનિવાર્ય છે. કોલસાની ખાણમાં સતત ઊંડાણમાં ખોદવા પર જ એકાદ હીરો આપણા હાથે લાગે છે. તેમં પણ હીરાને ફરી ઠોકીઠોકીને ઘાટ આપવો પડે છે. તે પણ બહુ કૌશલ્યથી. ત્યારે જ ખરું મૂલ્યવાન સૌંદર્ય અને પ્રતિભા હાથ લાગે છે. તમારી પ્રાંજળતા, કષ્ટપ્રદતતા, જીવન પાસે કશું જ ન માગવું અને સમર્પણ ભાવના સદૈવ ઉપયોગી નીવડે છે.

સ્ટીવ માર્ટિન પ્રમાણે મેનેજમેન્ટ ગુરુ પીટર ડ્રકરે પણ એક જગ્યાએ આવું જ અલગ શબ્દોમાં અભિવ્યક્ત કર્યું છે. તેઓ કહે છે, 'પરફોર્મન્સ સર્વોકૃષ્ટ જ હોવો જોઈએ અન્યથા અક્રિય શાંત રહો.' આ જ તત્ત્વ આપણેને આપણા જીવનનાં દરેક કાર્યસ્થળે, ઘરે તેમ જ આપણા સમાજમાં ઉપયોગી પડશે. એકંદરે બહુ જ ધીરજથી પોતાના સંપૂર્ણ અસ્તિત્વ સાથે અભિવ્યક્ત કરો. તે પણ ઘણી અનાસક્તાથી અને પછી ચમત્કાર જુઓ. તમારું અડધોઅડધ જીવન બદલાઈ જશે. જીવન એ સદૈવ તમને મદદરૂપ નીવડે છે તેની પર પૂર્ણ વિશ્વાસ રાખો!

જીવન એ સદૈવ તમને મદદરૂપ નીવડે છે
તેની પણ પૂર્ણ વિશ્વાસ રાખો.

૫

યશ વિસ્તારનું સૂત્ર

એક વિલક્ષણ ક્રાંતિકારક કલ્પના મારે તમને કહેવી છે. ખરેખર તો તમે જે રીતે કામ કરો છો તે પદ્ધતિથી ભૂતકાળનો બોજો અને ભવિષ્યકાળની ચિંતા માથા પર લઈને ફરો છો... આ બધું જ તમારા અંતર્મુખતાથી અવલોકન કર્યું છે? અલૌકિક જીવન એ સદૈવ જશ અને પોતાને મહત્ત્વની લાગતી વાતોથી સભર હોય છે. જીવનનો મતિતાર્થ એ બંનેના સંતુલનમાં સમાયેલો હોય છે. અનેક વાર જશ વિરહિત જીવનનો જ આપણને ડર લાગે છે. ખરેખર તો ડર એ જીવનમાંની અનેક સમસ્યાઓમાંની એક સમસ્યા છે તે સૌપ્રથમ ધ્યાનમાં લો. ડરને નિશ્ચિત એક કારણ હોય છે. આથી ડર એ કાંઈકની સાથે સંબંધિત હોય છે. ડરથી દૂર ભાગવાની આપણી સામાન્ય વૃત્તિ હોય છે. આથી વિપરીત આપણે જો ડરનો સામનો કરીએ તો અને ત્યારે જ તેની પર માત કરી શકશો. ખરેખર તો આપણે જેમ છીએ તે જ સ્વરૂપમાં આપણે પોતાની સામે જવું જોઈએ. અન્યથા તમારા મનમાંના વિવિધ વિચાર આ ડરને વધુ બળ આપતા રહેશે. વિચાર એ સદૈવ ભય નિર્માણ કરે છે.

ફ્રેન્ક હર્બર્ટે (ડ્યુન નામનું માસિક) લખ્યું છે કે 'હું ડરને આસપાસ ફરકવા દેતો નથી. હું ડરનો સીધો સામનો કરું છું. આ પછી ડર મારા સર્વાંગમાંથી બીજે પાર જાય છે અને તેની કંપારી હું અનુભવું છું. આને કારણે આપણે જેમ છીએ તે જ સ્વરૂપમાં તેને જોવાનો અને તેને સંપૂર્ણ પ્રતિસાદ આપવાનો પ્રયાસ કરો. આ પછી જ આપણે અને આપણાં સપનાં અને ઊભરતું જીવન આપણી સામે હશે.'

એકંદરે આપણે અસુરક્ષિતતા, આપણા મનમાંનું દ્વંદ્વ, અમુક હાથમાંથી સરી પડવાનો ડર, આપણો તિરસ્કાર થશે એવો ડર, મૃત્યુનો ડર.... કેટલાય પ્રકારે ડર પોતાનો વિદ્રુપ ચહેરો લઈને આપણી સામે આવે છે. એક ધ્યાનમાં રાખો કે ડરથી નાસી જવું એટલે ડર વધારવા બરાબર છે. સંપૂર્ણ એકમેવ ડર જ વાસ્તવમાં છે. આપણે તે ડરનું સમગ્ર- સંપૂર્ણ અવલોકન કરી શકતા નથી. એક વાર તમે બહુ જ તરલ સાવધાનતાથી અથવા શાંત-મોકળા મને ડરનું અવલોકન કરશો એટલે તમે તેની પર માત કરી શકશો! તમે એટલે ડરનો એક અંશ છો. તમે એટલે ડર જ છો એવું સમજશો તો જ ડરનો અંત થશે.

ડરનો તમે પ્રત્યક્ષ સામનો કરશો તો તે દરવાજાની પેલે પાર તમારે માટે જશવૈભવની એક મોટી ભેટ તમને દેખાશે.



ઝગમગતા પોશાકમાં

હાલમં તમે નેતૃત્વની જે સ્થિતિમાં છો ત્યાં તમે પૂરતા ચમકતા નથી. છતાં કોઈ પણ શીર્ષક વિના નેતૃત્વ નિભાવીને આગળ ચાલતા રહેવું જરૂરી છે. નાની નાની વાતો અનેક વાર આપણને બોધ થતી નથી. ખરેખર તો નેતૃત્વ એ કાળની અને કંપનીની પ્રવાહ સાથે ચાલતા રહીને મોટી સંવેદનશીલતાની દરેક કૃતિ કરે છે. પછી તે નાની હોય કે મોટી. ખરેખર તો આપણી નાની નાની કૃતિમાંથી નેતૃત્વની માનસિકતા અને આપણા જીવનની માગણીઓ આ અધોરેખામાં થતી હોય છે તે ધ્યાનમાં રાખો. નેતૃત્વના પરસ્પર સંબંધમાંના સંવાદ- સહપ્રવાસનું, સહયોગ- સહકારનું અખંડ જાગૃત ભાન હોવું જોઈએ. આટલું જ નહીં, સંપૂર્ણ કાર્યપ્રણાલીનું ભાન રાખીને તે એક વૈભવશાળી શિખર પાસે પગલે પગલે આગળ ચાલતું રહે તે જ વધુ પસંદ કરીએ છીએ. આપણે આપણા જીવનપ્રવાસમાં જેમ જેમ જોખમોનો સામનો કરવાનો આરંભ કરીશું તેમ તેમ રમતમાં વધુ રંગત આવતી જશે. કદાચ અમુક જગ્યાએ આપણને અપજશ મળશે પણ જશ અને સફળતાના અનેક ક્ષણ આપણને વારંવાર મળશે એ નિશ્ચિત છે!

તમારી કંપની જ નહીં પણ તમારું ઘર પણ સુવ્યસ્થિત હોવું જોઈએ. આટલું જ નહીં, નાની નાની વાતોનું તમને ભાન હોવું જોઈએ. તેમાં પણ આપણા જીવનની પાર જતાં મોટા વ્યાપક વિશ્વનો ભાગ બનવા માટે વ્યક્તિએ એકાગ્ર રહેવું તે ખરા નેતૃત્વનું કર્તવ્ય છે, કારણ કે નેતૃત્વ નાની નાની સમસ્યા કઈ રીતે હાથ ધરાય છે તેની પરથી તેની પરીક્ષા અજાણતા થાય છે. મહત્ત્વનું એ છે કે નેતૃત્વ એક તત્ત્વપ્રણાલી છે, એક દૃષ્ટિ છે. એક મનની અવસ્થા અથવા કામ કરવાની પદ્ધતિ છે. નેતૃત્વ એટલે કંપનીના- વ્યક્તિના વિકાસ માટે સદૈવ કટિબદ્ધ હોવું. નેતૃત્વ આપણા દરેક કર્મચારીઓને માનસિક અને આત્મિક પ્રતિષ્ઠા બહાર કરે છે. (આટલું જ નહીં ઓફિસમાં બાથરૂમ્સમાંથી આપણી વ્યવસ્થાની પ્રતીતિ લોકોને આવે છે) નેતૃત્વ એ આપણા કોર્પોરેટ મિશનની ગતિ અને અંતરંગ પૂર્ણપણે પિછાણે છે. ધ્યેય- પ્રવાસની જ્યોત આપણા સહકારીઓના અંતરંગમાં પ્રગટતી રહેવી મહત્ત્વનું છે. નેતૃત્વને તે કરવું જ પડે છે. અસ્તિત્વ, ચેતના, આસ્થા અને સમય સહિત દરેકને આપણા કોર્પોરેટ મિશનને સમજાવીને કહેતાં તેને મોટા આંતરિક ઉત્સાહ સાથે સહભાગી કરી લેવાની કુશળતા નેતૃત્વને કરવી પડે છે.

આથી નાની નાની બાબતો પર (ઓબ્સેસિવ એટેન્શન ટુ ડિટેઇલ) કાળજીપૂર્વક ધ્યાન આપો. અનેક વાર આ બાબતોને આપણે દુર્લક્ષિત કરીએ છીએ. જોકે આ નાની બાબતોમાંથી આપણને નેતૃત્વનાં દર્શન અને મોટાપણું મળે છે એ નક્કી! કારણ આ સૌમાંથી તમારી જીવનદૃષ્ટિ વ્યક્ત થતી હોય છે.

મારે તમને એ જ કહેવું છે કે: તમે નાની નાની બાબતોજે
પદ્ધતિથી અને પ્રકારે હાથ ધરો છો તેની પરથી તમે મોટી સમસ્યા
કઈ રીતે હાથ ધરશો તે સહજ નિદર્શને આવી જાય છે.

૭

શ્રવણની કલા કાળજીપૂર્વક આત્મસાત કરો

બ્રુસ માઉ નામે ખ્યાતિપ્રાપ્ત ડિઝાઇનરનું એક વાક્ય મને બહુ જ ઊંડાણભર્યું અને મહત્ત્વનું લાગે છે. તેઓ કહે છે, 'તમારા સંબંધમાં આવનારા અને તમારી સાથે બોલવા માગનારા દરેક જણ આપણી સાથે શબ્દોમાંથી સંપર્ક સાધતા હોય છે. તેમના તે શબ્દ તેમની જીવનની દોડધામમાંથી તેમ જ અનુબંધ-અનુવંશ અને સંસ્કારમાંથી આકાર પામેલા હોય છે. આ શબ્દોની પસંદગીમાંથી તમે તેનું અડધોઅડધ આંતરિક વિશ્વ સમજી શકો છો. આટલું જ નહીં સામેની વ્યક્તિની મહત્ત્વાકાંક્ષા, તેની ગરજ- ઇચ્છા, આકાંક્ષા પણ આપણે સમજી શકીએ છીએ. અર્થાત તે માટે શ્રવણની કલા તમારે આત્મસાત કરવી જોઈએ. એક ધ્યાનમાં રાખો કે આપણા સંપર્કમાં આવનારા દરેક જણ સરખા હોતા નથી.'

સંપર્કમાં આવનારી વ્યક્તિના સંવાદમાંથી- સંભાષણમાંથી વ્યક્તિ ગૂંચવાતી જાય છે. (ખરેખર તો દરેક પરિચિત- અપરિચિત પાસેથી તમને ઘણું બધું શીખવા જેવું હોય છે. ફક્ત આપણે પૂરતું ધ્યાન આપતા નથી) વ્યક્તિગત તેમ જ વ્યાવસાયિક જીવનમાં શ્રવણની કલાનું અપાર મહત્ત્વ છે. શ્રવણમાં જે પ્રીતિ હશે અથવા તમે એકદમ મનથી બીજાનું શ્રવણ કરતા હશે તો શબ્દોની પારનું પણ તમે સમજી શકશો. બીજાની સમસ્યા, તેમનો ડર અને તેમની ભાવનાની સુગંધ આપણને તેમના શબ્દોમાંથી, તેમના હાવભાવ પરથી સમજી શકાય છે. આથી સાંભળવું તે ફક્ત કાનની સાંભળવાની ક્રિયા નથી, પરંતુ સંપૂર્ણ અસ્તિત્વ સાથે દરેક પેશીમાંથી તમને શ્રવણ કરતા આવડવું જોઈએ. એકંદરે શ્રવણની કલા તમને કાળજીપૂર્વક આત્મસાત કરતા આવડવી જોઈએ. શબ્દોનો તેમને એક અવકાશ હોય છે. ફક્ત શ્રવણની કલામાંથી મોટો ચમત્કાર ઘડાઈ શકે છે. ખરેખર તો આ શબ્દોમાંથી બીજાનો વિચાર, તેમની વિચારસરણી અને જીવનદષ્ટિ પોતાને સમજી શકાય છે. આટલવું જ નહીં તેમનાં સુખ- દુ:ખ પણ આપણને સમજી શકાય છે. બધા પૂર્વગ્રહ ટાળીનવે કોઈ પણ પ્રતિક્રિયા ન આપતાં તમે શ્રવણ કરતાં આવડવું જોઈએ. આટલું જ નહીં અગાઉથી બનાવેલા મત આપણને છોડી દેતા આવડવું જોઈએ. ખરેખર તો આ બધામાંથી એક સારો સંવાદ- અનુબંધ ઘડી શકે છે.

મળનારા દરેક પાસેથી આપણને શીખવા જેવું ઘણું બધું હોય છે. શ્રવણની કલામાંથી અને સંપૂર્ણ યોગ્ય પ્રતિસાદમાંથી આપણને

ઘણું બધું નવું અને સારું શીખવા મળે છે.



ડેવિડની જેમ સપનાંઓ જુઓ

અસામાન્ય ડેવિડની હું તમને ઓળખ કરાવવાનો છું. થોડા સમય પૂર્વે મેક્સિકોમાં વ્યાવસાયિક અને સામાજિક નેતૃત્વ સંબંધે એક કાર્યશાળા મેં યોજી હતી. ત્યાં મારી મુલાકાત ડેવિડ સાથે થઈ હતી. તેની અતુલનીય જીવનકથા, તેનું વાસ્તવ્ય જોઈને હું અવાક બની રહ્યો હતો. આ જગતમાં અશક્ય કશું જ નથી એવું બધા જ બોલતા હોય છે પરંતુ ડેવિડે તે કરીને બતાવ્યું છે. બાહોશ ડેવિડનો ગજબનો ઉત્સાહ ખરેખર જોવા જેવો હતો.

ડેવિડનો જન્મ થયો ત્યારે તેના બંને કાન નહોતા. અર્થાત, તેનું આખું બાળપણ બધિર અવસ્થામાં વીત્યું. તેની પર અનેક જગ્યાએ જઈને ઉપચાર કરવામાં આવ્યા. ડેવિડનાં અનેક ઓપરેશન પણ થયાં. બહુ જ વેદના અને જન્મજાત મળેલી વિદ્રુપતા લઈને ડેવિડ જીવતો હતો. શાળામાં છોકરાઓ તેને સતાવતા. આ બધી જ વેદનાઓ સહજ રીતે પચાવીને પોતાના અસામાન્ય કતૃત્વને કારણે તેમ જ પ્રખર બુદ્ધિમતાને લીધે ડેવિડે જીવનમાં મોટા થવાનાં સપનાં જોયાં. ડેવિડ પાસે વિલક્ષણ ધીરજ હતી અને બહુ સમજદાર માતા- પિતા. આ સૌની સાથે પોતાની અંદરની પ્રતિભાને ડેવિડે આહવાન આપ્યું, કારણ કે તેને લોકોની દયા- સહાનુભૂતિ જોઈતી નહોતી. તેને બીજે પાર જવાનું હતું. ડેવિડને ખબર હતી કે આપણે મહાનતા માટે જ જન્મ લીધો છે. તેણે જીવનનું આહવાન સર્વસ્વી રીતે સ્વીકાર્યું અને આખરે જીવને શરણે આવીને તેને અપાર મદદ કરી. એકંદરે ડેવિડના સંઘર્ષની આ વારતા વિલક્ષણ પ્રેરક છે.

મેક્સિકોમાં ગયો ત્યારે નેતૃત્વની કાર્યશાળામાં ડેવિડ સાથે મારી મુલાકાત થઈ. ડેવિડે કોર્પોરેટ જગતમાં વિલક્ષણ નામ કમાવ્યું છે. આટલું જ નહીં, તે તેમનો હીરો છે. વેદનાનો સાથ સ્વીકારીને જીવનનો ડેવિડે બહુ જ આદર કર્યો. મુખ્યત્વે ક્યારેય ફરિયાદનો સૂર કાઢ્યો નહીં. ધ્યાનમાં રાખો, આપણે જીવનને હુકમ આપવો નહીં જોઈએ. ડેવિડે સામે આવેલી પરિસ્થિતિને પિછાણીને વિચારપૂર્વક અને પૂર્ણ સતર્ક રહીને સામનો કર્યો. આને કારણે ડેવિડને એક આંતરિક શક્તિ પ્રાપ્ત થઈ અને તેના બળ પર હસતાં હસતાં અને બહુ જ સમજદારીથી તેણે પોતાનાં દુઃખોનો સામનો કર્યો. આખરે, જાગૃતિના દરજ્જા પર જીવનની ઊંચાઈ નિશ્ચિત થાય છે. વિલક્ષણ સજાગ અને સાવધાન ડેવિડ સતત ફક્ત વર્તમાન જ જીવતો હોય છે.

ડેવિડ સાથે બોલતી વેળા આકલન અને જીવનની એક નવી દષ્ટિની જાણ, જાગૃતિ આવી. દુઃખો વચ્ચે પોતાનું જીવન મહાનતા ભણી વાળી શકાય છે તે ડેવિડે મને ભારપૂર્વક બતાવી દીધું. તમે પણ પળેપળે, કણેકણે આગળ વધતા રહો અને વિકસિત થાઓ!

સામે આવેલા અંધારાને નામે કોસીને બેસી રહેવા
કરતાં ખરું નેતૃત્વ એ સદૈવ તે ઘેરા અંધકારમાં મીણબત્તી
પ્રજ્જવલિત કરવાનું કામ કરે છે.



આજે હમણાં જ કરો

માઇક જેગરનું આલબમ ગોડેસ ઇન ધ ડોર વે હું આજે સવાર સાંભળતો હતો. તેમાં આવતા એક વાક્ય વેળા ઠોકર લાગી હોય તેમ હું અથડાયો. તે કહે છે: આંખોની પાંપણો ખોલો અને જુઓ આસપાસ. તમારી આસપાસનું જગ ઝડપથી બદલાઈ રહ્યું છે . સાચું છે, નહીં? આખું જગ એટલું ઝડપથી બદલાઈ રહ્યું છે કે આપણે તેની પાસે પ્રવાહી વૃત્તિથી જોતા નથી. જો આવું થયું તો દરેકનું મન પ્રફુલ્લિત, તાજગીપૂર્ણ અને જીવની અનેક સમસ્યાનો સામનો કરવા માટે સમર્થ બની જશે.

આપણે અનેક વાર આંતરિક પરાવલંબન અને અનુયાયિત્વથી ઘેરાયેલા રહીએ છીએ. આને લીધે આપણે ખરા અર્થમાં વર્તમાન જીવતા નથી. તમે વર્તમાનની દરેક ક્ષણ પર પ્રેમ કરવું જોઈએ. વર્તમાનની અર્થગર્ભતાની તમને જાણ થવી એ બહુ જ મહત્ત્વનું છે. તમે જેમ છો તેમ પોતાનું અવલોકન કરો. જો તમે આમ કરશો તો બહુ દૂર સુધી જઈ શકશો. અનેક વાર ભૂતકાળનું જોખમ અને ભવિષ્યની જીવલેણ ચિંતાઓમાં આપણું વર્તમાન કચડાઈ જાય છે. અમુક બાબતો આ ભવિષ્યમાં કરવા આપણે સતત આગળ ધકેલાતા રહીએ છીએ. એટલે કે આપણે ખરા અર્થમાં આજ જીવતા નથી. થોડા સમય પૂર્વે એક લેખ મેં વાંચ્યો હતો. તેમાં એક ગૃહિણી કહે છે: ‘મને મારા ભવિષ્ય માટે અમુક જોગવાઈ કરી રાખવી છે. તે મુજબ મેં તેવું કર્યું છે. તે સમયે વૃદ્ધાવસ્થામાં હું મારું જીવવું શાંતિથી અને મજેથી વિતાવી શકીશ.’ મજા જ કરવી છે તો વૃદ્ધાવસ્થામાં શા માટે? હમણાં આ ક્ષણે કેમ નહીં?

મને કાયમ લાગે છે કે આપણે સાચું જીવવાનું સતત આગળ ધકેલતા રહીએ છીએ. આને કારણે વર્તમાનમાં જીવવું ભૂલી જઈએ છીએ. બરાબર ને? આનો અર્થ એવો નથી કે ભવિષ્ય માટે કોઈ જ જોગવાઈ નહીં કરવી. જીવનની યોજના અત્યંત વિચારપૂર્વક જરૂર કરો, પણ વર્તમાનનું જીવવાનો મોલ છીનવી નહીં લેતા એટલું જ મારે કહેવું છે. એક ધ્યાનમાંરાખો કે મૂળભૂત પરિવર્તન એ ફક્ત વર્તમાનમાં, તાદાત્મ્ય જીવવામાં જ ખરા અર્થમાં સમાયેલું છે. આથી વર્તમાનના અર્થગર્ભતાની જાણ રાખો. વર્તમાનની દરેક ક્ષણ સંપૂર્ણપણે જીવો અને તેમાંનો અર્થ અને હોશિયારી બહુ જ તરલ સાવધાન રીતે ભેગા કરો.

દરેક ક્ષણમાં, વર્તમાનમાં નવા નવા રંગ ભરો. અસુરક્ષિતતાની રમત પણ રમવા માટે ગભરાશો નહીં! જીવન ક્ષણભંગુર છે. આમ છતાં તે તેટલા ક્ષણ પૂરતું પણ ખરું છેને? તો પછી તેમાંની સુગંધ મન ભરાઈ જાય ત્યાં સુધી ભેગા કરો અને જીવનને ખરા અર્થમાં પ્રતિસાદ આપો. જીવન સાથે પ્રવાહી વૃત્તિથી ગતિમાન રહો.

હમણાંની ક્ષણ અર્થપૂર્ણ છે ત્યારે આજનું જીવવું કાલ પર ધકેલતા નહીં! કૃતિ એ સદૈવ વર્તમાન થાય છે તેનું ધ્યાન રાખો!

૧૦

અબોલ તત્પરતા- સારાપણું

જેબીએન (જસ્ટ બી નાઈસ). સારાપણું- સુંદરતા અને તે પણ અબોલ તત્પર પ્રતિસાદ સાથે. અનેક વાર કર્મચારી- કામગારોની નિયુક્તિની જાહેરાતોમાં જરૂરી અને યોગ્ય ઉમેદવાર માટે વિશિષ્ટ ગુણવત્તાની અને કૌશલ્યની, જ્ઞાનની- પદવીઓની અપેક્ષા રાખવામાં આવે છે. ખરેખર તો પસંદગી કરેલા ઉમેદવાર અથવા સભ્ય તે જાહેરાતમાં દર્શાવ્યા પ્રમાણે ગુણસંપન્ન અને કૌશલ્યમય હોય છે? અર્થાત ફક્ત જાહેરાત માટે અને નોકરી માટે જ નહીં પરંતુ પ્રત્યક્ષ જીવનમાં દરેક ક્ષણ અને કૃતિ સંપૂર્ણપણે અને સર્વાર્થમાં જીવવા માટે, કમાલની તરલ સાવધાનતાની અને અબોલ તત્પરતાની આવશ્યકતા હોય છે. તેમાં પણ સારાપણું- ભલાઈનો મોટો સંગ્રહ આપણી પાસે હોવો જ જોઈએ. આ ગુણો બાબત- કૃતિશીલતા બાબતે આપણે જરા પૂરતા જાગૃત હોઈએ તો આપણે જે કાંઈ કૃતિ કરીએ તે યોગ્ય જ હશે.

કોર્પોરેટ વિશ્વમાં એકદમ વૈશ્વિક સ્તર પર પણ તમને તમારી ગુણવત્તા, સારાપણું તેમ જ અબોલ તત્પર પ્રતિસાદનો સમન્વય રાખવાનો હોય છે. સાદને પ્રતિસાદ તો આપવો જ પડે. અનેક વાર આપણી ટીમમાં આપણના સહકર્મચારીઓને પ્રોત્સાહિત કરીને તેમના સારાપણાની ગુણવત્તા સાથે આહવાન કરવું જ પડે છે. ખરું નેતૃત્વ આ જ કરે છે. ગ્રાહકાભિમુખમાં પણ તમારી તત્પરતા, મહત્તમ દીર્ઘકાલીન સેવા અને માલની ગુણવત્તા, નિર્દોષતાનું મહત્ત્વ હોય જ છે.

એક સાદું ઉદાહરણ આપીએ તો હું મારી રોજની હોટેલનું આપીશ, એક વાર એક અલગ મૂડમાં હું મારી કાયમની હોટેલમાં ગયો. વ્યવસ્થાપનમાંના સેવકોએ મારું યોગ્ય સ્વાગત કર્યું. મેં પણ પ્રતિસાદ આપ્યો. જોકે એક અલગ જ વિશ્વમાં હોવાથી મને આજે મારું એકલાપણું અને મારી ચિંતનશીલતા મહત્ત્વની ભાસતી હતી. ઓર્ડર આપતી વેળા મને જોઈતી ડિશ મેં કહી. હકીકતમાં તે પદાર્થ મેનુ કાર્ડમાં નહોતો. આમ છતાં ગ્રાહકને અને તેમની પસંદગીને કેન્દ્રમાં રાખતા તે મેનેજરે મારી માગણી પૂર્ણ કરીને મને જોઈતો તે પદાર્થ બહુ જ મોટું મન રાખીને અને તેના અનુસંધાનમાં (તેને છાજે તેમ) એક નવું મિશ્રણ મારી સામે રાખ્યું. ખરેખર તો એક પ્રકારની જુદી સૃજનશીલતા જ હતી. મારી તબિયત બહુ ખુશ થઈ ગઈ અને હું બહુ જ સંતુષ્ટ મન સાથે સૌને દાદ પણ આપવા લાગ્યો. ખરેખર તો આ ભાગ્યે જ જોવા મળતું દૃશ્ય હતું. આપણે નિત્યક્રમની બહાર જઈને નવા નવા (ગ્રાહકાભિમુખ) પ્રયોગ કરતા જ નથી તે જ ખરી અડચણ છે.

દીર્ઘકાલીન વ્યવસાય વૃદ્ધિ માટે સારાપણું સાથે અબોલ તત્પર પ્રતિસાદની બહુ જ આવશ્યકતા હોય છે.

૧૧

ભૂલ નામે બાબત જ હોતી નથી

અનેક વાર આપણા હાથે ભૂલ થાય છે અને તે ભૂલો માટે આપણે પોતાને જ દોષ આપતા રહીએ છીએ, કોસતા રહીએ છીએ. ખરેખર તો મોટા ભાગના લોકો વર્તમાનમાં જીવતા નથી હોતા. તેઓ ભૂતકાળમાં જ જીવતા હોય છે અથવા ભવિષ્યની ચિંતા કર્યા કરે છે. ઘટના બની જાય છે અને આપણે તેની પર અનેક વર્ષ વિચાર કરતા રહીએ છીએ. દ્વેષ મનમાં રાખીએ છીએ. આવો દ્વેષ- મત્સર મનમાં રાખનારાં મન સંવેદનશીલ હોતાં નથી. ફક્ત વિચારોમાં રહેવું અથવા ભૂતકાળની યાદોમાં રમમાણ બનવું એટલે વર્તમાનમાં આપણો સમય વેડફી નાખવા જેવું જ છે. આ કેટલી દુખદ બાબત નહીં?

મારે તમને એ જ કહેવું છે કે ભૂલ નામની બાબત જ હોતી નથી. ખરેખર તો કોઈને નિષ્ફળતા કે ગડબડ જોઈતી નથી હોતી. દરેક જણ સવારે ઊઠે છે અને પોતપોતાનાં કામે બહાર નીકળે છે. પોતાનું કૌશલ્ય, જ્ઞાન, વ્યવસાય અને પોતાના ચરિતાર્થની નોકરી માટે તે દોડતો હોય છે. ખરેખર તો આ ગતિમાં, વિચારમાં આપણે એટલે ખોવાઈ જઈએ છીએ કે આપણું મન ખરા અર્થમાં જાગૃત હોતું નથી. આપણને શાંત જાગરૂકતાની આવશ્યકતા હોઈને મોટી તરલ સાવધાન રીતે અને ક્ષણસ્થ વૃત્તિથી આપણને વર્તમાનમાં દરેક ક્ષણ સંપૂર્ણપણે જીવતા આવડવી જોઈએ. આટલું જ નહીં, તેમાંનો અર્થ અને ચાતુર્ય આપણને કેળવતા આવડવો જોઈએ. તત્કાળ, દક્ષ રહેનારું અને દરેક પળે નવેસરથી સામનો કરનારું નિર્દોષ ખાલી મન જો આપણી પાસે હોય તો આપણે વર્તમાનમાં કાયમ યોગ્ય પ્રતિસાદ આપીશું. અન્યથા આપણું અનાવધાન મોટી સમસ્યા ઊભી કરશે. ખરું અજ્ઞાન એટલે પોતાનું જ્ઞાન ન હોવું, સ્વ ને ન ઓળખવું, આપણામાંનો આ હુંકાયમ સમસ્યા નિર્માણ કરે છે. આપણું મન જ્યારે વિચારમાં ખોવાઈ જાય છે ત્યારે અનાવધાનમાં- નિદ્રામાં હોય છે ત્યારે આપણી હાથમાંથી વર્તમાન સરી જાય છે. આ પછી મનને પોતાના પ્રતિસાદનું પણ ભાન રહેતું નથી. જે સમયે એકાદ અનુભવમા જોખમ છે એવું આપણને ધ્યાનમાં આવે ત્યારે મન બહુ જ સાવધ થઈ જાય છે. સારું- ખરાબ એવું લેબલ ન લગાવતાં તેની પાસે નીડરપણે જોવાન પ્રયાસ કરો.

જે આપણા જીવનમાં બને છે, સારું-સમસ્યાપ્રધાન,
તે દરેક બાબતનું આપણે ડર વિના ભાન રાખવું જોઈએ,
કારણ કે દરેક ઘટનામાંથી એક નવો અર્થ અને

ચાતુર્ય આપણને મળે છે તે નક્કી છે.

૧૨

નવીનક્કોર નવી સવાર

હમણાં રાત્રિના બાર વાગ્યા છે. વધુ એક દિવસનો અસ્ત થયો. આ રાત્રિના ગર્ભમાંથી હવે નવા દિવસનો આરંભ થવાનો છે. નવી સવાર, નવો દિવસ. નવીનક્કોર સવાર. ચકચકિત પાંદડા પરની ઝાંકળ જેવી સવાર તેવો જ દિવસ. સંપૂર્ણ નવો નવાઈનો. આ નવા દિવસની સામે નવેસરથી ન્થી જવું? અત્યંત તેજ ગતિથી ઊજળી ઊઠેલો દિવસ. પૂર્ણ સ્વાતંત્ર્ય અને મુક્તપણે જીવવું મહત્ત્વનું છે. આ દિવસમાંથી માનસિક, આંતરિક અને આધ્યાત્મિક પરિવર્તિત થઈને આગળ જવું મહત્ત્વનું છે. તો જ નવા દિવસે આપણે નવું જગ નિર્માણ કરી શકીશું. આથી જ કહું છું કે સ્વચ્છ મનથી નવા દિવસની સામે જાઓ. હમણાંનો ક્ષણ વધુ અર્થગર્ભ છે તે જાણી લો. મૂળભૂત પરિવર્તન વર્તમાનમાં ચિન્મય હશે તે નિશ્ચિત છે.

કઝાકિસ્તાનની હું હાલમાંજ સહેલગાહ કરીને આવ્યો. તબિયત એકદમ ખુશ થઈ ગઈ. અલ્મેટી શહેર તો અપ્રતિમ છે. પર્વતોની વિશાળ હારમાળા અને સફરજનના મોટા મોટા બાગ. ત્યાંની સંસ્કૃતિ અને મનસંપન્ન લોકો મને બહુ જ ગમી ગયાં. પાછા વળતી વેળા પ્રવાસમાં હું પીટર મેએલનું ગુડ યર નામનું પુસ્તક વાંચતો હતો. તે વાંચતી વેળા મન એકદમ રિલેક્સ થઈ ગયું. પુસ્તક વાંચતી વેળા એક વાક્ય પાસે હું અટક્યો. પીટર લખે છે, 'જીવનભર ઘૂંટણ ટેકવીને શરણાગત મનથી જીવવા કરતાં મૃત્યુનો આનંદ સ્વીકાર કરો**!** ' મને તે રુચ્યું. તમને કહું છું કે મારું મન એકદમ પ્રફુલ્લિત, તાજું અને જીવનની સમસ્યાઓનો સામનો કરવા માટે (નવા દિવસે) સહજ સજ્જ થઈ ગયું.

આવનારો દરેક દિવસ આપણે મુક્તપણે જીવી નહીં શકીએ? આ નવા દિવસે સંપૂર્ણ નવું મન ઘડાય તેનું અપાર મહત્ત્વ છે. પ્રથમ પોતાને 'આ ક્ષણે' ઉપસ્થિત રાખો**!** એકંદરે આપણને 'હમણાં અને અહીં' જીવતા આવડવું જોઈએ. તો જ આપણે નવા દિવસની, જીવનની સામે કોઈ પણ સમસ્યાથી સંપૂર્ણ અવધાન રહીને નવેસરથી જઈશું. એકંદરે દરેક ક્ષણે જીવવાની ક્ષમતા વધારવી જોઈએ. તે ક્ષણોમાં આખેઆખું જગત જોવું જોઈએ. જીવનમાં ફક્ત આ જ ક્ષણ ઘડાતો હોય છે. ક્ષણનો સાક્ષાત અનુભવ અને આનંદ લેવાની કળા સાધવી મહત્ત્વનું છે.

જીવનભર ઘૂંટણ ટેકવીને શરણાગત મને જીવવા કરતાં મૃત્યુનો આનંદ સ્વીકાર કરો.

૧૩

મોટી કૃતજ્ઞશીલતા

થોડા દિવસ પૂર્વે મેં સીએનએન પર લેરી કિંગે લીધેલી કેરેલોન થોમસની મુલાકાત જોઈ. કેરોલોનના આખા શરીરે બેન્ડેજ હતું. તેના મિત્રે જ તેને આ ઈજા પહોંચાડી હતી. તેની ફક્ત એક આંખ ખુલ્લી હતી. જોકે આ અવસ્થામાં બહુ જ ધીરજથી તે લેરીના દરેક સવાલના મોકળાશથી જવાબ આપતી હતી. મિત્રએ આટલી ઈજા પહોંચાડવા છતાં તે તેના વિશે સારું જ બોલતી હતી. ફક્ત પ્રેમ ખાતર જ નહીં પરંતુ મોટી કૃતજ્ઞતાથી તે બોલ્યે જતી હતી.

તે મુલાકાત સાંભળતી વેળા મારું મન કૃતજ્ઞતા એ સંકલ્પના આસપાસ ફરવા લાગ્યું. તમે હૃદયમાં જતન કરેલાં મૂલ્યો, ઉચ્ચતમ ભાવના, સદભાવ અને પ્રેમ- કરૂણાનો બિનશરતી સ્વીકાર પર આપણા વ્યક્તિત્વની ઊંચાઈ નિર્ભર હોય છે. આમાંથી આપણા જીવનની સમજ વધતી હોય છે. આટલું જ નહીં, આપણું પ્રત્યક્ષ જીવન પણ તેની સાથે સુસંગત હોવું જોઈએ. પ્રથમ આપણું જીવન જેમ છે તેમ જોવાનો પ્રયાસ કરો. પ્રેમથી, શ્રદ્ધાથી આપણે અનુગ્રહિત થઈ રહ્યા છીએ એવી ભાવનાથી આપણે કોઈને કાંઈ આપીએ ખરા? અથવા લેતી વેળા પણ તેટલી જ ઉત્કટ કૃતજ્ઞતાથી, કોઈ પણ સંકોચ ન રાખતાં, ઉપકારનો બોજો ન લેતાં આપણે તેનો સ્વીકાર કરીએ ખરા? કોઈ પણ હેતુ ન હોય ત્યારે આપણે કોઈની સાથે ક્યારેય પ્રેમ કર્યો છે? અપેક્ષારહિત આપવામાં સમાયેલું સૌંદર્ય તમને ખબર છે? તમે ફક્ત લેવાદેવાનો જ વ્યવહાર શા માટે કરો છો? તમારા જીવનમાં દાતા, ઉદારતા, કરૂણા, પ્રેમ તેમ જ સદભાવનું કેટલું સ્થાન છે? પ્રેમમાં કોણ કોને કેટલું આપે છે અને કોણ કેટલું લે છે તે સમજાતું નથી. ઘણી વાર આપનારા અને લેનારા એક થઈ જાય છે. કોઈએ કાંઈક આપ્યું તો મોટું મન રાખીને તે લેતા આવડવું જોઈએ. તેના વિશે એકદમ કૃતજ્ઞ થવું જોઈએ, કારણ કે તેમાં જ આપનારાનો આદર થાય છે.

આપણને આપણા જીવનનો પ્રસાદ માતા પાસેથી મળે છે. માતા-પિતા, આડોશપાડોશીઓ, આસપાસનું પર્યાવરણ અને નિસર્ગ, આટલું જ નહીં આપણે દરેક પાસેથી કાંઈક તો લઈએ જ છીએ. નદી પાસેથી તેનું પ્રવાહિત્વ લઈએ છીએ. ખરેખર તો આ માટીમાંથી જ આપણે આવ્યા છીએ. નિસર્ગના જ આપણે સંતાન છીએ. આ વિશે આપણે કૃતક્ષ છીએ? એકંદરે તમારી મનગમતી અને આદરણીય વ્યક્તિ, તમારો વિસ્તાર-ઘર એમ એકથી અનેક બાબતોની એક યાદી તૈયાર કરો. આ યાદીમાં આપણે જેમના વિશે ખરેખર કૃતજ્ઞ છીએ તેમની હોવી જોઈએ. આ કૃતજ્ઞતા વ્યક્ત કરવી એટલે એક રીતે તેમની સાથે સંબંધ જોડવું એવો અર્થ છે. કાળપ્રવાહ સાથે તૂટેલા જોડાણનું બહુ જ કાળજીપૂર્વક જતન કરો. આખરે કૃતજ્ઞતા મહત્ત્વની છે.

તમે જીવનમાં કયાં મૂલ્યોને પોતાનાં કરો છો
તેની પર જ તમારું ખરું મૂલ્ય નિર્ભર હોય છે.

૧૪

કામ પરની પકડ પ્રથમ મજબૂત કરો

ખરું નેતૃત્વ એ કાયમ પોતાની જવાબદારીનું, સંબંધોનું તેમ જ આત્મસર્પણનું ભાવ રાખે છે. આથી આપનું દરેક પગલું જવાબદારીથી ઊંચકવું જોઈએ તેની એક નૈતિક જાણ નેતૃત્વ પાસે હોય છે. આટલું જ નહીં, મનનું નિયોજન અને હૃદયની આગેવાની એ નેતૃત્વમાં લેવા જ પડે છે. બહુ જ સલુકાઈથી અને કરૂણાથી સામેવાળા સાથે આપણો વ્યવહાર અને સંવાદ કરવો પડે છે. શબ્દોનું અને સમયનું મહત્ત્વ ઓળખવું જરૂરી છે. સૌથી મહત્ત્વનું એટલે આવું નેતૃત્વ અત્યંત લવચીકતા ધારણ કરનારું અને કુશાગ્ર હોય છે. હોવું જ જોઈએ.

કાલની જ વાત કરું છું. હું એક રિટેઇલ શોપમાં કરિયાણાનો સામાન ખરીદી કરવા માટે ગયો હતો. મેં મારો સામાન પસંદ કર્યો, લીધો અને કાઉન્ટર પર કતારમાં ઊભો રહી ગયો. કતાર બહુ જ મોટી હતી અને મુખ્યત્વે તે આગળ ખસતી નહોતી. મારા મનમાં થયું કે નિશ્ચિત ક્યાંક કાંઈક ગડબડ થઈ છે. મેં જાણીબૂજીને આગળ ગયો અને તે બાબતનું નિરીક્ષણ કર્યું. આ પછી મારા ધ્યાનમાં આવ્યું કે એક સ્ત્રીએ ભરપૂર સામાન ખરીદી કર્યો હતો. તેનું બિલ બનાવતી વેળા તેનું ડેબિટ કાર્ડ તે કોમ્પ્યુટરમાં અટવાઈ ગયું હતું. જોકે કેશિયર નવો હોવાથી તે ગૂંચવાઈ ગયો. આ અસ્વસ્થ વાતાવરણમાં શું કરવું તેને સૂઝતું નહોતું. આખરે તેની ઉપરનો અધિકારી આવ્યો, તેણે કોમ્પ્યુટરનો કબજો લીધો. આખરે કોમ્પ્યુટર શરૂ થયું અને પછી કતાર ધીમે ધીમે આગળ સરકવા લાગી. મને એટલું જ કહેવું છે કે નેતૃત્વ કરવું, નેતૃત્વ નિભાવવું એટલે આપણી સંપૂર્ણ જવાબદારી અને સંબંધનો ભાર વેઠવો એ જ છે. અનેક વેળા આપણે પોતાની ભૂલ માનતા નથી. તે ગ્રાહક સાથે મોકળાશથી બોલતા નથી. આને કારણે આખું વાતાવરણ બગડી જાય છે. આપણે આપણા કામનો સંપૂર્ણ કબજો લેવો જોઈએ. આપણી મૂંઝવણો ગ્રાહકને પણ સમજાવવી જોઈએ. તો તે પણ તમને મદદરૂપ થઈ શકે છે. જોકે આપણે કશું જ નહીં બોલીએ તો વચ્ચેનું અંતર વધતું રહેશે અને ગડબડનું વાતાવરણ આકાર પામશે.

તમને સાંભળવાનું કદાચ વિચિત્ર લાગશે પરંતુ આહવાનાત્મક પરિસ્થિતિમાં જ નેતૃત્વ કરવામાં તેની ખરી કસોટી થાય છે, રોજના સહજ- સરળ જીવનમાં નહીં.

૧૫

ફક્ત કલ્પના જ કરતા રહેવું અર્થહીન છે

લેખના શીર્ષક વાંચીને તમને કદાચ તે વિવાદગ્રસ્ત લાગી શકે છે, પરંતુ તેવું નથી. અનેક ગુરુ, કલ્પનામાં જ ખરો જશ સમાયેલો છે એવું કહે છે. જોકે વસ્તુસ્થિતિ એ છે કે તે કલ્પના જ્યારે પ્રત્યક્ષ મૂર્ત સ્વરૂપમાં અવતરે છે ત્યારે તેને ખરો અર્થ પ્રાપ્ત થાય છે. અન્યથા આપણે ફક્ત આભાસ ચિત્ર જ નિર્માણ કરી રહીશું. ખરેખર તો આપણા પોતાનામાં આંતરિક સ્પષ્ટતા અને શુદ્ધતા આવી જોઈએ. તે જ ખરી કૃતિ છે, કારણ કે માણસના મનમાં ખરી સ્પષ્ટતા અને વિશુદ્ધતા હોય છે ત્યારે તેના હાથે જે બને છે તે વ્યવહારુ હોય છે, યોગ્ય હોય છે. આ વસ્તુસ્થિતિ આપણે ધ્યાનમાં લેવી જોઈએ. અનેક વાર કલ્પના બહુ જ સુંદર હોય છે પણ તે જો પ્રત્યક્ષમાં નહીં આવે તો?

આસપાસના જગતમાં અમુક પ્રતિભાશાળી વિચારકો છે જેઓ ફક્ત બોલતા નથી પરંતુ પ્રત્યક્ષ આચરણમાં લાવે છે, કારણ કે તેઓ કૃતિશીલ વિચારકો હોય છે. જર્મન કવિ ગોએથ કહે છે, 'તમે જે સપનાં જુઓ છો તે પ્રત્યક્ષમાં લાવવાનો આજે જ આરંભ કરો. તમારું ચૈતન્ય તે કૃતિમાં જ સમાયેલું છે.' વૈશ્વિક દરજ્જાની અલૌકિક વ્યક્તિ સદૈવ કૃતિશીલ રહી છે. તેમની કલ્પનાશક્તિ જેટલી અલૌકિક હોય છે તેટલી જ તેમની પ્રત્યક્ષ કૃતિ પણ.

આથી આપણા આચાર-વિચારમાં એકરૂપતા રાખો. યોગ્ય વિચાર યોગ્ય જગ્યાએ આપણને કરતા આવડવું જોઈએ. જીવન પોતાનું કરવાનો એક માર્ગ એટલે જીવનની અને વ્યાપક કલ્પના સાથે તેની કૃતિની જવાબદારી સ્વીકારો. એક આંતરબાહ્ય શિસ્તમાં આપનું જીવન વ્યતિત કરો. મુખ્યત્વે વાસ્તવનું ભાન રાખીને તેનો યોગ્ય સન્માન કરો. સમસ્યાઓને તકમાં રૂપાંતર કરો. આપણી આંતરિક ઊર્જાનું યોગ્ય ઉપયોજન કરો, તેમાં જ ખરો જશ સમાયેલો છે. તમે પ્રત્યક્ષ હાથ- પગ હલાવશો નહીં ત્યાં સુધી કશું બનશે નહીં એ કાયમ યાદ રાખો.

**આ જગ મહાન વિચારકોથી ભરેલું છે.
બદનસીબે આ વિચારકોને પોતાની મહાનતાનો
ખ્યાલ હજુ આવ્યો નથી.**

૧૬

આંખો ખુલ્લી રાખો, જાગરૂકત રહો

સવારનો સમય. હું રાબેતા મુજબ રસ્તા પરથી મોર્નિંગ વોક કરતો હતો. સહજ મારું ધ્યાન રસ્તાની કોરે ગયું. ત્યાં એક કાર ઊભી હતી. તેનું ઍન્જિન ચાલુ હતું અને પાછલી સીટ પર એકદમ નાની છોકરી બેઠેલી હતી. તે છોકરીના પિતા સામેના કોફી શોપમાં કોફી લેતા હતા. આ દશ્ય જોઈને હું હતપ્રભ રહી ગયો. કોફી મહત્ત્વની કે પુત્રી?

કાળ ઝડપથી બદલાય છે અને આપણે પણ આપણા ચરિતાર્થના ચક્રમાં પોતાને ઝુકાવી દીધા છે. આ ચક્રે આપણને એટલા ઝપટમાં લીધું છે કે અન્ય કશું જ કરવાનો સમય મળતો નથી. આપણે તે ગતિમાં જ પોતાને ગુમાવી બેસીએ છીએ. પ્રસિદ્ધ તત્ત્વચિંતક બર્ટ્રાન્ડ રસેત કહે છે, 'અનેક લોકો એ વિચાર કરવા કરતાં મૃત્યુને જ વધુ પસંદગી આપે છે.' (અનેક જણ આવા હોય છે) માણસ નામનું પ્રાણી જ ફક્ત યોગ્ય વિચાર યોગ્ય જગ્યાએ કરી શકે છે. આપણી પાસે કલ્પનાતીત કલ્પનાશક્તિ અને પ્રતિભા છે. જોકે અનેક વાર આપણી પાસેની વિચારશક્તિ ગુમાવીને આપણે વાનર, કૂતરાના સ્તરે આવીને આખા શારીરિક સ્તર પર જીવતા રહીએ છીએ.

રોજના દિવસ નવો હોય છે. નવેસરથી નવીનતાની સામે જવા માટે અને મુખ્યત્વે આપણું નેતૃત્વ (આપણા મનગમતા ક્ષેત્રમાં) સર્વાર્થે સિદ્ધ કરવા માટે જીવવાની એક મોટી તક આપણને મળતી હોય છે. આથી જ દરેક ક્ષણમાં સુગંધ અને હોશિયારી લઈને આપણે પરફોર્મન્સ સો ટકા આપવું આવશ્યક પણ અનિવાર્ય છે. તો અને તો જ આપણા હાથે કાંઈક સૃજનશીલ અને અસામાન્ય બની શકે છે. અન્યથા આપણે ફક્ત ઋતુચક્ર જ ઢકલતા રહીશું. સમયનું યોગ્ય નિયોજન કરીને આપણે સ્વધર્મ સંપૂર્ણપણે નિભાવવો જોઈએ. કોઈ પણ મહાસંકટ આવ્યું તોય પોતાનો સદભાવ છોડતા નહીં! ખરું નેતૃત્વ આપણી અંદરનું બધું ચૈતન્ય, આપણા હૃદયના પ્રાંતમાં રેડતું હોય છે. એકંદરે તરલ સાવધાન રહેવું અને આપણી સ્થિતિ- ગતિનું સતત ભાન રાખવું આવશ્યક છે.

આથી તમારું મન, આંખો એકદમ ખુલ્લાં રાખીને બહુ જ સતર્કતાથી દરેક ક્ષણ સંપૂર્ણપણે જીવો. શુદ્ધ અને સ્પષ્ટ વિચાર જ આખરે તમને મહાનતા ભણી લઈ જશે. યોગ્ય વિચાર યોગ્ય જગ્યાએ કરો. જીવનનું, ઘટનાનું સંપૂર્ણ અને સમગ્ર સામર્થ્યની અવલોકન કરીને આકલન કરો. અન્યથા તમે પણ તે કારવાળાની જેમ બેફિકર રહેશો!

આપણે આપણી જાગરૂકતા- તરલ સાવધાનતા અનેક વાર ગુમાવી બેસીએ છીએ. ખરેખર તો અનાવધાનથી જ અનેક સમસ્યા ઊભી થાય છે.

૧૭

વૈભવશાળી પ્રતિક

ઠંડીની અપ્રતિમ સવાર. હું દીકરાને શાળામાં મૂકવા જતો હતો. ઠંડીમાં સૌંદર્યના આનંદથી નિસર્ગનાં દરેક પાન, ફૂલ તેમ જ દરેક વૃક્ષ જોનારાને વિલક્ષણ આનંદ આપતાં હતાં. ખરેખર તો આ સૌંદર્ય તેડ્યા વિના જ મારાશાંત મન પાસે આવતું હતું. મંદ ઠંડા પવનનો શરીરે સ્પર્શ થયો અને મેં ક્ષણભર આંખો બંધ કરી દીધી. તે ઠંડો સ્પર્શ સર્વાર્થે અનુભવ્યો. મારા તન- મનનાં બધાં જ્ઞાનેન્દ્રિયો સહજ રીતે પ્રફુલ્લિત થયાં. તે વેળા જગતના સર્વોચ્ચ આનંદનો મને અહેસાસ થયો. ખરેખર આવું સૌંદર્ય માણવા માટે આપણું મન તરલ સાવધાન હોવું જોઈએ એ નક્કી છે! ખરેખર તો આપણે આપણી અંદર જ એટલા ખોવાઈ જઈએ છીએ કે આસપાસના નિસર્ગ પાસે આપણે જરાય નજર કરતા નથી. અચાનક એક કાર અમારી નજીકથી બહુ જ તેજગતિથી પસાર થઈ. તેના અવાજથી હું ક્ષણવારમાં ભાનમાં આવ્યો. મારો દીકરો જોકે તે કાર પાસે જોઈને હસતો હતો.

કોલ્બાય તો કહે છે કે તેના મિત્રના પિતા તેમની કાર ખૂબ જ સાવધાન રહીને અને ડ્રાઇવિંગનો આનંદ લઈને ચલાવે છે. તે ડ્રાઇવિંગ કરી રહ્યા છે એવો અહેસાસ પણ થતો નથી. એકદમ સહજતાથી તેઓ કાર ચલાવે છે. આ સાંભળીને મને બહુ જ આશ્ચર્ય થયું અને આનંદ પણ. ખરેખર જે તે ક્ષણે જીવવાની કળા આપણે સાધવી જોઈએ. ખરેખર તો આપણે આગલો ક્ષણ પકડવા માટે કાયમ ધાંધલ કરીએ છીએ. ખરેખર તો વર્તમાનમાંનો દરેક ક્ષણ બહુ જ જાગરૂકતાથી આપણને જીવતા આવડવો જોઈએ. મુખ્યત્વે તેમાંની સુગંધનો આનંદ લેતા આવડવો જોઈએ. વર્તમાનમાંની અર્થગર્ભતાનીજાણ થવી જરૂરી છે. આવું થાય તો ક્ષણમાંની વૈભવશીલતા આપણે પકડી શકીશું. ખરેખર તો આપણાં આંતરિક જીવનની સંપૂર્ણ સુવ્યવસ્થા આપણને સાધતા આવડવી જોઈએ. ખરેખર તો આપણે વ્યક્તિગત જીવનમાં સૌ ચિંતા સાથે તાણતણાવ સાથે અત્યંત દુરાવસ્થાનું અને અવ્યવસ્થિત જીવન જીવતા હોઈએ છીએ. સાચું છે ને? પ્રથમ પોતાનું આંતરિક જીવન, ઘર, પોતાનું મન સુવ્યવસ્થિત કરો. આ પછી મનમાં કોઈ પણ સંઘર્ષ રહેશે નહીં. આવું શાંત મન સંપૂર્ણ વર્તમાનમાં રહીને જીવનને પ્રતિસાદ આપી તેમાનું વૈભવ અને સૌંદર્ય વધારી શકશે.

અસામાન્ય લોકો પોતાની શોધ પાસે ખાસ ધ્યાન કેન્દ્રિત કરે છે. બલકે, તેઓ કાયમ તે જ વિશ્વમાં રાચે છે. તે જ તેમનું કેન્દ્ર હોય છે. જોન રેસલેનું ઉદાહરણ જુઓ. (શુદ્ધ પાણીની તંત્રપ્રણાલી મોટા પ્રમાણમાં વિકસિત કરનાર. તે કહે છે, મને જો એકાદ મોટા વ્યવહાર કે શોધ કરવાની હોય તો હું દિવસરાત તે જ વિચારમાં રહું છું). આટલું જ નહીં, અમુક જણ પોતાના બાથરૂમની ભીંત પર પોતાને સાધ્ય કરવાના ધ્યેય લખી રાખે છે અને

રોજ દાઢી કરતી વેળા પોતાને જ પ્રત્સાહિત કરે છે. સુંદર કલ્પના છે નહીં? પ્રતિકોનો ઉચિત ઉપયોગ કરો અને જુઓ ચમત્કાર**!**

**ખરેખર તો આપણને જે સાધવું છે તે કાયમ,
દિવસરાત આપણી સામે હોવું જોઈએ. તેને જ કેન્દ્રમાં રાખો.
તેનું જ ઘેલું હોવું જોઈએ.**

૧૮

સંવેદનશીલ સમજદારી

જ્યોર્જ બર્નાર્ડ શોનું વાક્ય મારા મનમાં એકદમ કોરાઈ ગયું છે. તેઓ કહે છે, 'સંવેદનશીલ અને બહુ જ સમજદાર માણસ આખા જગતને પોતાની અંદર સમાવી લે છે.' એક ધ્યાનમાં રાખો કે દુઃખ સમજી લેવા માટે પોતાનાથી આરંભ કરવો જોઈએ, પોતાને વધુમાં વધુ જાણવું જોઈએ, કારણ કે મુક્ત સૃજનશીલ સ્થિતિ- ગતિ આત્મજ્ઞાનમાંથી જ આવે છે. ખરેખર તમારા- અમારા બધાનાં જ મન આસક્તિમાં, સંચયમાં અટવાયેલા હોય છે. આથી આ આસક્તિની માયાજાળમાં આવી ન જતાં, એટલે કે કોઈ પણ મિથ્યાભાસ નિર્માણ ન કરતાં પોતાના વાસ્તવની સામે જવું જોઇએ. મુખ્યત્વે વાસ્તવનું સન્માન કરો. એક ધ્યાનમાં રાખો કે કોઈ પણ નિરાશવાદી ઘટના બને એટલે આપણે તરત ઉદાસ થઈ જઈએ છીએ. આપણા હાથ-પગ અને ભાવભાવનાઓને સંકુચિત કરી દઈએ છીએ અને વાસ્તવની સામે જતા જ નથી. અપજશથી ગભરાતા નહીં! ડર અને દુઃખ આસક્તિ સાથે જ આવે છે. આથી જે છે તે જોવાનું શીખો. મન વિરુદ્ધ બનેલી બાબત અથવા મન જેવી ન હોય તે ક્ષણ એ બધું જ જ્યાંનું ત્યાં હોય છે. જોકે આપણે ઊંડી ખીણમાં ખૂંપતા જઈએ છીએ. ડર દુઃખને વધારે છે. એકાદ બાબતનો પ્રયાસ કરવા પૂર્વે પોતાની ક્ષમતાનું મૂલ્યમાપન કરતા નહીં! ઊલટું, આ મને ફાવશે અને હું તે કરીને જ રહીશ એવી ભાવના મનમાં રાખો.

પરિસ્થિતિ માણસને દુબળા બનાવતી નથી પરંતુ આપણો તેની પ્રત્યે જોવાનો અભિગમ આપણને નાસીપાસ થવાની ફરજ પાડે છે. આથી જે વાસ્તવ છે તેની સાથે કોઈ હિલચાલ ન કરવા પ્રયત્નશીલ રહો. તમારી અક્રિય સાવધાનતા અને સંવેદનશીલતા બધું જ ઘડશે. આ પછી તમને ધ્યાનમાં આવશે કે આપણે મૂળમાં બદલવું જોઈએ અને તે જ મહત્ત્વનું છે. આપણને જીવન પરિપૂર્ણતાથી અને રસ લઈને જીવતા આવડવું જોઈએ. ચૈતન્યનો, ઊર્જાનો અને સ્ફૂર્તિનો એક સ્રોત આપણી અંદર જ હોય છે એ કાયમ ધ્યાનમાં રાખો. આપણે રસ લીધેલી બાબતોમાં પોતાને ઝુકાવી દો. આપણી અંદર જોઈએ તેવો ફેરફાર કરવો એ ફક્ત આપણા હાથમાં જ છે. આખરે, પરિવર્તન એ આપણે જ આપણી અંદર ઘડવાનું છે તે ધ્યાનમાં રાખો.

ધ પ્રોફિટ માં ખલિલ જિબ્રાને એક જગ્યાએ કહ્યું કે 'સુખ- સમાધાનની વાસના જ આત્માનો વિનાશ કરતી હોય છે.' ખરેખર તો અભિલાષાનું પોલાપણું આપણા ધ્યાનમાં આવે એટલે પ્રજ્ઞા જાગૃત થાય છે અને તેમાંથી પરિસ્થિતિ સાથે આપણે સમગ્ર સંબંધ પ્રસ્થાપિત કરીએ શકીએ છીએ.

ટીકાકારો કાયમ દ્રષ્ટા વિચારકો પાસે જોઈને હસતા હોય છે.
જોકે દ્રષ્ટાઓ તેમની પાસે સહજતાથી દુર્લક્ષ કરે છે.

૧૯

દરેકનું અંદરનું નેતૃત્વ સરખું હોતું નથી

મારા એક સેમિનારમાં મેં કહ્યું કે 'દરેકમાં નેતૃત્વગુણ હોય જ છે.' સેમિનાર પૂરો થયા પછી સૌ એક્ઝિક્યુટિવ્ઝ મારી ફરતે ટોળે વળ્યા અને મને તે વિશે વધુ પૂછ્યું. સામાન્યપણે દરેક કંપનીમાં સમકાલીન ઔદ્યોગિક- વ્યાવસાયિક પ્રવાહ જાણનારા કોર્પોરેટ જગતના અમુક વિદ્વાન હોય છે. તે પોતાની નિપુણતાથી પોતાના પ્રતિસ્પર્ધીઓ કરતાં ચાર ડગ હંમેશાં આગળ રહે છે અને કંપનીને ફાયદો કરી આપવાનો પ્રયાસ કરે છે. આ બધું ઠીક છે પણ મને અલગ કહેવું છે.

મને એવું કહેવું નથી કે દરેકમાં નેતૃત્વગુણ હોય છતાં દરેકે પોતાનું એકાદ અલગ યુનિટ ચલાવવું. મારા કહેવાનો અર્થ એ છે કે દરેકે પોતાના નેતૃત્વગુણને પારખી લેવું જોઈએ અને તે ચૈતન્યબિંદુને સર્વસ્વ સાથે વિકસિત કરવું જોઈએ. અર્થાત, તે માટે તમે એકાદ સંસ્થામાં અથવા વ્યવસ્થામાં હોવા જ જોઈએ એ જરૂરી નથી.

દાખલા તરીકે, મને યુ-ર બેનો નામનો હાલનો અવ્વલ ગાયક બહુ જ ગમે છે. લેરી મ્યુલેનનો ડ્રમ પ્લે પણ બહુ જ ગમે છે. બંને પોતપોતાની જગ્યાએ એકદમ યોગ્ય છે. પણ ધારી લો કે હું બંનેની જગ્યા બદલી કરું તો? ચાલશે? યુ-ર બેનો લેરીની જેમ ડ્રમ પ્લે કરી શકશે? નહીં ને. તે જ તો. દરેકનો પ્રકૃતિ, પિંડ અને સ્વભાવ અલગ અલગ હોય છે. આટલું જ નહીં, દરેકનું સામર્થ્ય કેન્દ્ર પણ જુદું જુદું હોય છે. ફક્ત આપણે જે કાર્યક્ષેત્રમાં કામ કરીએ છીએ તેમાં ઉત્કૃષ્ટ હોવું જોઈએ એ નક્કી છે! આથી દરેકનું નેતૃત્વ સમાન ન હોય તો પણ દરેક જણ પોતપોતાના મનગમતા ક્ષેત્રમાં અસામાન્ય હોય છે, હોવા જ જોઈએ! તેણે ત્યાં સો ટકા પરફોર્મન્સ આપવો જ પડે! મહત્ત્વનું એ છે કે આપણા દરેક ડગ બહુ જ જવાબદારીથી, પ્રેમથી અને આત્મસમર્પણ સાથે મૂકવા જોઈએ એ નિશ્ચિત છે! દરેકે પોતપોતાની જવાબદારી સંપૂર્ણ ચૈતન્ય સાથે નિભાવી તો એક નવી સંસ્કૃતિ, એક નવું જગ આકાર પામશે.

એકંદરે હકારાત્મકતા અને સ્વ-કર્મમગ્નતામાંથી પોતાની પ્રતિભા અને તેજ પ્રદર્શિત કરો. સમસ્યા પાસે- અવરોધ પાસે વિકાસની- પ્રગતિની તક તરીકે જુઓ. સામાન્ય માણસો ફક્ત જરૂર પૂરતો સમય આપે છે. પણ તમે પોતાનું સામાન્યપણું નકારીને પોતાના ગ્રાહકને વધુ આપવા માટે મહેનત લો. તમારું નેતાપદ અને મોટાઈ એ તમે આપેલી સેવા કરતાં આગળ જઈને વધુ સેવા આપવામાં જ રહેલું છે તે ધ્યાનમાં રાખો. દરેકનું આવું જવાબદારીભર્યું અને પ્રેમભાવપૂર્વકનું ઉત્કૃષ્ટ જીવવું જ જીવનને સૌંદર્યવાન બનાવે છે એ નિશ્ચિત છે!

દરેકમાં નેતૃત્વની હોશિયારી હોય જ છે. પણ તેનો અર્થ એવો નથી કે દરેકે પોતાની કંપનીનું અને વ્યવસ્થાનું નેતૃત્વ કરવું.

૨૦

હું મારીભૂલોમાંથી ઘણું બધું શીખું છું

ખરેખર તો દરેકને હાથેથી ભૂલ થાય જ છે. આપણે માણસ છીએ. આપણી ભૂલોમાંથી, અપજશમાંથી આપણે ઘણું બધું શીખવા મળે છે. દરેક જણ આ રીતે જ વિકસિત થઈને પરિપક્વતાની દિશામાં જાય છે. જે લોકો આપણી ભૂલોમાંથી કોઈ જ બોધ નથી લેતા તેઓ જીવનથી કોઈ બોધ લેતા નથી એવું જ કહેવું પડશે. આથી 'સ્વ'ને સર્વાર્થે જાણવું મહત્ત્વનું છે. ખરેખર તો આત્મશોધ એ જ જીવનનો પાયો હોવો જોઈએ.

'મહાનતાના માર્ગદર્શક'ના પહેલા! ભાગમાં હાર્વે કિટેલ અને 'તકની બારી' લેખમાં મેં આ જ કહ્યું છે કે 'આવનારા દરેક દિવસે તમારું આયુષ્ય તમારા માટે એક તકની બારી ખોલતું હોય છે. અર્થાત તમે તેને કેટલો પ્રતિસાદ આપો છો તેની પર જ તમારું વિધિલિખિત આધાર રાખે છે.' હેન્રીકિટલને (રિઝર્વોયર ડગ્ઝ ફિલ્મનો અભિનેતા) મળવાની તક મને મળી હતી. પણ ફક્ત મારા ડરને કારણે અથવા નકારવામાં આવવાના ડરને કારણે મેં તે તકને દબાવી રાખી હતી. તે સમયે થયેલી ભૂલ હવે આપણે ફરી કરવી નહીં એવો નિશ્ચય મેં કર્યો હતો. હાલમાં બનેલી એક ઘટના. હું મારા પ્રકાશક સાથે મિટિંગ પૂરી થતાં જ મારી મનગમતી જાપાની રેસ્ટોરાંમાં ગયો હતો. તમને કહેવા માગું છું કે ત્યાં આગલા ટેબલ પર એરિક ક્લેપ્ટન બેઠેલો હતો. હું છક થઈ ગયો.

હવે આ વખતે હાથમાં આવેલી તક મારે ગુમાવવી નહોતી. હું પોતે આગળ ગયો અને તેમની સાથે ઓળખ કરી. અમે અમુક સમય એકબીજા સાથે વાતો પણ કરી. તેમાંથી મને તેમની વિચાર કરવાની અને રજૂ કરવાની રીત સમજાઈ. ખરેખર આ નાના સંવાદમાંથી આપણે ઘણું બધું શીખી શકીએ છીએ. ફક્ત સંપૂર્ણ ઘટના પાસે આપણી અંતરમુખતા અને સમગ્રતાથી જોતા આવડવું જોઈએ. તો આપણા જીવનનો ઓફ નવો અર્થ અને શાણપણ મળી શકે છે. ચાર્લોસ કાસ્ટાનેડાએ એક જગ્યાએ કહ્યું છે કે 'દરેક સેન્ટિમીટરના ટુકડા પર સમયસર એક નવી તક તમને મળવા આવતી હોય છે.' એકદમ સાચું છે નહીં?

ખરેખર તમે જીવનમાં, દરેક બાબતથી શીખતા હો છો. તમારા મનના દરવાજા જો ખુલ્લા હશે તો આખું વિશ્વ તમારી સામે ખુલ્લું છે. મુખ્યત્વે તમારું મન વિમુક્ત હોવું જોઈએ અને ઉત્સુક પણ. નવું શીખવા સમર્થ થવાનું મહત્ત્વ અને તે વિશેની ઉત્કટ આવશ્યકતાને જીવનમાં અપાર મહત્ત્વ હોય છે. ડર અનુભવો અને જીવનની સામે નિર્ભયપણે સામે જાઓ. હેતુવિરહિત પ્રેમનાં દર્શન કરીને જીવવાનું શીખો! પણ જો તમે શીખવાનો પ્રયાસ નહીં કરો તો તમારી અંદરની પ્રજ્ઞા કઈ રીતે જાગૃત થશે?

જો તમે શીખવાનો પ્રયાસ કરશો નહીં તો તમારી પ્રજ્ઞા કઈ રીતે જાગૃત થશે?

૨૧

અંતર્મુખેથી પ્રભાવી પ્રશ્ન પૂછો

સમસ્યાના ચોક્કસ- અચૂક ઉત્તર માટે તેના મૂળમાં આપણે ઘૂસવું જોઈએ. દરેક સમસ્યાના અંતર્ભાગમાં તમને સર્વાર્થે વિકસિત કરવા માટે તક ધરબાયેલી હોય છે. આ તક માટે તમારે સમસ્યા- જીવન સાથે સતત સંવાદ સાધવો જોઈએ. યોગ્ય પ્રશ્ન- યોગ્ય જગ્યાએ પૂછવા જોઈએ. પ્રશ્ન પૂછવામાં ડરવું એટલે સમસ્યાને નકારવી અને સમસ્યાને નકારવી એટલે આગળ આવનારી મહાનતાને નકારવા જેવું છે. અનેક વાર સમસ્યા ટાળવું તે એક રીતે આપણા વિકાસ-પ્રગતિને અટકાવવા બરાબર છે. આથી કહું છું કે સમસ્યાના મૂળમાં જાઓ અને યોગ્ય પ્રશ્નમાંથી તેનો ઉકેલ લાવો. જો ખાવું થાય તો તમારાં જખમોને તમે ચાતુર્યપૂર્ણ રીતે રૂપાંતર કરી શકશો! પ્રશ્ન પૂછવો એટલે વાસ્તવનું સન્માન કરવું. જે છે તે જોવું. આ અવધાનમાં આત્મશોધ જોઈએ, હુંપણું ન હોવું જોઈએ. ખરેખર તો અનેક વાર આપણે પોતાને પ્રશ્ન પૂછવા ગભરાઈએ છીએ, કારણ કે મળનારા ઉત્તરથી પોતાનું સત્ય સ્વરૂપ આપણી સામે દેખાવાનું હોય છે અને તે આપણને જોઈતું નથી હોતું. બરોબર છે ને?

નીચે મેં છ આત્મશોધક પ્રશ્ન પૂછ્યા છે. વચ્ચે નેતૃત્વ સંબંધે મેં જે સેમિનાર લીધો તે સમયે દરેક સામે મેં આ પ્રશ્ન મૂક્યા હતા. મને એવું લાગે છે કે તમે આ પ્રશ્ન પોતાને જ સીધો પૂછો.

- મારા કામમાં- જીવન જીવવાની ગુણત્તામાં શેનાથી ફરક પડી શકશે? (તે દષ્ટિથી મારે જીવવું કેવું હોય, હોવું જોઈએ?
- આગામી ૯૦ દિવસમાં વ્યક્તિગત તેમ જ વ્યાવસાયિક જીવનમાં અમુક મહત્ત્વની બાબતો બનવાની છે? કે હું આ રીતે જ ઋતુચક્ર ધકેલતા જીવવાનું છું? મારા કામમાં- નિત્યક્રમમાં- જીવનક્રમમાં કોઈ નિયોજન છે? તેની પાછળ યોગ્ય વિચાર છે?
- સામેની વ્યક્તિનો હું યોગ્ય આદર કરું છું? વાસ્તવની- સમસ્યાની સામે હું કઈ રીતે જાઉં છું? સમસ્યા પાસે હું એક તક તરીકે જોઉં છું?
- વ્યાવસાયિક તેમ જ વ્યક્તિગત સ્તરે હું મારો વિકાસ કઈ રીતે સાધી શકીશ?
- મારા જીવનમાં- વ્યવસાયમાં મારું વર્તન દાક્ષિણ્યશીલ- કૃતજ્ઞશીલ છે?
- મેં મારા ભાવિ આયુષ્ય માટે- નિવૃત્તિ વેતન માટે વ્યવસ્થા કરી રાખી છે?

આ છ પ્રશ્ન પોતાને અંતર્મુખે પૂછો અને તે મુજબ નિયોજન કરો અથવા પોતાની અંદર પરિવર્તન લાવવાનો પ્રયાસ કરો. કાલે નહીં, હમણાં જ કરો. અહીં મને માર્ક ટવેનના શબ્દ યાદ આવે છે: દરેક માનવી પોતાનો પૂરતો પણ સંપૂર્ણ સંતુષ્ટ હશે તો ખરા હીરોની જરૂર

જ નહીં પડે.

વ્યવસાયમાં અને વ્યક્તિગત જીવનમાં અપરિમિત યશવૈભવ આપણને પ્રાપ્ત કરવું હોય તો આત્મશોધકતાથી પોતાને પ્રશ્ન પૂછતા રહો. તો અને તો જ તમારો ઝડપી વિકાસ થઈ શકશે.

૨૨

વિનયશીલતાનું મહાત્મ્ય

સવારની પહોર. ગૂઢ આશયથી પરિપૂર્ણ એવો આ સૌથી પવિત્ર સમય. હું આરામખુરશીમાં બેસીને કોફીના ઘૂંટડા ભરતો હતો. સાથે પરફેક્ટ વર્લ્ડ નું સંગીત પણ સાંભળતો હતો. આસપાસ નિઃસ્તબ્ધતા હતી. મારા મનમાં એકાંતનું, શ્રીમંતીનું અને સમૃદ્ધિનું વાતાવરણ રમતું હતું. હુંમરા વિચારોમાં હતો. અચાનક વિનયશીલતાના મહાત્મ્યનો વિચાર મનમાં ચમક્યો. મનની વિનયશીલતાને વધુ મહત્ત્વ અને વધુ અર્થગર્ભતા છે.

કેનેડામાં સૌથી શ્રીમંત વ્યક્તિ કેનિથ થોમસનનું હાલમાં જ થોડા દિવસ પૂર્વે નિધન થયુ. આ વ્યક્તિ ગર્ભશ્રમિંત હોવા છતાં બહુ જ સાદો અને કમાલનો નમ્ર હતો. ધ ગ્લોબ એન્ડ મેલ એ કેનેડાના મુખ્ય અખબારમાં તેનું વિસ્તૃત ચરિત્ર રેખાંકિત કરાયું હતું. અ બિલિયોનેર્સ બ્રેકફાસ્ટ એવું તે લેખનું નામ હતું. મને બહુ જ આશ્ચર્ય થયું અને જાણતાઅજાણતા હું તે ચરિત્રમાં વધુ ને વધુ પરોવાતો ગયો. દર અઠવાડિયાના છેલ્લા દિવસે કેનિથ પોતાની ઓફિસ નજીક એક સાદી, નાની હોટેલમાં જમવા જતો. અચૂક જતો. ત્યાં તે પેટ ભરીને જમતો.

તે જ લેખમાં હોટેલ માલિકે કેનિથ વિશે બહુ જ પ્રેમભાવપૂર્વકના ઉદગાર કાઢ્યા છે. કેનિથનું તેમણે શબ્દોમાં કરેલું ગૌરવ વાંચીને મારું મન ખરેખર ભરાઈ ગયું. કેનિથની દરેક કૃતિ એ સહજ કૃતિ રહેતી. તેના બોલવામાં, વર્તણૂકમાં કોઈ આવિર્ભાવ કે અહંકાર નહોતો. એકંદરે આ સહજ કૃતિનો મૂળ સ્રોત નોખો હતો. સાદગી અને અપાર વિનયશીલતા તેના જીવનની દિશા હતી. તેમનો આનંદી સ્વભાવ અને માનવી પ્રત્યેનો પ્રેમ તેમની પાસે જાણે પાંગરતો હતો. તે હોટેલના કર્મચારીઓ સાથે હસીમજાક કરતો. આટલું જ નહીં, તે એક વાર મૂડમાં હતો ત્યારે હોટેલના સ્ટાફ સાથે તેણે પોતાની એક તસવીર પડાવી લીધી અને તેની કોપી દરેકને ભેટમાં આપી. કેનિથ થોમસનનું મૂલ્ય હોટેલના તે માલિકના મતે બહુ જ મોટું હતું અને તે સાહજિક છે.

કેનિથ થોમસન હવે આ વિશ્વમાં નથી. જોકે લોકો આજે પણ તેની સાદગી વિશે, કમાલની નમ્રતા વિશે બોલતા થાકતા નથી. પોતે કાયમ હસમુખ હોવાથી લોકો તેની પાસે સહજતાથી આકર્ષિત થતા હતા. કેનિથનું ચરિત્ર આપણા જીવન વિષયક વિચારોમાં પરિવર્તન લાવવા ફરજ પાડે છે.

સાદગી અને કમાલની વિનયશીલતાને જીવનમાં વધુ મહત્ત્વ અને અર્થગર્ભતા છે. આ સુસંસ્કૃત વારસો આપણે જીવની જેમ સંભાળવો જોઈએ!

૨૩

શાંત પરિપક્વ વ્યક્તિત્વની બ્રાન્ડ

ખરેખર તો તમે પોતે જ (વ્યાપક અર્થમાં) એક બ્રાન્ડ છો. લોકો જ્યારે તમારું નામ સાંભળે છે ત્યારે અજાણતા તમારી એક પ્રતિમા અથવા તમારા વિશે ભાવના તેમના મનમાં આકાર પામે છે. આપણે પણ તે પ્રતિમા વધુ પ્રતિષ્ઠિત રૂપમાં વધારવાનો પ્રયાસ કરીએ છીએ. એકંદરે આપણી અસ્મિતા, આપણું અસ્તિત્વ અને આપણો અભિમાન આ બધામાંથી આપણું વ્યક્તિત્વ, આપણી એક બ્રાન્ડ આકાર પામે છે. અર્થાત, જે વ્યક્તિનું હોય છે તે જ એકાદ કંપનીનું હોય છે. કંપનીની શ્રેષ્ઠતા અને ગુણવત્તા એ તેના ઉત્પાદનમાંથી રેખાંકિત થતી હોય છે. તેમાં પણ ઉત્પાદનની ગ્રાહકાભિમુખતા અને અત્યંત ઉપયોગીતા તેમ જ ટકાઉપણું આ સૌમાંથી કંપનીની, તેનાં ઉત્પાદનની અથવા આ બંનેની ગુણવત્તા સંબંધીની પ્રતિમા બ્રાન્ડ પ્રદર્શિત કરતી હોય છે. તે બ્રાન્ડની ક્રાંતિકારકત્વ, સ્વત્વ, ગુણાત્મક તેમ જ મૂલ્યાત્મક ઓળખ બ્રાન્ડને તૈયાર કરવાની હોય છે. તમારા પોતાના વ્યક્તિગત વ્યક્તિત્વ વિશે કહેશો તો એક શાંત અને પરિપકવ વ્યક્તિત્વની ઓળખ લોકોને કાયમ ગળે ઊતરવી જોઈએ એ નિશ્ચિત છે!

હવે એફલ, વર્જિન, ફેટ ફાર્મ અને પ્રાદા એમ અનેકાનેક કંપનીઓનું અસ્તિત્વ, મોટાપણું તેમ જ ગુણવત્તા સાથે વિધવિધ પ્રતિમા તેમની બ્રાન્ડમાંથી પ્રતિધ્વનિત થતી હોય છે. અનેક વાર તે બ્રાન્ડની ફક્ત ઉચ્ચારથી આપણી છાતી ગર્વથી ફુલાઈ જાય છે, કારણ કે તે બ્રાન્ડ પ્રતિષ્ઠિત હોય છે અને તેની સાથે તેનું આપણા ઘરમાં હોવું એ એક પ્રકારે ગર્વની અને સર્વાર્થે એકાદ મિત્રની જેમ ઉપયોગી પણ ઠરનારી હોય છે.

એક વાત ધ્યાનમાં રાખો કે તમે અથવા તમારી કંપની જો પૂરતી પરિપક્વ અને ગ્રાહકાભિમુખ હશે, ઉત્પાદનની કિંમત વાજબી હશે અને લોકપ્રિય હશે તો બ્રાન્ડની પ્રતિમા અને પ્રભાવ પરિણામકારકતા કેવી હશે તેની તમે સહેજે કલ્પના કરી શકો છો! અર્થાત, આ પ્રતિમા સતત બદલાતી જતી હોય છે તેથી આપણે આપણા ઉત્પાદન બાબતે અને પ્રતિમા બાબતે બહુ જ સતર્ક અને તરલ સાવધાન રહેવું પડે છે.

તમારી ટીમના દરેકને સ્ટીવ જોબ અથવા સલ્વાદાર ડાલી, રસેલ સિમન્સની ગુણવત્તા અને પ્રતિમા- સૈલી પ્રાપ્ત થઈ શકશે?

૨૪

સંઘર્ષનું નિવારણ ધીરજથી લાવો

ખરેખર તો દરેક જણ સંઘર્ષથી દૂર ભાગે છે. જીવન સીધુંસાદું હોય છે પણ આપણે તે વધુ ગૂંચવણભર્યું બનાવી દઈએ છીએ, કારણ કે માનવી સંબંધ એ પ્રતિમા, માનસિક કલ્પનાચિત્ર તેમ જ હુંનું સંરક્ષણ કરવામાં જ વધુ વેડફાય છે. પ્રતિમા જ્યાં હોય ત્યાં સંઘર્ષ રહેવાનો જ. અમુક લોકો સંઘર્ષનો એક અનિવાર્ય ઘટક તરીકે સ્વીકાર કરે છે. જે છે તેના કરતાં જે હોવું જોઈએ તે મેળવવામાં ઘણી વાર તાણતણાવ આકાર પામે છે. મોટે ભાગે સંઘર્ષ આપોઆપ અલોપ થઈ જાય એવું લાગતું હોય છે. જોકે સંઘર્ષના દોરા બહુ જ ધીમે ધીમે અને બહુ જ પ્રેમથી છોડાવવા પડે છે.

એકંદરે જે હોવું જોઈએ તે મેળવવા, સ્પર્ધા, સુખ- અભિલાષાની લાલસા, આક્રમકતા તેમ જ સ્વાર્થ, સત્તા અને પૈસામાંથી સંઘર્ષ આકાર પામે છે. આથી આવા પરસ્પર સંબંધમાંથી આપણે પોતાનું વર્તન તપાસી લેવું જોઈએ. પોતાને જાણવું એટલે સ્વજ્ઞાન એ પરસ્પર સંબંધમાં અત્યંત મહત્ત્વનું છે. જો તમે પોતે શું કરો છો એ જાણી નહીં શકો તો તમારી ફિકર, અનિશ્ચિતતા કઈ રીતે દૂર થઈ શકશે? આટલું જ નહીં, આપણે અને આપણી સાથે સંબંધમાં આવનારા દરેક જણના અનુબંધમાંથી આપણા સંઘર્ષનો અંત લાવવું શક્ય છે. સંઘર્ષ ટાળતા નહીં પણ સંઘર્ષ નિર્માણ કરનારાં કારણોનો નાશ કરો. એકંદરે પરસ્પર સંબંધનું સ્વરૂપ અને રચના જાણી લેવું મહત્ત્વનું છે.

સમસ્યાને નકારવું તે એક રીતે વિકાસ- પ્રગતિને નકારવા જેવું છે. સમસ્યા ન હોય તેવા લોકો મૃતઃપ્રાય જીવન જીવતા હોય છે. જો તમારો સમસ્યા પર પ્રેમ હશે તો સમસ્યા પણ સૂર્યાસ્ત જેવી સુંદર હોય છે. આથી સમસ્યા વિરુદ્ધ ભૂમિકા લેતા નહીં! ઇ-મેઇલ કરતાં પ્રત્યક્ષ મળવા પર- સંવાદ પર ભાર આપો. ખરેખર તો સંવાદ- સહયોગમાંથી જીવન આગળ ધપતું હોય છે. સંઘર્ષ તમારો અંતરનું તેજ અભિવ્યક્ત કરે છે. તે ચૈતન્યને મુક્ત થવા દો. સમસ્યાની સામે નિર્ભય થઈને જાઓ. સમસ્યા એ જશ મેળવવાની સીડી છે.

સંઘર્ષ વિના મારી ભૂમિકા આવી છેઃ સમસ્યા- સંઘર્ષ પાસે વિકાસ-પ્રગતિની તક તરીકે જુઓ. સમસ્યા આપણી અંદરની પ્રતિભા- તેજ પ્રગટ કરે છે. જીવનનું ઊંડાણભર્યું આકલન સમસ્યામાંથી જ આપણે કરી શકીએ.

૨૫

જવાબદારીનું જાગૃત ભાન

ધારી લો કે એક વજનનો કાંટો છે. તેની એક બાજુ સ્વાતંત્ર્ય શબ્દ લખ્યો છે અને બીજી બાજુ જવાબદારી. મને એટલું જ કહેવું છે કે જવાબદારી અને સ્વાતંત્ર્યનું સંતુલન આપણને રાખતા આવડવું જોઈએ. અર્થાત, સ્વાતંત્ર્ય એટલે સ્વૈરાચાર નહીં. તો જ આપણે આત્મદીપ થઈ શકીશું. આ માટે બહુ જ સતર્ક રહેવું જરૂરી છે.

તત્ત્વતઃ મૌલિક એવી જવાબદારીની ભાવના હોય છે અને તે મૂલ્યવાન હોય છે. બલકે, આપણે જે કાંઈ કરીશું તેમાં પોતે જવાબદાર છે એવું સમજવું જોઈએ અને તેની સંપૂર્ણ જવાબદારી આપણને લેતા આવડવી જોઈએ. એકંદરે પોતે જવાબદાર છે તેની જાણ આપણી અંદર વિકસિત થવી જોઈએ. આ પછી હું ગમે ત્યાં હોઉં તો પણ આ જ જાણથી કામ કરતો રહીશ. હકીકતમાં આ વિશાળ જાણમાંથી સમ્યક- સમગ્ર દષ્ટિ આપણને પ્રાપ્ત થઈ શકે છે. તેમાં પણ જવાબદારીની ભાવના પ્રીતિમાંથી ખીલે છે, ખીલવી જોઈએ.

સ્વાતંત્ર્યમાં મનની- ચૈતન્યની- ઊર્જાની સ્વચ્છ મોકળાશ આપણને પોતાને વ્યક્ત કરી શકીએ છીએ. જ્યાં સ્વાતંત્ર્ય હોય ત્યાં ડર બિલકુલ હોતો નથી. સ્વાતંત્ર્ય એટલે કોઈ પણ વિશિષ્ટ દિશામાં ન વળેલું મન. ખરેખર તો ડરરહિત અવધાનમાં જ સ્વાતંત્ર્ય જડે છે. એકંદરે સ્વાતંત્ર્ય, જવાબદારી અને પ્રેમ વચ્ચે આપણને સમન્વય સાધતાં આવડવો જોઈએ. અર્થાત આ સમન્વય અને કૃતિશીલતા સંપૂર્ણપણે વર્તમાનમાં જ સાધી શકાય, કારણ કે કૃતિ કાયમ વર્તમાનમાં ઘડાતી હોય છે. પ્રજ્ઞા જાગૃતિમાંથી સ્વાતંત્ર્ય અને જવાબદારીમાં સમન્વય રહીને આપણને આપણો સ્વકર્મ નિભાવવાનું ફાવી શકે છે.

જીવનનો સાર સમતોલપણામાં સમાયેલો છે. એકંદરે સ્વાતંત્ર્ય અને જવાબદારીમાં સમતોલ રાખીને આપણને આપનો સ્વકર્મ સંપૂર્ણ ચૈતન્ય સાથે નિભાવતા આવડવું જોઈએ.

૨૬

વિકાસની તીવ્ર આકાંક્ષા

જોન હેન્રી ન્યુમનનું એક વાક્ય મને કાયમ મોહિત કરે છે. તે કહે છે, 'વિકાસ અસ્તિત્વનું- જીવનનું એક મોટું નિશાન છે.' આપણને પોતાની અંદર મૂળભૂત પરિવર્તન લાવવાનું છે. આથી પરિપક્વતાની દિશામાં સતત જતા રહેવું બહુ જ મહત્ત્વનું છે. જ્યારે જે છે તે આપણા અવધાનમાં આવે છે ત્યારે આપણે ખરા અર્થમાં પરિવર્તન માટે સજ્જ બનીએ છીએ. એકંદરે 'સ્વ'ને સર્વસ્વી જાણવું એ બોધનું પ્રથમ ડગ છે. બહુ આનંદથી અને કૃતજ્ઞતાથી આપણને જીવતા આવડવું જોઈએ. એકંદરે પોતાના વિશે શીખવું અને પોતાની અંદર પરિવર્તન લાવવું એ આપણી પ્રથમ ફરજ છે. અર્થાત તે માટે તરલ સાવધાનતાની અને થયેલું આકલન તાત્કાલિક અમલમાં લાવવાની જરૂર છ. ખરેખર તો મોટી તરલતાની, સતર્કતાના પરસ્પર સંબંધની, આપણા અસ્તિત્વની તેમ જ આપણા ચૈતન્યની આપણને શોધ લાગે છે ત્યારે જ વિકાસ- પ્રગતિ શક્ય બને છે. વિકાસ અત્યંત પવિત્ર બાબત છે.

તમારી શાળાના- કોલેજના શિક્ષક, તમારા ગુરુ વિશે તમારા મનમાં અપાર આદર ભરેલો છે. એક ધ્યાનમાં રાખો કે જ્યારે તમે સમસ્યાથી, સંકટથી અથવા સંઘર્ષથી ગ્રસ્ત હશો ત્યારે તે સમસ્યા- સંઘર્ષ પણ તમને વિકાસની એક મોટી તક આપે છે. ખરું છે ને? સમસ્યા એ તમારી પ્રતિભાને- પ્રજ્ઞાને આહવાન કરે છે. મહાન લોકો પોતાનાં જખમોનું- સમસ્યાનું સુજ્ઞપણામાં- ચાતુર્યમાં રૂપાંતર કરતા હોય છે. જીવનમાં અનેક પ્રતિકૂળ- જીવલેણ તેમ જ પોતાના સ્વત્વની પરીક્ષા લેનારી ઘટનાઓ બને છે. આ ઘટનાઓ જ આપણા માટે એકાદ શિક્ષકની જેમ છે એવું સમજો. તો જ તમારો વિકાસ સહજ શક્ય બનશે. એકંદરે સમસ્યા એ એક વિકાસની તક જ છે તે ક્યારેય ભૂલતા નહીં!

વિકાસની- પરિવર્તનની સમગ્ર પ્રક્રિયા બહુ પવિત્ર અને ગૌરવની છે. સતત વિકસિત થઈને પરિપક્વતાની દિશામાં આગળ વધતા રહેવું તે જ ખરેખર આપણા અસ્તિત્વનું નિશાન છે.

૨૭

નામોલ્લેખ મહત્ત્વનો નથી

'નામોલ્લેખ મહત્ત્વનો હોતો નથી, પરંતુ તમારા કામમાંથી અપાર સંતોષ મળ્યો કે નહીં તે પ્રશ્ન મહત્ત્વનો છે,' એમ હેરી ટ્રુમને કહ્યું છે. અનેક લોકો પોતાના કામ કરતાં પ્રતિષ્ઠાને નાહક જ મહત્ત્વ આપે છે. મહત્ત્વનું એ છે કે આપણા સમગ્ર અસ્તિત્વ સાથે અને બહુ જ પ્રેમથી કામ કરવું. જ્યારે તમે કામ પર આવો છો ત્યારે તમારો અહંકાર કંપનીના દરવાજે બહાર છોડીને અંદર જાઓ.

આપણે સૌ પ્રતિષ્ઠા- સ્તુતિ માટે બહુ જ દોડધામ કરતા હોઈએ છીએ. તમે તમારા કામ પ્રત્યે અસંતુષ્ટ હોવું જોઈએ, કારણ કે તમે તમારા કામ પર ખુશ- સંતુષ્ટ થશો તો પૂરા થયા સમજી લેજો! ખરેખર તો આપણે પરિણામ કરતાં આપણે જે કાંઈ કરીએ છીએ તેની પર પ્રેમ કરવાનું શીખવું જોઈએ. મોટા ભાગના લોકો કાંઈક મેળવવાની ઇચ્છાઓમાં અટવાયેલા રહે છે. આને કારણે આપણને જશનું અપાર મહત્ત્વ લાગે છે. એકવાત ધ્યાનમાં રાખો કે જ્યારે સ્વ ને સાવ જ મહત્ત્વ નહીં આપીએ ત્યારે આપણે સુખેથી જીવી શકીશું. (પાબ્લો પિકાસો કહે છે: તમે કરેલાં કામ અને કળાકૃતિ ઘણું બધું બોલે છે). આખરે સૃજનશીલ વ્યક્તિ તરીકે જીવવું જ મહત્ત્વનું છે.

આપણું સામાન્યપણું નકારીને આપણે જે કાંઈ કરીએ છીએ તે બહુ જ પ્રેમથી અને સંપૂર્ણ ચૈતન્ય સાથે- અસ્તિત્વ સાથે કરવામાં જ મહાનતા રહેલી છે. ક્લીચ કહે છેઃ દૂધ પર મલાઈ હંમેશાં પૃષ્ઠ ભાગ પર જ દેખાય છે. જે સારા- કામગરા હોય છે તેઓ પ્રકાશમાં આવે જ છે અને મહાન લોકો પણ ગિરદીમાં હંમેશાં આગળ રહે છે.

નામોલ્લેખ મહત્ત્વન હોતો નથી પણ તમને તમારા કામમાંથી અપાર સંતોષ મળે છે કે નહીં તે મહત્ત્વનો પ્રશ્ન છેઃ હેરી ટ્રુમન

૨૮

સંપૂર્ણ સ્વીકારમાં ચાતુર્ય

મારો પરમ મિત્ર રિચર્ડ કાર્લસનનું ડોન્ટ સ્વીટ ધ સ્મોલ સ્ટફ નામે પુસ્તક હું વાંચતો હતો. તેનું ડોન્ટ ગેટ સ્ક્રૂજડ પુસ્તક અફલાતૂન છે. તેમાંના એક લેખનું શીર્ષક છેઃ એક્સેપ્ટન્સઃ ટુ એલ્ટિમેટ સોલ્યુશન. આ લેખથી હું બહુ જ પ્રભાવિત થયો. ગત થોડા દિવસ મેં તેનો જ વિચાર કરી રહ્યો છું.

રિચર્ડ લખે છેઃ સંપૂર્ણ સ્વીકૃતિ સૌથી સુંદર બાબત છે. સ્વીકૃતિમાંથી આપણે પોતાને ભાગે આવેલા જીવન પાસે નીડરપણે અને અક્રિયતાથી જોઈ શકીએ છીએ. સ્વીકૃતિમાં વાસ્તવમાંના એકંદર કડવા જીવનનો શાંત રીતે સહજ સ્વીકાર હોય છે. કમાલની સાદગી, અપાર કરૂણામાંથી માનવી દુઃખની અટલતા આપણે સ્વીકારી શકીએ. એક વાર આપણે જીવન પાસે અક્રિયતાથી અને નીડરપણે જોવા લાગીએ એટલે આપણો ઉચાટ નિશ્ચિત ઓછો થાય છે. ખરેખર તો આ પ્રવાસ આત્મભાન સુધી લઈ જ જવાનો છે.

સ્વીકૃતિ અત્યંત પ્રતિકૂળ સ્થિતિ- ગતિમાં મળેલું વરદાન છે. આપણા ભાગે જે આવ્યું છે તેનો સંપૂર્ણ સ્વીકાર કરો. તે પણ કોઈ પ્રતિક્રિયા કે બૌદ્ધિક સમર્થન ન આપતા. વધતી ઉંમરથી અને પરિપક્વતાથી તે ફાવી શકે. અર્થાત તે માટે આપણે પસંદગીઓની શૂન્યતાથી પ્રાપ્ત પરિસ્થિતિ પાસે જોવું પડશે. તો જ તે શક્ય છે. અન્યથા સંઘર્ષ અટલ છે. મોટે ભાગે આપણે ઓડનું ચોડ કરી નાખીએ છીએ. શબ્દનો જવાબ શબ્દ. આને કારણે તાણતણાવ વધતો જાય છે. ખરેખર તો તાણ આપણી સંવેદનશીલતા સામે મારક ઠરે છે અને અનેક રોગને પણ નોતરે છે. આથી જજે છે તે ગમે તેટલું કડવું હોય તો પણ તે શાંતિથી સ્વીકારવું જોઈએ. જે હોવું જોઈએ એના કરતાં જે છે તેનું સૌંદર્ય ભેગું કરવાનું શીખો. આ પછી કોઈ જ ભ્રમ કે આભાસ બાકી રહેશે નહીં. જીવનને પછી ચારે બાજુથી બહુ જ કરૂણતાથી આપણે સમજી શકીશું. ખરેખર તો આ પરિવર્તનમાંથી સુખના આનંદનો માર્ગ નીકળે છે. અબોલ અને તકરાર વિના સ્વીકાર માટે હું તમને શુભેચ્છા આપું છું**!**

તમે- અમે સૌનો અત્યંત પ્રતિકૂળ દિવસો, પાનખર સામે જવું પડે છે. આ વેદનાને ચારે બાજુથી સમજી લેવું આવશ્યક છે. તેમાં પણ બિનશરત સ્વીકાર આ ઉત્તમ બાબત છે.

૨૯

સૌંદર્યવાન વિચારોનો સંગાથ

હું પ્રસ્તુત લેખ કરાચીની એક પ્રસિદ્ધ હોટેલના રૂમમાં બેસીને લખી રહ્યો છું. કરાચી એ ખરેખર અફલાતૂન શહેર છે. અહીંની સંસ્કૃતિ અને લોકો ખરેખર નોખા છે. ખરેખર તો આ લોકો પાસેથી, અહીંની સંસ્કૃતિ પાસેથી આપણને ઘણું બધું શીખવા મળે છે. મને તો અહીં બહુ મજા આવી ગઈ.

ઝુમ્પા લહરીનું ધ નેમેસેક પુસ્તક હાલમાં હું વાંચી રહ્યો છું. સરસ પુસ્તક છે. તેમાં એક બહુ સારી કલ્પના રજૂ કરવામાં આવી છેઃ સૌંદર્યવાન વિચારોનો સંગાથ લઈને જીવો. એકદમ બરોબર છે નહીં? ખરેખર તો જેવા તમારા વિચાર હોય છે તેવા જ તમે હો છો. તમારા વિચાર તમારા ચહેરા પર, તમારી આંખોમાંથી, તમારા હાવભાવમાંથી અને તમારી દરેક હિલચાલમાંથી દેખાય છે. હકીકતમાં યોગ્ય અને સારી વિચારોની શ્રેષ્ઠતા બદલ એટલા બધા લોકો બોલ્યા છે કે તમને લાગશે કે હું નવું શું બોલી રહ્યો છું. પણ તેવું નથી. સામાન્યત્વથી અસામાન્યત્વ ભણી ભૂસકો મારવો હોય તો પ્રથમ પોતાનું સામાન્યત્વ નકારો અને યોગ્ય વિચારોનો સંગાથ લો.

દરેક દિવસના આપણા વિચાર, આપણી કૃતિ, આપણી ભાવના તેમ જ આપણી કલ્પના પાસે આત્મશોધકતાથી જોવું આવશ્યક નહીં પણ અનિવાર્ય છે. આ વિચારમાંથી, કૃતિમાંથી દરેક દિવસે છેલ્લે આપણા મનમાં પોતાના વિશે એક ગજબનો આત્મવિશ્વાસ જાગવો જોઈએ. અર્થાત તે માટે આપણી વર્તણૂક, કૃતિ, ઇચ્છા, આકાંક્ષા, તપાસવી જોઈએ. આપણા મનનો ડર, આપણા મનની અભિલાષા આપણી અંદરના વિચારોને અલગ વળાંક આપે છે. પછી તે વિચાર આપણી કૃતિને ગતિ આપે છે. બ્રિટિશ વડાપ્રધાન બેન્જામિન ડિસરેલીએ એક જગ્યાએ લખ્યું છે કે 'તમે તમારા વિચારોની પાર સામાન્ય રીતે જતા નથી.' એકંદરે આપણા વિચાર મૂળમાં બદલાવા જોઈએ. જે છે તે અને જે હોવું તે એમાં અનેક વાર અંતર પડે છે. આ પછી અંતર આપણા વિચારોથી-દીવાસ્વપ્નોથી ભરાઈ જાય છે. આના કરતાં યોગ્ય વિચાર, યોગ્ય જગ્યાએ આપણને કરતાં આવડવું જોઈએ. અવિચારને તેમ જ પ્રેમશૂન્ય બાબતોને આપણને નકારતા આવડવું જોઈએ. અર્થાત તે માટે મનની અખંડ સાવધાનતા મહત્ત્વની છે. શ્રેષ્ઠતમ મહાન લોકો એ કાયમ પોતાની કૃતિ પણ સારી રીતે કરે છે એ ધ્યાનમાં રાખો. તમે સારી વર્તણૂક કરશો તો સામેવાળો પણ તમને સારો પ્રતિસાદ આપશે. અવિવેકનું પોલાપણું જ્યારે આપણા ધ્યાનમાં આવે ત્યારે આપણામાં પ્રજ્ઞા જાગૃત થાય છે. વિચારોને જ્યારે જીવનના સૌંદર્ય અને સમૃદ્ધિની જાણ થશે ત્યારે યોગ્ય વિચાર કૃતિને જન્મ આપશે. આથી આપણા વિચાર શુદ્ધ અને સ્પષ્ટ હોવા જોઈએ. ખરેખર તો તે પણ એક પ્રકારની કૃતિ જ છે.

મને એ કહેવું છે તે તમારા ધ્યાનમાં આવી રહ્યું છે. તમે તમારા વિચારો બદલો એટલે પછી તમારું મોટા ભાગનું આયુ ષ્ય બદલાઈ જશે. અવધાન એટલે પૂર્ણ અવધાન. આવા અવધાનમાં અહંકાર અને હુંને સ્થાન હોતું નથી. પૂર્વગ્રહ હોતો નથી. તમારા વિચાર જ વાસ્તવને આકારમાં લાવે છે અને વાસ્તવને આકાર પણ આપે છે એ ભૂલતા નહીં! પણ તમે જો સંભ્રમ અવસ્થામાં હશો તો તમારા જીવનમાં ગૂંચવણોનું જ સામ્રાજય આકાર પામશે.

યોગ્ય વિચારથી પ્રેમભાવ સ્વીકારો, કારણ કે તેમાંથી
ખરું સૌંદર્ય આકાર પામે છે.

૩૦

અન્યોના અભિપ્રાયોનું મૂલ્યાંકન નહીં કરો!

ખરેખર તો લોકોને તમારા વિશે શું લાગે છે તેને બહુ મહત્ત્વ હોતું નથી. તમને પોતાને તમારા વિશે શું લાગે છે તે જ મહત્ત્વનું છે, નહીં? હકીકતમાં આપણે અન્યોના બોલવાને, તેમના અભિપ્રાયને અવાસ્તવ મહત્ત્વ આપીએ છીએ. આખરે આત્મપ્રતીતિ આવવી મહત્ત્વનું છે. આપણે છીએ, આપણે અમુક છીએ એવા આત્મવિશ્વાસથી મન ભરાઈ ગયું હોય તો પોતાના અસ્તિત્વને જગતને હકાર આપ્યો છે કે નકાર આપ્યો છે તે બાબતને શું મહત્ત્વ રહેવાનું! જે પળે આપણે લોકોના મતોનો વિચાર કરીને આપણી મૂલ્ય વ્યવસ્થા સાથે બાંધછોડ કરીએ છીએ ત્યારે આપણે પોતાનું સ્વાતંત્ર્ય ગુમાવતા હોઈએ છીએ. ખરેખર તો લોકોએ આપેલી પાવતી પર પોતાના આયુષ્યનો અર્થ નિર્ભર છે? ખરું નેતૃત્વ કાયમ પોતાના મૂલ્ય પ્રત્યે અડગ હોય છે. આને લીધે ખરા નેતૃત્વને અન્યોએ આપેલા જશમાંનું પોલાપણું ભાસે છે. ફક્ત સાચા નેતૃત્વને તે અભિજ્ઞાન થયેલું હોય છે. આપણે જો પોતે સ્વીકારેલા જીવનમાર્ગ વિશે અવઢવમાં હોઈશું તો અન્યોએ આપેલા પોકળ જશ- પ્રતિમામાં હું મારું અસ્તિત્વ કઈ રીતે ટકાવી શકું? જશ એ કાંઈ લોકપ્રિયતાની સ્પર્ધા નથી. આપણાં સપનાંઓ સાથે, મૂલ્યો સાથે જીવતી વેળા દરેક દિવસના અંતે તમારે કાયમ આનંદમાં રહેવું જોઈએ.

જશ એ કાંઈ લોકપ્રિયતાની સ્પર્ધા હોતી નથી

૩૧

શું તમે વિનોદી છો?

બિયાંકા મારી ૧૧ વર્ષની દીકરી બહુ જ વિનોદી છે. હસવું તો એનો જીવ છે. બહુ જ મીઠી છે આ છોકરી. તેની સાથે હું જ્યારે ગપ્પાં મારું છું ત્યારે હું મારી બ્લેકબેરી બંધ કરી રાખું છું. તે બહુ જ બોલબોલ કરે છે અને હસતી રહે છે. એવું લાગે છે કે તેનું બોલવું સાંભળતા રહેવું. મુખ્યત્વે તે પોતે હસે છે અને આસપાસના લોકોને પણ હસાવે છે.

દિવસના અમુક ક્ષણ મેં બિયાંકા સાથે સંવાદ માટે રાખી મૂક્યા છે. (હું ગમે તેટલો વ્યસ્ત હોઉં તો પણ મારા છોકરાઓ માટે દિવસનો અમુક સમય રાખી મૂકું છું. ખરેખર તો તેમના વિના મને જ શું પણ તેમને પણ ચેન પડતું નથી). તેની શાળાના છોકરાઓ તેને જોકર કહે છે. તે તેના મિત્રો- સખીઓને જોક કહીને, વિનોદી બોલીને સતત હસાવતી રહે છે. મને લાગે છે કે તેના આ અત્યંત વિનોદી સ્વભાવને કારણે અને સતત હસવાને કારણે તેના ઘણાં બધાં મિત્રો- સખીઓ છે. એક વાર તેણે કહ્યું, ‘ડેડ, મારી સખી મને જોકર કહીને ખીજવે છે.’

મને તમને પણ એ જ પૂછવું છે કે બહુ જ ગંભીર પરિસ્થિતિમાં પણ તમે વિનોદી અને ખમતીધર વ્યક્તિ તરીકે રહી શકો? અમુક જણ પોતાની પાસે જ કાંઈક વક્રદષ્ટિથી જુએ છે. અમુક જણ ઉપહાસ કરે છે તો અમુક વિચિત્ર દષ્ટિએ જુએ છે. ખરેખર તો એક પ્રકારની પરિપક્વતા હોવા સિવાય પોતાની પાસે અને આસપાસ જગત પાસે વિનોદી રીતે જોવું મુશ્કેલ છે. તે માટે આપણી પાસે મુક્ત મન હોવું જોઈએ. તે છે તમારી પાસે? ફક્ત આપણા સંવાદમાં, સહવાસમાં આનંદાત્મક વાતાવરણ નિર્માણ કરવાની ક્ષમતા અમુક લોકો પાસે હોય છે. ખરો મોટો- મહાન માણસ નૈસર્ગિક રીતે સ્વભાવ વિશિષ્ટતા અને અનુભવમાંથી પરિપક્વતાની દિશામાં આગળ જતો હોય છે. આવું વ્યક્તિમત્વ બહુ ઓછા લોકોનું હોય છે. તત્ત્વજ્ઞાન અને માનસશાસ્ત્રનો પ્રત્યક્ષ જીવનમાં મેળાપ કઈ રીતે કરવાનો તે આ લોકોને બરાબર ખબર હોય છે. આવા માણસો જીવનમાં કદાચ જ પરાજિત થયેલા દેખાશે. તેમનું દુઃખ તમને ક્યારેય દેખાશે નહીં. બલકે, તેઓ બતાવશે પણ નહીં. જીવનમાં જુદા જુદા તબક્કા અનુસાર જીવનનું આકલન કરીને લેવું અને તે પ્રમાણે જીવન પ્રત્યે જોવાનું અને જીવવાનું. પ્રેમનો, હાસ્યનો, વિનોદનો શોખ આ લોકોના સ્વભાવમાં જડાઈ ગયેલો હોય છે. આવા ખમતીધર વ્યક્તિત્વએ જીવવું કે ફક્ત સમયપત્રક અથવા પ્લાનરમાં પોતાને અટવાવી રાખવા તે તમે જ નક્કી કરો. કાલે નહીં, આજે જ કરો!

તમે આનંદથી ભરપૂર બોલતા રહો, અત્યંત વિનોદથી
પ્રેમ- હાસ્યનો છંટકાવ ઊડે છે. જાણતાઅજાણતા
તમારી આંખોમાંથી આનંદાશ્રૂ આવે છે એવું તમારી બાબતમાં
ક્યારેય થયું છે?

૩૨

ચૈતન્યશીલતા ભણી

ઉત્કૃષ્ટ નેતૃત્વ, સફળ પ્રશિક્ષક તેમ જ સર્વોત્તમ વકતા અને શ્રેષ્ઠતમ વ્યાવસાયિક સલાહકાર પાસેથી એક બાબત હું જરૂર શીખ્યો છું અને તે એટલે જો તમને ખરા અર્થમાં ચૈતન્યશીલતા ભણી જવું હોય તો તમને તમારી અંદરની ગુણવત્તા અને કૌશલ્ય વધુમાં વધુ પ્રમાણમાં આપતા આવડવું જોઈએ. મુખ્યત્વે પૂર્ણ નિખાલસતાથી અને બહુ જ મોકળાશથી પોતાને અભિવ્યક્ત કરવું મહત્ત્વનું છે. જો આવું થાય તો લોકો તમને સર્વાર્થે પ્રતિસાદ આપશે. સૌથી મહત્ત્વનું એ છે કે તમે તમારી ટીમમાંના સભ્યો પર પૂર્ણ વિશ્વાસ રાખવો જોઈએ. તમે તેમના પ્રત્યે બતાવેલો વિશ્વાસ અને તેમની પર સોંપેલી જવાબદારી તેઓ બહુ જ પ્રેમપૂર્વક અને આત્મસમર્પણ વૃત્તિથી પૂરી કરશે. એકંદરે આપણા સહયોગી સાથે આપણું વર્તન એકદમ સંવાદી હોવું જોઈએ.

લોકોને આપણા નેતૃત્વમાં દબાવીને આપણને જોઈએ તે કામ તેમની પાસેથી કરાવી લેવું તેને અનેક જણ મહત્ત્વ આપે છે. તમારી કામની- જીવનની પદ્ધતિ સહજ સંવાદી કૌશલ્યતા અને સંપર્કશીલતા, તમારાં સપનાં સગિત બહુ જ વિચારપૂર્વક તમારા સહકારીઓ સાથે વર્તો. વધુમાં વધુ સમૃદ્ધ અને સઘન આયુષ્ય કઈ રીતે જીવી શકાશે તેનો આગ્રહ રાખો. મુખ્યત્વે તમે તે રીતે જીવો અને અન્યોને તેમના અત્યંત ઉચ્ચ અને સર્વોત્તમ લક્ષ્ય સુધી જવા માટે પ્રોત્સાહિત કરો. તેમને બનતી રીતે સહાય કરો. તમારા સહકારીઓને નિર્દોષ પ્રેમનું અને કર્મનું દર્શન થવું જોઈએ. તમારી જાગરૂકતા, કૃતજ્ઞશીલતા અને ક્ષમતા વિશેનો પ્રેમ બધી રીતે વ્યક્ત થવા દો. આમાંથી જ નવી સૃજનશીલ સભર દિશાની અને અત્યંત ચૈતન્યશીલતાનું નિર્માણ થતું રહેશે. આ પછી ફક્ત વિસ્તાર-પર્યાવરણ આનંદપૂર્વક વહેવા લાગશે.

રિચર્ડ કોવ્હિચવિચ (વેલ્સ ફાર્ગોના સીઈઓ)નું એક વાક્ય (તે સમજવા માટે મને થોડો સમય લાગ્યો) મને બહુ જ બોધરૂપ લાગે છે. તેઓ કહે છેઃ પાંચ ઉત્કૃષ્ટ ખેલાડી ટીમમાં હોવા કરતાં પાંચમાંથી સર્વોત્તમ રમતથી અને સમન્વયથી મેચ સહજ જીતી શકાય છે.

તમને જો ખરા અર્થમાં ચૈતન્યશીલતા ભણી જવું હશે તો તમને તમારી અંદરની ગુણવત્તા અને કૌશલ્ય વધુમાં વધુ પ્રમાણમમાં સંવાદી રાખતા આવડવું જોઈએ.

૩૩

આંતરબાહ્ય શિસ્તમાંથી ખીલેલી સારી આદતો

આંતરબાહ્ય શિસ્તમાંથી ખીલેલી સારી આદતોનું આપણા જીવનક્રમ-નિત્યક્રમમાં અપાર મહત્ત્વ હોય છે. આ આદતોમાંથી તમે પગલે પગલે વિકસિત થતા હોય છો. એક દિવસ તમે અન્યો કરતાં અનેક અર્થે નોખા તરી આવો છો. કોઈ પણ અલૌકિક આયુષ્ટ આવું જ હોય છે. સારી આદતોમાંથી તમારી હેતુપૂર્ણ જીવનપદ્ધતિ રેખાંકિત થાય છે. આ આદતોમાંથી આપણી કાર્યપદ્ધતિની છાપ તમે તમારા જીવનમાં સિંચન કરતા રહો છો. આ આદતો બહુ જ સૃજનશીલતાથી ઉજજવળ ભવિષ્યને રચે છે. તે પણ બહુ સહજતાથી.

ફક્ત સારું હોવું નહીં ચાલે પણ સારાપણું, ભોળાપણું, તમારી સાધના તેમ જ તમારી શિસ્ત તમારી આદતોમાંથી દેખાવી જોઈએ. આ આદતો એક મોટા કાર્યથી, વિકલ્પથી જીવનને આકાર આપે છે. સ્વકર્મ બધી રીતે નિભાવવાની આદત નૈસર્ગિક રીતે આપણી અંદર કેળવાવી જોઈએ. ઓક ઝાડનો દાખલો લો. એક નાના બીજનું વિશાળ વૃક્ષમાં રૂપાંતર થાય છે. એક સમયે તો તેની ભવ્યતા જોઈને મન કુતૂહલ પામે છે. એકંદરે જીવનમાંનું યોગદાન અને મહત્ત્વ એ તમારી આદતોમાંથી આકાર પામશે એ નિશ્ચિત છે**!**

વૈશ્વિક સ્તરે સ્તુતિજન્ય લોકોનો પ્રેમ, જવાબદારી અને આત્મસમર્પણ એ બાબતો જોવા જોવી હોય છે.

- તમારી કૃતિમાંથી નિર્મિતીક્ષમ પ્રેમનો સંબંધ પ્રસ્થાપિત કરો. નિર્દોષપણું મહત્ત્વનું.
- પરસ્પર સંબંધમાંનો સંબંધમાં પોતાના વર્તનનું આત્મપરીક્ષણ કરો.
- અત્યંત પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ પોતાનું સંતુલન અને તાલ વિચલિત થવા ન દેતા.
- સવારે જલદી ઊઠવાની આદત કેળવો.
- આપેલા શબ્દોનું પાલન કરો અને સમય પૂર્વે ડિલિવરી આપવાનો પ્રયાસ કરો. (આગળ જતાં ગ્રાહકને અપેક્ષા કરતાં વધુ સેવા આપો).
- જીવનમાં નવું નવું શીખવાનાં અરમાન- જીદ રાખો. કાર્યશાળા, આધુનિક નવાં પુસ્તક અને તંત્રજ્ઞાન સાથે મૈત્રી કરવાનું ભૂલતા નહીં **!**
- દિવસના આરંભનો એક કલાક ચિંતન માટે ફાળવો. તેમાં તમારા વર્તમાનકાલીન અને ભાવિ જીવને અત્યંત કાળજીપૂર્વક રેખાંકિત કરો.
- વ્યવસાય અને વ્યક્તિગત જીવન, યોગ્ય જગ્યાએ યોગ્ય વિચાર, શુદ્ધ અને વિચારોની સ્પષ્ટતા તેમ જ તરલ સાવધાનતાન, વર્તમાનમાં જીવવું એને ખાસ પ્રાધાન્ય આપો.

ઉપર આપેલી અમુક આદતો આત્મસાત કરવાનો પ્રયાસ કરો. કરેલું આકલન તરત જ

અલમમાં લાવો. તો જ તમારી અંદર પરિવર્તન આવી શકશે.

આંતરબાહ્ય શિસ્તમાંથી ખીલેલી સારી આદતો તમારી અંદરનું નોખાપણું નિશ્ચિત કરતી હોય છે.

૩૪

પરિપૂર્ણ ક્ષણની શોધમાં

એક પરિપૂર્ણ, સુગંધી ક્ષણ આજે મારે ભાગે આવી. તે પણ એકદમ સહજ રીતે આવી. હવે તમે કહેશો, આ સુગંધી અને સર્વસ્વી આનંદી ક્ષણ કઈ હતી? મેં હજારો લોકો સામે ભાષણ કર્યું હતું તે? મારા પ્રકાશકનો પુસ્તકનું વિક્રમી વેચાણ થયું તેનો ફોન આવ્યો તે? મને નેતૃત્વનું ચાતુર્ય કાર્યશાળાનો મોટો ઓર્ડર મળ્યો તે?... તો તેવું કશું નથી. આ સૌ કરતાં મોટી પરિપૂર્ણ અને સુગંધી ક્ષણ મારા જીવનમાં આજે આવી. ખરેખર તો આવી ક્ષણ બહુ સમય ટકતી નથી.

હું મારી કાર મારી ઓફિસમાં પાર્ક કરી રહ્યો હતો. મેં કાર પાર્ક કરી અને કારમાંથી બહાર નીકળતો હતો ત્યારે ગુલાબની સુગંધથી મારું મન, મારું અસ્તિત્વ પ્રફુલ્લિત બન્યું. મેં ક્ષણવાર આંખો બંધ કરી અને સંપૂર્ણ સુગંધ મારા મનમાં, હૃદયમાં જમા કરી દીધી. સહજ મારું ધ્યાન ગુલાબના ફૂલેલા બાગ પાસે ગયું. વસંતઋતુએ પોતાની કમાલ બતાવી હતી. નિસર્ગને ચોમેરથી ખીલવ્યું હતું. ખરેખર તો આપણો નિસર્ગ સાથે, સુગંધ સાથે કોઈ સંબંધ રહ્યો નથી. આપણે આપણા અંધારા ઓરડામાં બેસીને વાંચવામાં મગ્ન હોઈએ કાં જળની પાછળ દોડતા હોઈએ. ખરેખર તો આપણી પાછળ જ દોડવાનું હોય છે. આગળનો ક્ષણ પાર કરવાની કેટલી ઉતાવળ છે.

જીવન ક્ષણભંગુર છે. આવું હોય તો પણ તે ક્ષણ પૂરતું તો છે ને! તો પછી ક્ષણમાંનો બધો અર્થ- સુગંધ તેમ જ ચાતુર્ય માણવું ન જોઈએ? ખરેખર આયુષ્ય આ પ્રવાસ કેટલો નાનો છે અને આપણે ન જોઈતી નાની નાની બાબતોમાં અટવાયેલા છીએ. સાચું છેને? પક્ષીઓનાં ગીત, ફૂલોની સુગંધ અને પવનનો સુસવાટો આપણને મહેસૂસ થવો જોઈએ. અર્થાત, તે માટે પોતાની અંદરથી બહાર આવવું જોઈએ. એકંદરે માનવી અસ્તિત્વ અને નૈસર્ગિક સૌંદર્યની- પરિપૂર્ણતાથી ફૂલેલું દષ્ટિગોચર જગત વિશે આપણું મન આનંદથી ખીલવું જોઈએ. નિસર્ગ સાથે ખરા અર્થમાં નિર્મિતીક્ષમ પ્રેમનો સંબંધ આપણને પ્રસ્થાપિત કરતાં આવડવો જોઈએ. હિમાચ્છાદિત ડુંગરોને સૌંદર્ય વિચારોની હિલચાલ વિના ખાલી મને, આંખો ભરીને તમે જોઈ શકો? ખરેખર તો આ વલણ જ જીવનમાં ઘણું બધું સાધી જાય છે. તે સૌંદર્ય પ્રત્યક્ષ જોતી વેળા તમને પ્રેમના સાક્ષાત્કારનો અનુભવ થતો નથી?

આયુષ્ય વધુમાં વધુ સુંદર- સારું છે.
સૌંદર્યના સાક્ષાત અનુભવના પ્રેમનો સાક્ષાત્કાર

આપણને કાયમ થાય છે. આ સૌંદર્ય માણવા માટે
આપણું મન તાજગીપૂર્ણ હોવું જોઈએ.
સ્વમાંથી બહાર આવ્યા વિના આ આકલનમાંનો
વૈભવ આપણને કઈ રીતે અહેસાસ થશે!

૩૫

સ્તુતિની દેણગી

હું મારી દીકરીને કોલ્બાયમાં શાળામાં મૂકવા ગયો હતો. પાછા વળતી વેળા મારા મનમાં અમુક વિચાર આવ્યા, જે હું તમને કહેવા માગું છું. એવરીબડી લવ્ઝ રેમંડ ટીવી પરની સિરિયલ અમારે ત્યાં બહુ જ લોકપ્રિય છે. રેમંડ્સની માતા મેરી અને રેંની પત્નીનાસંબંધો વિશે હું મારા સંતાન સાથે બોલતો હતો. મેરીને ડેબરોએ બનાવેલું જમવાનું ભાવતું નથી. આ સૌમાં તાણતણાવ હોય છે, સંઘર્ષ હોય છે. તેનું મૂળ શેમાં છે? હું જ્યારે ઊંડાણમાં ગયો ત્યારે તેમના સંબંધમાંથી દરેક પાસે જોવા લાગ્યો ત્યારે અસુરક્ષિતતાની ભાવના અને સ્તુતિની અપેક્ષા આ બે કારણ આ તાણના મૂળમાં હોવાં જોઈએ એવું મને લાગ્યું. આ બે કારણ પર જ મેં ઘણી વાર વિચાર કરતો રહ્યો.

જે સુરક્ષિતતાની રમત રમે છે તેઓ સુરક્ષિત રીતે મરે છે. આપણે જીવનને આહવાન કરવું જોઈએ, જોખમ સ્વીકારવાં જોઈએ. આમ જોવા જઈએ તો સુરક્ષિત એવું શું છે? બધું જ અસુરક્ષિત છે. નહીં? આથી જ બહુ જ પ્રવાહી વૃત્તિથી આપણને જીવતા આવડવું જોઈએ, બદલતા આવડવું જોઈએ. જોકે આપણે પોતાને જાણી લેતા નથી. આપણને ક્ષણજીવન સુરક્ષિત જીવન જોઈતું હોય છે. ખરેખર તો આવા લોકોને જીવન સાથ આપતું નથી. આપણને શું જોઈએ છે, આપણો મનગમતો પ્રાંત કયો છે એ જો આપણને પાક્કી ખબર હોય તો તે દિશામાં આપણે કાર્યરત રહેવું જોઈએ. ફક્ત ડરને કારણે જેઓ કોઈ દબાણનો ભોગ બને તેમને જીવન ક્યારેય સાથ આપતું નથી.

હવે આપણે સ્તુતિ વિશે થોડું બોલીએ. દષ્ટિ નેતૃત્વ એ એક રીતે ઉત્તમ શિક્ષક જ હોય છે. તે આસપાસના લોકોના ગુણોને અને કાર્યોને કાયમ પ્રોત્સાહિત કરે છે. તમે જેટલું આપશો તેનાથી અનેકગણો તમને તેનો પ્રતિસાદ મળશે. આપણે જ્યારે પોતાના સહકારીઓનું- સહયોગીઓનું, તેમનાં કાર્યોનું યોગ્ય સન્માન કરીએ ત્યારે તેઓ પોતાની ક્ષમતાની આગળ જઈને સેવા આપે છે. આથી સહકારીઓના કાર્યોને યોગ્ય પુરસ્કાર અને પ્રતિસાદ આપવાનું ભૂલતા નહીં! કારણ કે આ લોકોનું ચૈતન્ય તમારી ખરી મૂડી છે. દરેકને લાગતું હોય છે કે આપણી સ્તુતિ થવી જોઈએ. આપણને વિશિષ્ટ વર્તણૂક મળવી જોઈએ એવું ડેબરોને પણ લાગતું હતું.

લોકોના ગુણોને અને કાર્યોને હંમેશાં પ્રોત્સાહિત કરો.
તમે જેટલું આપશો તેના કરતાં અનેકગણો પ્રતિસાદ

તમને મળશે. આપણે જ્યારે આપણા સહકારીઓનું-
સહયોગીઓનું, તેમનાં કાર્યોનું યોગ્ય સન્માન ક
રીશું ત્યારે તેઓ પોતાની ક્ષમતાની આગળ જઈને સેવા આપશે.
આ લોકોનું ચૈતન્ય એ જ આપણી ખરી મૂડી છે.

૩૬

નસીબનો સાથ

તમે જેટલી વધુ મહેનત કરશો તેટલું તમારું નસીબ તમને સાથ આપતું રહેશે. આપણી ચૈતન્યશક્તિ પર અથવા વિશિષ્ટ કૌશલ્ય પર અથાક પ્રયાસથી અને સમર્પિત વૃત્તિથી ઓતપ્રોત રહો. આ પછી ચાર-પાંચ વર્ષમાં તમને એક અલૌકિક શક્તિ મળશે એ નક્કી છે! આ પછી લોકો તમને એક પ્રતિભાશાળી તરીકે ઓળખવા લાગશે. અર્થાત તે માટે દર દિવસે તમારે એક-એક ડગ આગળ મૂકતા જવું પડશે, વિકસિત થવું પડશે. સમયનું સંયોજન પણ કરવું જોઈએ. તમે સારાપણાને નજીક કરો અને મહેનત કરતા રહો. બાકી બધું નસીબ પર છોડી દો. ખરેખર તો આપણે શું છીએ તે આપણને જોતા આવડવું જોઈએ. જો આવું થયું તો સારાપણાની એક કળી તમારી અંદરથી ખીલી ઊઠશે. અર્થાત આ સારાપણામાં જવાબદારીનું ભાન, તરલ સાવધાનતા, નિર્મિતીક્ષમ પ્રેમનો સંબંધ એમ અનેક બાબતો અંતર્ભૂત હોય છે તે ધ્યાનમાં રાખો.

આપણે ખેતીનું ઉદાહરણ લઈશું. નિસર્ગનો નિયમ જેમ ત્યાં લાગુ પડે છે તેમ આયુષ્યનો પણ. એકંદરે પોતાની અંદરની ચૈતન્યબિંદુની- અંગભૂત ગુણવત્તાની ઓળખ કરી લો. આપણા પ્રેમભાવનો અને પ્રતિભાનો પ્રાંત એક વાર ધ્યાનમાં આવી જાય એટલે બહુ જ રસ લઈને તેને વિકાસ કરવો તે ફક્ત તમારા જ હાથમાં છે. તેની પર ધ્યાન કેન્દ્રિત કરો. કાલે નહીં. આ પછી આપોઆપ નસીબ પણ આંગળી પકડીને તમારી સાથે ચાલવા લાગશે. લોકો તમને પ્રતિભાવાન, અલૌકિક વ્યક્તિ તરીકે ઓળખવા લાગશે. સંવાદતમાં આવતા દરેક ગ્રાહકોનો આદર કરો અને સંબંધોમાં શબ્દોનું પાલન કરો અને એક હેતુની જાણ સૌને કરાવી દો. આ પછી જુઓ. જીવન તમારી મદદે દોડી આવશે. આપણે એકલા ઊભા રહેવા ગભરાઈએ છીએ. તમે જ્યારે જીવનને આહવાન આપો છો ત્યારે ઘણી ઘટનાઓ બનવા લાગે છે. જોકે આપણે જીવનને આહવાન કરવા નથી માગતા, કારણ કે આપણને સુરક્ષિત રમત રમવાની હોય છે. જે સુરક્ષિત રમત રમે છે તેઓ તે રીતે જ સુરક્ષિત મૃત્યુ પામે છે. આથી જ કહું છું કે સંકલ્પ, આપણાં સપનાંનો બેડો પાર લગાવવા માટે બનતા તમામ પ્રયાસ કરો. આ પછી તમે એક અમૂલ્ય વ્યક્તિ તરીકે ઓળખાશો.

ભલાઈ- સારપને વળગી રહે છે તેમની બાબતમાં જે કાંઈ બને છે તે સારું જ બને છે. તમને યોગ્ય વિચાર, યોગ્ય સ્થળે કરતા આવડવો જોઈએ.

**તમે જ્યારે જીવનના આહ્વાન કરો છો ત્યારે
ઘણી ઘટનાઓ બનવા લાગે છે.
સાક્ષાત જીવન જ તમારી મદદે દોડી આવે છે.**

૩૭

ઊંટના પીઠની વાત

એકાદ મોટી ઘટના બને અને સંપૂર્ણ વ્યવસ્થા ખોરવાઈ જાય એવું ઉપરથી દેખાય તો પણ ચોક્કસ તેવું બનેલું હોતું નથી. તેની પહેલાં અનેક નાની- મોટી દશ્ય- અદશ્ય બાબતો બનતી હોય છે. આ સૌનું દશ્ય પરિણામ તે વ્યવસ્થા ખોરવાઈ જવામાં થાય છે. એકાદ ઘટનાને કારણે અથવા પ્રસંગને કારણે સંબંધમાં અંતર પડેલું આપણને જોવા મળે તો પણ તે પૂર્વે અનેક તાણતણાવ (દશ્ય-અદશ્ય) બની ગયેલી હોય છે. અમુક બાબતો મનમાં રહી ગયેલી હોય છે. બલકે, તે વ્યક્ત થયેલી હોતી નથી. એક વાર પછી તેનો વિસ્ફોટ થાય છે. એકંદરે અનેક દિવસોની નાની- મોટી ઘટનાઓમાંથી (દબાયેલી) એક વાર દશ્ય પરિણામ આપણી નજર સામે આવે છે.

ઊંટના પીઠની વાત તેમાં સૂચક છે. ઘાસની પૂંજી ઊંટ પર લાદીને એક જણ પ્રવાસે નીકળે છે. માર્ગમાં ઘાસની પૂંજી અમુક અંતરે વધતી જાય છે. તે એટલી વધી જાય છે કે એક ક્ષણે તો ઊંટ ઢળી પડે છે. ખરેખર તો તે માલિકે ઘાસની એક તણખલું તેમાં વધારેલું હોય છે. જોકે તે એક તણખલાથી આ આખો ચમત્કાર સર્જાય છે.

આ જ દાખલો આપણે જીવનને લાગુ કરીએ. આપણા જીવનમાં, વ્યવસાયમાં અથવા વ્યક્તિ વ્યક્તિના સંબંધમાં અનેક બાબતો આપણે દુલક્ષિત કરીએ છીએ. આગળ ધકેલીએ છીએ. ખરેખર તો આપણા મનમાં એકાદ બાબતમાં ઘણું બધું સચવાયેલું હોય છે. ઘટના બની જાય છે અને અનેક વર્ષ આપણે તેની પર વિચાર કરીએ છીએ. મનમાં કડવાશ- દ્વેષ જમા થાય છે. એક વાર તેને સ્ફોટ થાય છે. એક ધ્યાનમાં રાખો કે ફળ પાકેલાં હોય છે ત્યારે પવનના એક ઝોકનું નિમિત્ત હોય છે અને ફળ પડી જાય છે. આથી તરલ સાવધાનતા અને નીડર બનીને જીવનમાં દરેક ક્ષણ જીવવાને અપાર મહત્ત્વ છે. જો તમારા વિચારોમાં સ્પષ્ટતા હશે તો દુઃખનું મૂળ કારણ તમે સમયસર આકલન કરી શકશો.

મોટો અપજશ એ આપણી ઘણી બધી નાની નાની ભૂલોનું અને અસાવધનું દશ્ય સ્વરૂપ છે. રોજના જીવનમાં નીડર બનીને જીવવાનું મહત્ત્વ છે. મુક્ત રહો અને સુવ્યવસ્થિત પણ.

૩૮

એક ટકા વધારાની ઊર્જાનો પણ વિનિયોગ કરો

રોમથી પાછો આવતી વેળા વિમાન પ્રવાસમાં હું બ્રિટિશ જીક્યુ વાંચતો હતો. (રોમમાં સૌથી વધુ લોકપ્રિય માસિક). મારો ઓસ્ટ્રેલિયન મિત્ર એક વાર મને બોલ્યો, તું આ માસિકનું કોઈ પણ એક પાનું કાઢ અને વાંચી જા. તને તે એક પાનામાં અમુક ઇતિહાસ બાબતે- જે તે યુગધર્મ બાબતે કાંઈક નોખું અને નવું જાણવા મળશે. હવે તે જ માસિક વાંચતી વેળા મને તે વાત ખાસ યાદ આવતી હતી. ખ્રિસ કાર્મિચેલથી નીકળતું આ માસિક લાન્સ આર્મસ્ટ્રોંગ (સેવન ટાઈમ ટુર ડી ફ્રાન્સનો વિનર) કહે છે, આપણી પાસે રહેલી વધારાની એક ટકો ઊર્જા જ્યારે લોકો પોતાના માટે જાળવી રાખે છે ત્યારે અસામાન્ય લોકો તે ચૈતન્યમાંથી જ વિજેતાપદ મેળવે છે. કેટલો મોટો વિચાર છે નહીં? મને લાગે છે કે આ વિચાર આપણે આગળ લઈ જવો જોઈએ.

તમારી અંદરની ઊર્જાનો દરેક કણેકણ તમે સૃજનશીલતા માટે અને વૈશ્વિક સ્તરની સ્પર્ધામાં જીતવા માટે ખર્ચ કરવી જોઈએ! આવું જ્યારે આપણે કરીશું ત્યારે આપણી અંદરની પ્રજ્ઞા જાગશે. આ પછી તમારું આંતરબાહ્ય ચૈતન્ય ખીલશે અને કાર્ય બહુ જ સફળતાથી સિદ્ધિને વરશે. આખરે આપણે કહી શકીએ... મારી પાસે જે હતું તે મેં આપી દીધું છું. ખરેખર તો જીવનમાંની સાદી પળો, આપણી અંદરની ઊર્જા આપણે નાહક ખર્ચ કરતા હોઈએ છીએ પણ અસામાન્યો આ જ ચૈતન્યનો સૃજનતા માટે ઉત્કૃષ્ટતાથી ઉપયોગ કરે છે. આથી જ તેઓ મહાન હોય છે.

આપણી અંદરની વધારાની ઊર્જા અનેક લોકો જાળવી રાખવાનો પ્રયાસ કરતા હોઈએ ત્યારે વિજેતા તે જ ઊર્જા જીવનના વિકાસ સાથે સફળતાની સીડી પર ચઢવા માટે ચોક્કસ રીતે તેનો ઉપયોગ કરે છે.

૩૯

પરસ્પરની આપલે

બહુ જ નૈસર્ગિક છે કે કોઈ આપણને મદદ કરે તેને એક યા બીજા પ્રકારે મદદ કરવાનું આપણને મન થતું હોય છે. ઉપકારના બદલામાં નહીં પણ તેણે કરેલી મદદને આપેલો તે એક પ્રતિસાદ હોય છે. એક ધ્યાનમાં રાખો કે આપવું અને લેવું એ ફક્ત દેખાવ પૂરતું કે જડ પ્રક્રિયા નથી. પ્રેમમાં તો કોણ કોને કેટલું આપે છે અને કોણ કેટલું લે છે તે જ સમજાતું નથી. ઘણી વાર આપનારો અને લેનારો એક જ બને છે, એકમાં જ એક જ સમયે આપનારો પણ હોય છે અન લેનારો પણ. કોઈની પાસે કોઈ અપેક્ષા ન હોય, કોઈની પાસેથી જોઈતું જ ન હોય તો આનંદપૂર્વક લઈ શકાય.

એક સાદું ઉદાહરણ આપું છું. મારી ગાડીમાં ગેસ ભરવા માટે હું ઓફિસથી વીસ મિનિટ દૂર ગેસપંપ પર ગયો. ખરેખર તો ગેસપંપ મારાથી બહુ જ દૂર છે. ખાસ કરીને મારો નિત્યક્રમ એટલો વ્યસ્ત હોય છે કે આટલા દૂર સુધી જઈને ગેસ ભરાવવાનો એટલે મારે માટે માથાનો દુખાવો બની જાય છે પણ તેમ છતાં હું ત્યાં જ જાઉં છું. આટલું જ નહીં, મારા નિકટવર્તી મિત્રોને પણ ત્યાં જ જઈને ગેસ ભરાવવા માટે પ્રોત્સાહિત કરું છું.

થોડા સમય પૂર્વેની વાત છે. હું છોકરાઓને મૂકવા ગયો હતો. આવતી વેળા મારી ગાડી પંકચર થઈ ગઈ. હેમખેમ હું પેલા પંપ પર ગયો. ત્યાં ટોની નામનો એક વૃદ્ધ ગૃહસ્થ હતો. તેણે તરત જ મને સેવા આપી અને સરસ મજાની કોફી પણ પિવડાવી. આટલું જ નહીં, તેણે મારી સાથે મુક્તપણે ગપ્પાં પણ માર્યાં. આ પળો વચ્ચે મારો સમય કેટલો વેડફાયો છે તેની મને જાણ સુધ્ધાં થઈ નહોતી. ખરેખર તો ટોની ત્યાંનો એક કર્મચારી હતો. આમ છતાં તેણે આગળ વધીને વધારાની સેવા આપી અને કંપનીનું નેતૃત્વ પણ કર્યું. તે પણ અત્યંત સહજતાથી. ખરેખર તો ટોનીએ આપેલી સેવાને લીધે હું બહુ જ ખુશ થઈ ગયો અને તેથી જ નજીકમાં પંપ હોવા છતાં દૂર જઈને પણ ટોનીને ત્યાં જ ગેસ ભરાવું છું. મારા કેટલાક મિત્રોને પણ મેં તે વિશે કહ્યું છે. તેનો વ્યવસાય વધવો જોઈએ એવું મને લાગે છે. તેથી મારા અન્ય મિત્રોને પણ ત્યાં મોકલું છું. એકંદરે આપણી અંદરની સારપ અન્યોને આપીશું તેટલી તે આપણને મળશે એમાં શંકાને કોઈ સ્થાન નથી!

આ એકદમ નૈસર્ગિક છે કે જે આપણી મદદ કરે છે તેને એક યા બીજી રીતે આપણને પણ મદદ કરવાનું મન થાય છે. ઉપકારના બદલા તરીકે નહીં પણ તેણે કરેલી મદદને

તે એક પ્રતિસાદ હોય છે.

૪૦

તમારો પ્રેમ સર્વાર્થે વ્યક્ત કરો

ખરેખર તો જેમની પર આપણે મનઃપૂર્વક પ્રેમ કરીએ છીએ તેમની જ આપણે અવગણના કરતા હોઈએ છીએ. સાચું છે ને? આપણા કુટુંબના સભ્યોને, પત્નીને, છોકરાઓને (કદાચ કાયમ પોતાની આસપાસ રહેતા હોય એટલે) જોઈએ તેટલું મહત્ત્વ આપતા નથી. તમારા અને અન્યોના સંબંધ મૈત્રીપૂર્ણ છે? મૈત્રી હોય ત્યાં હેતુહીન કરૂણા હોય જ છે. આવું મન પ્રેમથી અને કરૂણાથી ભરેલું હોય છતાં કાંઈક હેતુશૂન્ય હોય છે. આપણે જ્યારે કુટુંબમાં એકત્ર હોઈએ ચીએ ત્યારે કેટલું પ્રેમભાવનું અને શુદ્ધ ઉત્સાહનું વાતાવરણ છવાયેલું હોય છે એ ક્યારેય તમે જોયું છે? ખરેખર તે જ આપણી ચૈતન્યશક્તિ છે. પણ અનેક વાર ચરિતાર્થના ચક્રમાં- નિત્યક્રમમાં આપણે આ અસલ પ્રીતિ પાસે દુર્લક્ષ કરીએ છીએ. તમે તમારા જીવનમાં, વ્યવસાયમાં બહુ જ સફળ છો, ખમતીધર છો પણ શિખર પર હોવા છતાં એકલા હશો તો મજા શેની? તમારી ભાવભાવના, આનંદ, તમારી વેદના સાંભળનારું કે વહેંચી લેનારું કોઈ ન હોય તો? તો આ જીવનનો, આ ઐશ્વર્યનો શો અર્થ છે? સંપૂર્ણ એકત્ર કુટુંબનો ફોટો એ બેન્કમાં ભરેલા બેન્ક ખાતા કરતાં અનેકગણો મોટો હોય છે. ખરું કહું છું. પ્રેમ કાયમ તાજો અને જીવંત હોય છે. અર્થાત, તેનું જીવંતપણું તમને ઓળખતા આવડવું જોઈએ અને પ્રત્યક્ષ આચરણમાં પણ લાવવાનું છે. તો હવે જાગો**!**

ફોન પર આપણાં કુટુંબ વિશે જણાતાપ્રેમ પ્રસંગે- પ્રસંગે વ્યક્ત કરતા રહો. તે જ પણ મુક્ત મનથી. કામે જવા પૂર્વે છોકરાને નજીક લઈને તેને પપ્પી આપવાનું ભૂલતા નહીં. તેને પોતે ચાહે છે એવું જરૂર કહો. છોકરા માટે ઓફિસમાંથી આવતી વેળા કાંઈક લઈને આવો. જે તમને મનથી ગમતું હોય. આજનો સમય વેડફી નહીં નાખતા. અન્યથા આગળ જતાં બહુ જ મોડું થઈ જશે. તમે પોતાના ચરિતાર્થના- પૈસા કમાવાના ચક્કરમાં, ગતિમાં અટવાયેલા રહેશો તો આપણા જ માણસોના પ્રેમથી વંચિત રહી જશો. આથી હાથમાં આવેલી તકનો ફાયદો લો અને પ્રેમનો બિનશરતી રીતે સ્વીકાર કરો.

ખરેખર તો જેમની પર આપણે મનથી પ્રેમ કરીએ છીએ તેમની જ આપણે અવગણના કરીએ છીએ.

૪૧

રિચર્ડ બ્રેન્સનનો ઊંચો આશાવાદ

ફોર્ચ્યુન નો અંક મેં હાલમાં જ વાંચી કાઢ્યો. તેમાં એક ટેકનિકલ કોન્ફરન્સનો તાદશ્ય અહેવાલ હતો. આ કોન્ફરન્સ નેકર ટાપુ પર યોજાઈ હતી. તેમાં રિચર્ડ બ્રેન્સનનો એક લેખ વાંચવામાં આવ્યો અને તેમાંના આશાવાદનાં ભરપૂર વખાણ થયાં. કોન્ફરન્સમાં આવેલા લોકો માટે મોટી પાર્ટી યોજવામાં આવી હતી. ડેવિડ ક્રિકપેટ્રિક એ રિચર્ડ બ્રેન્સન વિશે કહે છે, ‘રિચર્ડ એવી હસ્તી છે જે ખાદ્યપદાર્થથી લઈને કોઈ પણ રમત સુધીના વિષયો પર બોલી શકે છે.’ આટલું બોલીને ડેવિડે રિચર્ડના આસાવાદ વિશે ચર્ચા કરી અને તે ત્યાં સંપૂર્ણ કોન્ફરન્સમાં ચર્ચાનો વિષય બની ગઈ. તાણતણાવમાંથી મુક્ત થવા માટે જીવન પાસે એક અલગ, નવી નજરથી જોવાની આવશ્યકતા રિચર્ડે પ્રતિપાદન કરી છે. ખરેખર તો નિરાશા આ એક પ્રકારની પ્રતિક્રિયા જ હોય છે. રિચર્ડ કહે છે, આપણે જીવનનું સ્વાગત કરવું જોઈએ. સૃજનશીલતા અને શોધકતાનો એક અનોખો સંબધ છે. તમે જીવનનું આહવાન સ્વીકારવું જોઈએ અને આગળ ધપ્યે રાખવું જોઈએ. દરેક પાસે સૃજનશીલતા ઊપજતી હોતી નથી. ઉત્તમ નેતૃત્વ તે ચૈતન્યને પ્રવાહિત કરે છે. અર્થાત તે માટે એક પ્રકારનો ઊંચો આશાવાદ આપણી પાસે હોવો જોઉએ. મનની તીક્ષ્ણતા અને લવચીકતા તેમ જ તરલ સાવધાનતા સાથે સંકુચિત અને નકારાત્મક વિચાર પ્રવાહમાંથી બહાર આવો. પોતાના હ્દયના પ્રાંતમાં ઊંડાણમાં ઊતરી જાઓ અને અંતર્ભાગમાંના ચૈતન્યને આવિષ્કૃત કરો. તે પણ એકદમ નિર્ભય રીતે. અનેક વેળા આપણે હ્દયમાં સાચવેલી પ્રતિમા આપણી અભિવ્યક્તિની આડમાં આવતી હોય છે. તે સમયે ઉત્સાહ અને પ્રચંડ કુતૂહલ તમારી પાસે હોવાં જોઈએ. સૌની સાથે ભળી જવું અને સૌના બનીને રહેવું જરૂરી નથી શું? નિર્ભેળ મોકળાશથી તેમને પોતાના કરો. સત્યની શોધ કરો અને વાસ્તવનું પણ સન્માન કરવાનું ભૂલતા નહીં. જે શાશ્વત સૌંદર્ય હોય છે તે મનની નીરવ શાંતિમાં ન બોલાવીને પણ આવી જાય છે તે ધ્યાનમાં રાખો. અર્થાત તે માટે આશાવાદને નજીક કરો. આ પછી તમે એક અસામાન્ય વ્યક્તિ તરીકે ઓળખાવા લાગશો.

સદા આશાવાદી માણસોના સહવાસમાં રહો.
આશાવદી માણસ તમારી સાથે રહેશે તો પણ
તમારી અંદર મોટું પરિવર્તન આવી શકે છે.

૪૨

વાદવિવાદ - સંઘર્ષ ટાળો

શબ્દ અને શબ્દોની તાકાત વિશે મેં મહાનતાના માર્ગદર્શક ના પ્રથમ ભાગમાં હું બોલ્યો જ છું. તમારી ભાવ-ભાવના, તમારી માનસિકતા તેમજ તમારી પ્રકૃતિ, પિંડ તેમ જ તમારો સ્વભાવ એ એક યા બીજા પ્રકારે તમારા શબ્દોમાંથી (પ્રત્યક્ષાપ્રત્યક્ષ) વ્યક્ત થાય જ છે. શબ્દોમાંથી તમારી સંસ્કૃતિ, વિચારધારા પણ સમજાય છે. જોકે એક ધ્યાનમાં રાખો કે શબ્દોને બહુ મર્યાદિત અર્થ હોય છે. શબ્દ તમને કાયમ ગોથું ખવડાવે છે. શબ્દોની જાળમાં આપણે મોટા ભાગના લોકો કાયમ અટવાઈ જઈએ છીએ. આથી શબ્દ વાપરતી વેળા બહુ કાળજીપૂર્વક વાપરો અને વિવેકનિષ્ઠ રહો. આ પછી શબ્દો પર તમારો અંકુશ રહેશે. ખાસ કરીને વૈશ્વિક સ્તરે ફરતી વેળા શબ્દોની સંગત બહુ મહત્ત્વની હોય છે. એક પ્રકારે શબ્દ તમારું વ્યક્તિત્વ લઈને અવતરે છે. તમારો આત્મવિશ્વાસ પણ આ શબ્દોમાંથી વ્યક્ત થતો હોય છે.

મેનહેટનમાંના એક સ્ટારબક્સમાં હું બેઠો હતો. મારી બાજુના ટેબલ પર બેઠેલા એક ગૃહસ્થે ચાય લટ્ટાની ઓર્ડર આપી. પણ તે વેઇટરે તે પદાર્થ ખતમ થઈ ગયો છે એવું કહ્યું. પોતાને જોઈતો પદાર્થ ન મળ્યો એટલે નારાજ થયેલો તે માણસ વેઇટરને અને ત્યાંના મેનેજરને આડેધડ બોલવા લાગ્યો. આટલું જ નહીં, તેની આસપાસ અન્ય લોકો પણ છે તે જાણે તે ભૂલી જ ગયો.

દરરોજ આયુષ્ય તમારી હથેળીમાં અલગ અલગ પ્રસાદ રાખે છે. જીવનને સંપૂર્ણ પ્રતિસાદ આપવું મહત્ત્વનું છે. ખરેખર તો તમારું આંતરિક જીવન જ તમારા બાહ્ય શરીરમાંથી- શબ્દોમાંથી વ્યક્ત થતું હોય છે તે ક્યારેય ભૂલતા નહીં**!** તરલ સાવધાન રહો અને અન્યોને પીડા ન પહોંચાડવાની કોમળતા લાવો. કોઈ પણ મહાસંકટ આવ્યું તો પણ સદભાવ છોડતા નહીં**!** આપણું મન જો કડવાશથી, દ્વેષથી ભરેલું હશે તો તે દ્વેષીલા શબ્દોથી વ્યક્ત થવાનું જ**!** આથી શુદ્ધ મન સાથે, પ્રતિક્રિયા રહિત જીવવાનું શીખો**!** ખરેખર નેતૃત્વ આવું જ હોય છે.

જીવન આપણી હથેળીમાં શું મૂકે છે તે મહત્ત્વનું ન હોઈ આપણે પ્રાપ્ત પરિસ્થિતિને અને જીવનને કેવો પ્રતિસાદ આપીએ છીએ તે મહત્ત્વનું હોય છે. ખરેખર તો તેમાંથી ~~તમારી જવાબદારીનું પણ ભાન થાય~~ છે.

૪૩

તમારી સાથે સંવાદ સાધવા માટે

મને તમારી સાથે સંવાદ સાધવા, વિચારોની આપલે કરવાનું બહુ ગમે છે. જે સમસ્યાગ્રસ્ત છે, ખરા અર્થમાં જેમને વૈશ્વિક સ્તરે નેતૃત્વ કરવાનું છે, જેમણે સાધનસમૃદ્ધ જીવનનાં સપનાં જોયાં છે, જેમને જીવન પર ભરપૂર પ્રેમ છે, જેમને પોતાનો ખરા અર્થમાં વિકાસ સાધવો છે એવા લોકો સાથે સંવાદ સાધવા, તેમને ખરા અર્થમાં જગાવવાનું મને બહુ ગમે છે. યોગ્ય વિચાર, યોગ્ય જગ્યાએ કરીને આપણને જશના શિખર પર ચઢતા આવડવું જોઈએ. આખરે નેતૃત્વ એ પણ એક પ્રકારની જીવન દૃષ્ટિ જ છે. જીવનમાં યોગદાન અને જીવનની મહાનતા જો તમારા ધ્યાનમાં આવી તો તમે પોતાના જીવનને, સમગ્ર જગતને, પોતાના કોર્પોરેટ વિશ્વને ઘણું બધું આપી શકશો!

મને કાયમ બહુ તાદાત્મ્ય સાથે, સૃજનશીલ જીવવાનું ગમે છે. અવનવા અખતરા કરીને, જીવનમાં રસ લઈને, આત્મશોધ કરવો અને એક અજ્ઞાત માર્ગે આગળ વધતા રહેવું એવું મને કાયમ લાગ્યા કરે છે. ગત સપ્તાહમાં હું રેકોર્ડિંગ સ્ટુડિયોમાં ગયો હતો. હું જ્યારે કાયદાનો અભ્યાસ કરતો હતો ત્યારે સંગીત માટે ઘણો સમય આપી શકતો હતો. હવે જીવને મને એવો કસકસાવીને બાંધી રાખ્યો છે કે સંગીત પાસે ફરકી શકતો નથી. જોકે એક તબક્કે મેં નક્કી કર્યું કે આમાંથી બહાર નીકળી જવું છે. માણસે જીવનમાં સમય બચે નહીં એટલા શોખ કેળવી લેવા જોઈએ. અન્યથા જીવનના ઉત્તરાર્ધમાં એવું લાગશે કે ઘણું બધું કરવાનું રહી ગયું. (અલ પેસિનો લેરી કિંગને બોલ્યોઃ માણસને પ્રવાસમાં જેટલી સાંજ મળે તે ભરપૂર માણી લેવી જોઈએ. તો જ આપણે મહાનતાની દિશામાં જઈ શકીશું).

ગત બે-ત્રણ દિવસ મારું જીવન સ્ટુડિયોમાં જ એક સુંદર સંગીત- સૂરમાં નીકળી ગયા. હું તો જાણે હવામાં જ ઊછળતો હતો. મારા હૃદયમાં સૂર હતા અને મારા હું સૂરમાં ડૂબ્યો હતો. સ્ટુડિયોમાંના સૌ કલાકાર, દિગ્દર્શક, વાદકોની સૃજનશીલતાને અને સંગીતસાધનાને મેં મનોમન સલામ કરી. તમને ખોટું લાગશે પણ મેં મારું સંગીત રેકોર્ડ કર્યું છે. અફલાતૂન અનુભવ હતો તે. (હવે તમને તે કેવો લાગે છે તે જુઓ. તમે robinsharma.com પર જરૂર ક્લિપ સાંભળો- જુઓ). સ્ટુડિયોમાંની દરેક પળેપળ મને હજુ પણ યાદ છે. જેમની તેમ. હું જીવનમાં તે ક્યારેય ભૂલી નહીં શકું. આથી મારે તમને કહેવાનું મન થાય છે કે મોટાં સપનાં જુઓ, જીવનમાં જોખમ વહોરી લો. જીવનની સામે જાઓ અને તેને સંપૂર્ણ પ્રતિસાદ આપો. આ પછી જુઓ જીવન તમને બંને હાથે ભરીભરીને આપશે. એટલું બધું આપશે કે કદાચ તે ભેગું કરવામાં તમારા બે હાથ પણ ઓછા પડી શકે. જીવનને આહવાન કરો. સુરક્ષિત રમત છોડીને અશુરક્ષિત રહેવા માટે કચવાતા નહીં! આ પછી તમે એક અનમોલ વ્યક્તિ તરીકે ખ્યાતિપ્રાપ્ત બનશો!

મારાં સપનાં પૂરાં થશે નહીં એવો વિચાર મનમાં લાવતા નહીં!
જીવનને આહવાન કરો અને સપનું પૂરું કરવાની
દિશામાં સતત આગળ વધતા રહો.

૪૪

સહજ કૃતિશીલતા

કોઈ પણ વૈશ્વિક સ્તરની સંસ્થા કે કોર્પોરેટ વિશ્વના વૈભવશાળી ઉદ્યોગપતિ કાયમ પોતાની (અમુક) કૃતિ ઉત્કૃષ્ટ નિયોજન અનુસાર કરવાનો પ્રયાસ કરે છે. અમુક વાર તો તેઓ સહજ કૃતિઓને પણ મહત્ત્વ આપે છે. એક ધ્યાનમાં રાખો કે સહજ કૃતિને અપાર મહત્ત્વ હોય છે. સહજતા વિના આત્મદર્શન થવું અશક્ય છે. નવી ક્ષણો સાથે અને કાયમની વ્યક્તિ સાથે આપણને નવેસરથી સંબંધ જોડતા આવડવું જોઈએ. આટલું જ નહીં, તે સંબંધની અનિત્યતા આપણને ઓળખતા આવડવી જોઈએ. તો જ આપણે નવા દિવસની સામે સંપૂર્ણ નવેસરથી જઈ શકીશું. અનેક વિભિન્ન સ્થિતિ- ગતિમાંથી અને પરિસ્થિતિમાંથી આપણું મન આવજા કરતું હોવાથી મન પ્રભાવ-પરિણામકારકતાથી વ્યાપી જાય છે. અમુક પ્રભાવ મનને બહુ જ સંકુચિત કરતા રહે છે. જોકે તમારે વિસ્તારશીલતા ભણી જવું હશે તો આ ધ્યાનમાં રાખવું જોઈએ. પ્રેમ, જવાબદારી અને આત્મસમર્પણ સાથે કર્મમગ્ન રહેવું અને આપણું શ્રેષ્ઠતમ આપણાં કાર્યોને બહાર કરવું જરૂરી છે.

કાયમ સારી, સૃજનશીલ વ્યક્તિના સહવાસમાં રહો. નિયોજન પ્રમાણે સહજતાને મહત્ત્વ આપો. અહંકાર, આવિર્ભાવ જેવા પ્રભાવમાંથી મુક્ત થઈને શુદ્ધ અને સ્પષ્ટ આચારવિચારથી જીવનને પ્રતિસાદ આપો. આ પછી જીવન પણ તમારી મદદે આવશે. એક ધ્યાનમાં રાખો કે જે વસ્તુસ્થિતિ છે તેને જ્યારે હું માન આપું છું ત્યારે મને તેનું યથાર્થ આકલન થાય છે. આવા જીવનને જ્યારે હું પ્રતિસાદ આપું છું ત્યારે સહજ કૃતિ અવતરે છે. આટલું જ નહીં, મનની ઉપરનાસ્તરમાં શાંતિને રમવા લાગે છે. તમારે જો સમસ્યાનું આકલન કરી લેવાનું હશે તો સમસ્યાને સમર્થન કરવાનું નકામું છે અથવા તેને વાચા આપીને ચાલશે નહીં. આ દષ્ટિએ જોવાથી સમસ્યાનું ખરું આકલન થતું હોય છે. સમજી લેવાની આતુરતા અને તરલ સમાધાન ખરેખર જરૂરી છે. એકંદરે વિચારોની સંપૂર્ણ પ્રક્રિયાનું જો આપણે આકલન કરીએ તો નિયોજન અને સહજ કૃતિમાંનો ફરક આપણને ધ્યાનમાં આવશે. આથી જ કહું છું કે નવા દિવસનો નવેસરથી સામનો કરો.

જો તમારો નિર્ધાર પાક્કો હશે અને જો તમે જીવનના આહવાન કરશો તો જીવન પણ તમારી યોગ્ય તે મદદ કરશે.

૪૫

આત્માવલોકનમાંથી આત્મવિકાસની દિશામાં

આત્માવલોકન, પોતાને સર્વસ્વી જાણવું તે એક રીતે આત્મવિશ્વાસની દિશામાં જવા બરાબર હોય છે. અર્થાત, આ માટે તમારી પાસે ઉચ્ચતમ સ્વરૂપની તરલ સાવધાનતાની આવશ્યકતા છે. એક ધ્યાનમાં રાખો કે અવધાન, જાગરૂકતાનો એક મોટો સ્રોત આપણી પાસે હોવો જરૂરી છે. ખાસ કરીને પોતાના વિશે જાગરૂકતા મહત્ત્વની લાગે છે. ખરેખર તો આપણી રોજિંદી મનની પ્રવૃત્તિમાંથી આપણને સ્વની શોધ થાય છે. માણસને પોતાની જાણના વેપારનું સંપૂર્ણ વલણ આવશે ત્યારે તેના મનમાં પ્રજ્ઞા આકારમાં આવશે. એકંદરે આત્મચિકિત્સાનું સ્પષ્ટ વલણ રાખો**!** વલણ એટલે મનની પ્રવૃત્તિ. આ મનની પ્રવૃત્તિમાં હુંનું અસ્તિત્વ હોતું નથી. આવા દરેક ક્ષણ સંપૂર્ણ વર્તમાનમાં આપણને જીવતા આવડવું જોઈએ એ નક્કી છે**!**

મને કાયમ લાગે છે કે સવારે જ્યારે આપણે અરીસા સામે ઊભા રહીએ છીએ ત્યારે આપણી પ્રતિમા પાસે નીડરપણે જુઓ. આ પછી આપણે કેવો વિચાર કરીએ છીએ. શું વિચાર કરીએ છીએ, પ્રશ્નોને પ્રતિસાદ આપીએ તે આપણે જોઈ શકીશું. તેમાં પણ આપણે આજે જીવનમાં એક ડગ આગળ વધીશું કે? આવો પ્રશ્ન પોતાના જ અંતર્મુખે પૂછો. મહાનતાની દિશામાં એક ડગ (નેક્સ લેવલ ઓફ ગ્રેટનેસઃ એનએલજી) આગળ વધો**!** આવનારો દરેક દિવસ, તમારું જીવન તમારા માટે એક તકની બારી ખોલીને બેઠેલું હોય છે. અર્થાત તમે તેને કેટલો અને કઈ રીતે પ્રતિસાદ આપો છો તેની પર તમારી વિધિલિખિત નિર્ભર કરે છે. આથી રોજના દિવસનો વિકાસ જ તમને જશશિખર સુધી લઈ જવાનો છે એ ભૂલતો નહીં**!**

આત્મવલોકનમાં પોતાને પૂછોઃ આજે આપણે પોતાના વ્યક્તિગત તેમ જ વ્યાવસાયિક જીવનમાં વિકસિત થઈ રહ્યા છીએ ખરા? મહાનતાની દિશામાં એક ડગ (નેક્સ્ટ લેવલ ઓફ ગ્રેટનેસઃ એનએલજી) આગળ વધો!

૪૬

અસંતોષના સહવાસમાં

જે બાબતો આપણને બહુ જ આહવાનાત્મક, વિચિત્રપૂર્ણ લાગે છે તે બહુ જ ત્રસ્ત કરે છે એવી બાબતોને બિનશરતી રીતે સ્વીકાર કરવાનું શીખી લો. ખરેખર તો તેમાંના તણાવમાંથી આકાર પામનાર કલ્પના- વિચાર અને અનુભવ આપણને બધી રીતે વિકસિત કરવાના છે એ વિશે વિશ્વાસ રાખો. મને હૃદયથી એવું લાગે છે કે તમારો ખરા અર્થમાં વિકાસ થવો જોઈએ અને તમે મહાનતાની દિશામાં કાર્ય કરી રહ્યા છો.

સામાન્ય રીતે આપણી આસપાસના લોકો પોતાનું સુરક્ષિત બંદર છોડીને વાદળિયા સમુદ્રના પ્રવાસે નીકળતા જ નથી. તેઓ પોતાના સુરક્ષિત બંદરમાંની રેતીમાં પડી રહેવાનું વધુ પસંદ કરે છે. જોકે આ સુરક્ષિતતા છોડ્યા વિના કે તોફાને ચઢેલા સમુદ્રની સામે જવા સિવાય તમને જીવનનો ખરો આનંદ અને જશ ક્યારેય મળશે નહીં. આપણી જે પરિસ્થિતિ છે તેના કરતાં અલગ હોત તો સારું થયું હોત એવું તમને લાગે છે, કારણ કે આ લોકોનો અસંતોષ બહુ જ તકલાદી હોય છે. જેમને અસંતોષ હોતો નથી તેઓ મૂળમાં મૃત:પ્રાય હોય છે.

એક ધ્યાનમાં રાખો કે આપણા પૂર્ણ અસંતોષમાંથી (પોતાના વિશે અસમાધાનમાંથી) આપણી અંદરની સૃજનશીલતા અને ઉપક્રમશીલતા વિકસિત થતી હોય છે. આ ઉપક્રમ અસંતોષના સહવાસમાં આપણે હોઈએ છીએ? સામાન્ય માણસનું મન ડરથી જકડાયેલું હોય છે (બંદરની રેતીમાં જડાયેલા જહાજની છે). આને કારણે પોતાની અંદરની અસંતોષની જવાળા પર જો તમારો વહાલ હશે તો તમે પોતાના અસ્તિત્વ સાથે કાર્યરત રહેશો. તો જ તમારો ખરા અર્થમાં વિકાસ થશે. અન્યથા તમે પણ તે સામાન્યમાં જ ગણના પામશો. આથી જ જે ખરા અર્થમાં (પોતાના વિશે) અસંતોષી છે, જેમના ખરા અર્થમાં સૃજનશીલ સ્તરે જીવવું છે, વિકસિત થવું છે એવા લોકોના સહવાસમાં કાયમ રહેવાનો પ્રયાસ કરો, કારણ કે તે લોકો જ તમને ખરા અર્થમાં પ્રેરણા આપશે. આપણે જ્યારે ખરા અર્થમાં ચોક્કસ રહીએ ત્યારે જ આપણી અંદરથી આંતરદષ્ટિ ઉદય પામશે. આ આંતરદષ્ટિ જ સૃજનશીલતાને તેની અંદરના આનંદ સાથે મદદરૂપ ઠરશે. આથી જ કહું છું કે આપણા વહાલના પ્રાંત સામે બાથ ભીડીને ખરા અર્થમાં ગતિમાન રહેશો તો અત્યંત દૂર જવું શક્ય છે. પછી તે પ્રવાસનો અંત હોતો નથી અને તે જ તેનું રહસ્ય હોય છે અને સૌંદર્ય પણ.

જે અત્યંત સામાન્ય હોય છે તેઓ સમસ્યાનો સામનો ન કરતાં રાજીનામું આપીને હૃદયસરસું ચાંપી રાખે છે.
ફક્ત મોટી મોટી વાતો કરે છે. આવા લોકો સાથે રહો નહીં!

૪૭

હવે તમે ક્યાં છો તેની આત્મશોધ કરો

તમને વૈશ્વિક સ્તરે જો પોતાની છાપ ઊપસાવવી હશે તો તમારી પાસે સૌંદર્યપૂર્ણ શોધકતા હોવી જોઈએ. સતત સારપની શોધમાં રહેવું અને એક આંતરિક જોશથી નવીનતાની શોધમાં પ્રવાસ કરવો જરૂરી છે. આટલું જ નહીં આપણે છાતીસરસા જતન કરેલાં મૂલ્યોમાં ઉમરો કરતાં બહુ જ ચાતુર્યથી આપણી પ્રગતિની (બધા અર્થમાં) ગતિ રાખવી અત્યંત જરૂરી છે. તો અને તો જ તમે મોટી વ્યાવસાયિક તરીકે સહજ ઓળખાવા લાગશો. તમારી શોધની આડમાં તમારો ડર, ભૂતકાળનો અપજશ, વિસ્મૃતિ અને તમારો વિશ્વાસ આડમાં આવતો હોય છે. અર્થાત તે બદલ જો તરલ સાવધાન હશો તો તમે એક અસામાન્ય જીવન સહજ ઘડી શકશો. ધ્યાનમાં રાખો કે પરિવર્તનનો આરંભ તમારે જ કરવાનો છે. જોકે તે જે પ્રયાસ કર્યો જ નથી તે તમારી અંદરનું ચૈતન્ય તમને કઈ રીતે જણાશે? આથી જ પોતાની પાસે સતત આત્મશોધકતાથી જોતા રહો. નવી નજરે અને દૃષ્ટિએ જીવનની ઘટનાઓ પાસે, આસપાસ જુઓ. સિલિકોન વેલીમાંની આઇડીઈઓ કંપનીના અધ્યક્ષ ટોમ કેલી કહે છે, ‘તમારા માથામાં ઘુઘવતું વાદળ ઠંડી હવાની જગ્યાએ અથવા સમુદ્રકિનારે હોટેલમાં ગયાં પછી જ શાંત થઈ શકે છે? ’ નવી કલ્પના માટે અન્યત્ર ક્યાંય જવાની જરૂર નથી. તમારું મન પૂરતું અક્રિય સાવધાન હશે અને તમારા માથામાં ચાલતા વિચારોનું વાદળ જો શાંત થયેલું હશે તો તમે જ્યાં હશો ત્યાં તમે શાંતિ અનુભવી શકશો. મુખ્યત્વે આ શાંતિ પવિત્ર હશે અને સૃજનશીલતાની મદદગાર પણ. આ પવન કાંઈ સમુદ્રકિનારા પરથી થોડો જ આવે છે.

વૈશ્વિક સ્તરે જો તમને સફળ થવું હશે તો
સૌંદર્યપૂર્ણ સૃજનશીલ શોધકતાની ખરી જરૂરત છે.

૪૮

વાલી તરીકે અભિમાન

કોઈ પણ નેતૃત્વનો આરંભ ખરેખર તો ઘરમાંથી જ શરૂ થાય છે. તમારું કુટુંબ પણ એક વ્યવસ્થા જ હોય છે. આ વ્યવસ્થામાંના પ્રસંગો અને પરસ્પર સબંધ આપણે કઈ રીતે હાથ ધરીએ છીએ તેની પર કુટુંબનું સુખસમાધાન નિર્ભર હોય છે. ખરેખર તો આ વ્યવસ્થાને જ વ્યાપક સામાજિક અર્થ હોય છે. આપણા કુટુંબમાંની વ્યક્તિ સાથે આપણો પૂર્ણ આદર અને પ્રેમભર્યો સંબંધ હોવો જોઈએ. સંઘર્ષ- તાણતણાવનો જેમાં અંત થયો છે એવું જીવન આ વ્યવસ્થામાં જીવી શકાય ખરું? આટલું જ નહીં, આ કુટુંબમાંના પરસ્પર સંબંધ પ્રેમ પર આધારિત છે ખરા? આ પ્રશ્નોનો આપણે ગંભીરતાથી વિચાર કરવો જ જોઈએ. અન્યને ન દુભવતા આનંદિત જીવન જીવવું જરૂરી છે.

બિયાંકાને શાળામાં મૂકીને પાછો આવતો હતો ત્યારે મારી નજર એક કારની નંબર પ્લેટ પર પડી. તેની પર નાના છોકરાનાં નામ અને તેમની વિશે પ્રેમ વ્યક્ત કરતું વાક્ય હતું. મને મજા પડી.

તમને તમારા છોકરાઓ વિશે અભિમાન થાય છે? છોકરાઓ અને તમારી વચ્ચેનો સંબંધ દાઢ અને પ્રેમાળ છે ખરો? કમસેકમ મારા છોકરાઓ અને મારા સંબંધ અત્યંત પ્રેમભર્યા છે. ખરેખર તો મારા કામનું સમયપત્રક વ્યસ્ત હોય છે. પરંતુ તેમાંથી હું છોકરાઓને જોઈએ તેટલો સમય આપું છું. બલકે, તે માટે પ્રાધાન્ય આપું છું. તેમને જોઈએ તે રમત અને રમકડાં હું તેમને લાવીને આપું જ છું પણ તે ઉપરાંત હું તેમના સ્તરે રમવાનો પ્રયાસ કરું છું અને તેમની સાથે સંવાદ સાધતો રહું છું. દરેક વાલીએ સમયાંતરે આવું કાંઈક જોઈતું હશે તો બાળકો સાથે આવા જ સુયોગ્ય પરસ્પર સંબંધ રાખવા જોઈએ. પછી કોઈ પણ સમસ્યા અસ્તિત્વમાં આવતી નથી. મહાનતાના માર્ગદર્શક ના પહેલા ભાગમાં મેં લખ્યું છેઃ મારા અનેક કલાયન્ટ્સને પોતાના બાળકોનુ બાળપણ જ યાદ નથી. કારણ કે તે સમયે તેઓ પૈસા- પ્રતિષ્ઠા મેળવવાની પાછળ લાગ્યા હતા. તેમણે તે સમયે તે તક ગુમાવી દીધી હોવાથી જીવનના ઉત્તરાર્ધમાં બાળકો અને તેમની વચ્ચે મોટું અંતર પડી ગયું છે. પૈસો આટલો મહત્ત્વનો છે?

આપણી બાળકો સાથે સ્નેહપ્રકાશમાં આપણને ભરપૂર પ્રેમ મળે છે. જીવનમાં ઇન્દ્રધનુષ્યના રંગ ભરાય છે, કારણ કે આપણે બાળકો સાથે પ્રેમથી એકત્ર આવેલા હોઈએ છીએ. તેમાં કોઈ હેતુ હોતો નથી. દરેક પ્રતિષ્ઠા ત્યાં નકામી થઈ જાય છે. ફક્ત આનંદથી અને આત્મીયાતાથી એકત્ર સંવાદ- સંભાષણ હોય છે અને તે જ જીવનને ખરો અર્થ આપે છે.

પૈસો એ કાંઈ જીવનનું અને આનંદનું એકમાત્ર સાધન નથી.

૪૯

આંતરિત સુપ્ત શક્તિ

ટાઇમ માસિકનો નવો અંક હું જોતો હતો. જગતની ૧૦૦ સૌથી પ્રભાવશાળી વ્યક્તિઓનાં નામની તેમાં નોંધ હતી. હું આ મહાન લોકોમાં મારી નજર ફેરવવા લાગ્યો. બ્રેન્સન, ગોર, લક્ષ્મી મિત્તલ હતા. ઓર્પેહા હતી. પણ મારું સૌથી વધુ ધ્યાન ખેંચ્યું લિયોનાર્ડો ડિકાપ્રિયોએ. મહાન ફિલ્મ નિર્માતા- દિગ્દર્શક માર્ટિન સ્કોરેસે તેના વિશે એક જગ્યાએ સુંદર લખ્યું છે. તે કહે છે, ડિપાપ્રિયો એટલો નૈસર્ગિક કલાકાર છે કે તે અભિનય કરી રહ્યો છે એવું લાગતું જ નથી. તે વાંચ્યું અને મેં અંક બંધ કરીને મૂકી દીધો. માર્ટિનના ઉદગાર હું ઘણો સમય વિચારતો રહ્યો.

ખરેખર પ્રતિભાશાળી વ્યક્તિની નિર્મિતી અને કૃતિ એકદમ સહજ, નૈસર્ગિક લાગતી હોય છે નહીં? એકદમ પ્રયત્નશૂન્ય લાગે તેમ**!** તે નિર્મિતીમાં- સહજ કૃતિમાં ઠાઠ, સૌંદર્ય તેમ જ સુરેખતા ફક્ત અસામાન્ય જ હોય છે. અર્થાત, તે અસામાન્યત્વ સહજ અભિવ્યક્ત કરવા માટે કરવા પડતા કષ્ટ અને તેમણે કરેલો દીર્ઘ પ્રવાસ અનેક વાર આપણને ધ્યાનમાં આવતો નથી. ખરેખર તેના નિર્મિતીક્ષમ પ્રેમના અને દીર્ઘકલીન (અનાસક્ત) પ્રવાસના પ્રયાસનું જ તે એક દશ્યફળ છે. અર્થાત, તે કલાકારને, પ્રતિભાવાનને પણ તેની જાણ હોય છે. આથી જ તે બહુ નમ્ર અને ઈશ્વર પ્રત્યે બહુ કૃતજ્ઞ હોય છે. સામાન્ય લોકો પોતાનાં કામ અધૂરાં છોડે છે. પોતાની પૂરી તાકાત લગાવીને ડુંગર ચઢતા નથી. અત્યંત ઉત્કૃષ્ટતાનો આપણે આગ્રહ રાખતા નથી. આને કારણે મનથી, અંતઃકરણથી અને પ્રત્યક્ષ જીવનમાં આપણે હંમેશાં સામાન્ય રહી જઈએ છીએ અને અસામાન્ય વ્યક્તિ પાસે અચરજથી ફક્ત જોતા રહીએ છીએ. ખરેખર તો આપણે માનસિક સમસ્યા, દુઃખ તેમ જ સમસ્યાથી જ ગ્રસ્ત હોઈએ છીએ. હા કે નહીં? ખરેખર આ સૌ પર માત આપીને આપણે બહુ દૂરની મજલ મારવી જોઈએ એ ક્યારેય ભૂલતા નહીં**!**

પ્રતિભાશાળી વ્યક્તિની નિર્મિતી અને કૃતિ એકદમ સહજ- નૈસર્ગિક, પ્રયત્નશૂન્ય લાગે છે. તે નિર્મિતીમાં- સહજ કૃતિમાં ઠાઠ, સૌંદર્ય અને કૃતિનો દેખાવ પણ અસામાન્ય હોય છે. અર્થાત આ અસામાન્યત્વની સહજ અભિવ્યક્તિ માટે કરવા પડતા કષ્ટ અને તેમણે કરેલો દીર્ઘ પ્રવાસ અનેક વાર આપણા ધ્યાનમાં આવતો નથી.

૫૦

પરિવર્તનથી પરિપૂર્ણતાની દિશામાં

હું બધી રીતે પરિપૂર્ણ છું, એવો મારો ક્યારેય દાવો નહોતો અને નથી. હું ગુરુ નથી પણ સતત વિકસિત થઈને પરિવર્તનમાંથી પરિપૂર્ણતાની દિશામાં જવાનું મને ગમે છે. મારા પોતાનાં કેટલાંક સામર્થ્ય સ્થળ છે અને મર્યાદા પણ. આ મર્યાદાની મને પૂરેપૂરી ખાતરી છે. અનેક વાર મારા ધ્યાનમાં આવે છે કે હું ઘણી વાર ઉતાવળો થઈ જાઉં છું. તેમાંથી મારી કૃતિ- ઉક્તિમાં આવેગ આવે છે. આ પછી આવેગ જ સૂક્ષ્મ વલણમાં, ક્ષણવારમાં વ્યત્યય બની રહે છે. હવે મને થયેલું આ આકલન મેં તરત અમલમાં લાવી દીધું છે. હવે મને ઘણે અંશે અક્રિય સાવધાનતાથી જીવવાનું ગમવા લાગ્યું છે.

સમસ્યા, પ્રશ્ન અથવા આપણી દુર્બળતાની જે કાંઈ જગ્યા છે તેનું પ્રત્યક્ષ આકલન જ્યારે આપણને થશે, એટલે કે જે છે તે આપણા વલણમાં આવે ત્યારે જ પરિવર્તન શક્ય બને છે. ખરેખર તો આવું પરિવર્તન આપણને મુક્ત, ઉત્સાહપૂર્ણ, શક્તિપૂર્ણ રહેવા મદદ કરે છે. તે રીતે આપણને રહેતા આવડવું જોઈએ. એકંદરે કોઈ પણ સ્વીકાર- અસ્વીકાર ન કરતાં પોતાનું અવલોકન કરવું, પોતાને જાણનું એ એક મુશ્કેલ બાબત છે. આ માટે વલણની કળા અવગત કરવી જોઈએ. બેસ્ટ લાઈફ ની નિયતકાલિકામાં પ્રસિદ્ધ અભિનેતા ક્લિંટ ઇસ્ટવૂડે કહ્યું છે, તમને જો તમારા જીવનમાં પરિવર્તન લાવવું હોય તો તે પરિવર્તનનો હમણાંથી જ આરંભ કરો.

પોતાની ટીમ સાથે હળીમળી જાઓ અને તેમને સંપૂર્ણ સહયોગ આપો. અનેક વાર એકાદ બાબતનો આરંભ અન્યોએ કરવો તે માટે દરેક જણ થોભેલો હોય છે. આવા સમયે જ તમે આગળ વધો અને પ્રત્યક્ષ કૃતિનું મુહૂર્ત કરો. આ પછી તમારી આસપાસ લોકો તમારી સાથે આવશે. હુંનું અમારામાં, એકાત્મતામાં રૂપાંતર થશે. અર્થાત આ પરિવર્તન માટે પ્રથમ ડગ તમારે ઉપાડવું પડશે એ નિશ્ચિત છે. ખરેખર તો આ જ નેતૃત્વનું ચાતુર્ય છે. તે જ્યારે આપણે તરત જ અમલમાં લાવીશું ત્યારે પરિવર્તન નિશ્ચિત આવશે. આ હકારાત્મક પરિવર્તન જ આપણને અસામાન્ય પાસે લઈ જશે. પરિવર્તનને પાક્કું સમજી લો.

અનેક વાર એકાદ બાબતના આરંભમાં અન્યોએ શરૂઆત કરવી તે માટે દરેક જણ થોભેલો હોય છે. આવા સમયે તમે આગળ વધો અને પ્રત્યક્ષ કૃતિનું મુહૂર્ત કરો.

૫૧

પરસ્પર સંબંધ વિશેનાં અમુક મૂળભૂત તત્ત્વો

આખરે જીવનની ગુણવત્તા કાયમ પરસ્પર સંબંધની ગુણવત્તા પર જ નિર્ભર હોય છે. તમારો તમારા ગ્રાહકો સાથે સપ્લાયર્સ સાથે, તમારી ગમતી વ્યક્તિ સાથે આવનારો સંબંધ ઉપરાંત તમારા પોતાના સંબંધને અંતરમુખતાથી જોવું જોઈએ! આ સંબંધ પ્રત્યે લગાવ તો હોવો જોઈએ જ પણ આ સંબંધનું ખરું આખલન આપણને થયું તો આપણે એક નવો સમજ નિર્માણ કરીશું. સંબંધના સંવેદનશીલ ગુણો સિવાયનો પ્રેમ એટલે શું તે આપણને ક્યારેય નહીં સમજાય. સંઘર્ષ- તાણતણાવનો જેમાં અંત થયો છે એ રીતે આપણે જીવતા ફાવશે? અર્થાત તે માટે અત્યંત સાવધ અને બહુ જ સંવેદનશીલતાની જરૂર છે. એમાં પણ પોતાને જાણવું અને પરસ્પર સંબંધનું મહત્ત્વ છે. કૃપા આ બાબતે ગંભીર બનો!

પરસ્પર સંબંધમાં એકદમ વૈશ્વિક સ્તરે પણ મોટી ગુણવત્તા પ્રાપ્ત કરવા માટે સાત મૂળભૂત તત્ત્વો નીચે આપ્યાં છે, જેનો બહુ અંતરમુખતાથી વિચાર કરો અને મુખ્યત્વે તે તત્ત્વોનો તરત અમલ કરો.

- ઓળખીતી વ્યક્તિને, પછી તે ગમે તેટલી નાની- મોટી હોય, તેને જાતે ઓળખ આપો. (નમસ્તે/ હેલો/ સલામ માલેકુમ કહો). તેમાંથી એક રીતે આપણે બીજાનો આદર રાખેલો હોય છે. (ખરેખર તો જીવનમાં આપણે સર્વસાધારણપને અનેક જગ્યાએથી નકારાઈ ગયા હોઈએ છીએ).
- પ્રસન્ન ચિત્ત અને હસતું મોઢું રાખો ! અન્યોને બોલતા કરવા તે એક જાણીતો ઉપાય છે. આ પછી સંવાદમાં સામેની વ્યક્તિ અમુક મિનિટમાં જ દિલ ખોલીને વાતો કરવા લાગે છે. તમારું વર્તન હંમેશાં મૈત્રીપૂર્ણ- સૌહાર્દમય રાખો.
- સામેની વ્યક્તિને તેમના નામ/ અટકથી સંબોધો. તે બહુ મહત્ત્વનું છે, કારણ કે તેમાંથી તમારી સામેની વ્યક્તિને તમે નોંધ લેતા હો છો.
- સામેની વ્યક્તિની આંખોમાં આંખો પરોવીને બોલો.
- વૈશ્વિક દરજજાના શ્રવણકર્તા બનો ! અન્યોના સુખ-દુ:ખમાં રસ લો. અનેક વાર આપણે સંવાદમાં સારા પ્રશ્ન પૂછતા નથી. અમુક વાર તો આપણા નકારાત્મક વિચાર શબ્દોમાંથી ડોકિયા કરે છે. બીજો જે કાંઈ બોલે છે તેમાં રસ બતાવો ! અનેક વાર આપણે બીજાને બોલવા દેતા નથી. વચ્ચે વચ્ચે આપણે બોલવા લાગીએ છીએ અથવા બીજાની વાત પૂરી થાય તે પૂર્વે જ આપણે હવે શું બોલવું તેની પર વિચાર કરવા લાગીએ છીએ. ખરેખર તો પ્રતિક્રિયા વિરહિત અને કોઈ પણ બૌદ્ધિક સમર્થન ન કરતાં આપણને સાંભળતા આવડવું જોઈએ.
- સામેની વ્યક્તિના બોલને દાદ આપો. સ્તુતિ સદૈવ યોગ્ય અને તરત જ કરવી જોઈએ. મુખ્યત્વે સૌની સામે આપણને સ્તુતિ કરતાં આવડવી જોઈએ. ખરેખર

તો સ્તુતિનો દરજ્જો એકાદ બક્ષીસ જેવો હોય છે. એકંદરે સ્તુતિ મનથી કરેલી હોવી જોઈએ. આખરે પ્રતિક્રિયા કરતાં પ્રતિસાદ મહત્ત્વનો હોય છે.

- સામેની વ્યક્તિનો વધુમાં વધુ આદર કરો. હું જ્યારે ઘરે પાછો આવું છું ત્યારે મારા બાળકો મારી આસપાસ ભેગા થાય છે. હાસ્ય- વિનોદ કરે છે. એક રીતે મને મારું મહત્ત્વ સમજાવા લાગે છે.

આ સીધીસાદી કલ્પના આપણા સંવાદમાં અને સંબંધમાં તરત જ અમલમાં લાવો. આપણી મહાનતા આ મૂળભૂત બાબતો પર નિર્ભર કરે છે.

સામેની વ્યક્તિની સ્તુતિ- ગૌરવ કરવાની તક ક્યારેય છોડતા નહીં!

૫૨

ચિંતાના પડઘા

વિચારકો અને નેતૃત્વશીલ વ્યક્તિત્વ આપણને સંપૂર્ણપણે વર્તમાનમાં જીવવા માટે પ્રોત્સાહિત કરે છે. 'હમણાં અને અહીં' જીવવાની કળા આપણે કેળવી લેવી જોઈએ. જોકે અનેક વાર આપણે ભૂતકાળનો બોજો લઈને વર્તમાનમાં જીવતા રહીએ છીએ. આથી વર્તમાનની ક્ષણો આપણે વેડફી નાખીએ ચીએ. આથી વર્તમાનમાં જીવનને સંપૂર્ણ પ્રતિસાદ આપવું જરૂરી છે. તેમાંય જીવનની દરેક ક્ષણ સંપૂર્ણપણે જીવવી અને તેમાંની હોશિયારી આત્મસાત કરવી બધી રીતે મહત્ત્વનું નીવડે છે.

ખરેખર તો ભૂતકાળમાંની ચિંતાનાપડઘા આપણના વર્તમાનને ખરાબ કરી નાખે છે. અમુક વાર આપણે સારી સ્મૃતિઓને વાગોળીએ છીએ. તે મીઠી- સારી યાદોમાંનું સુખ આપણે ગમે છે. દુઃખદ ઘટના મનને ત્રસ્ત કરતી રહે છે. ખરેખર તો ઘટના ભૂલી જાઓ. આપણે જો ભૂતકાળની ઘટનાઓ ભૂલીશું નહીં અને તે વિશેની કડવાશ અને દ્વેષ મનમાં રાખીશું તો આપણે સંવદનશીલ નથી એવો જ તેનો અર્થ નીકળશે. આથી ઘટના ભૂલી જાઓ પણ તેમાંનો અર્થ અને બોધ લેવાનું જોકે ભૂલતા નહીં! એક ધ્યાનમાં રાખો કે મૂળભૂત પરિવર્તન એ ફક્ત વર્તમાનમાં જીવવા (સંપૂર્ણપણે)માં સમાયેલું છે. વર્તમાન ક્ષણની અર્થગર્ભતાની વાસ્તવિક પિછાણ થવી એટલે કાળના બંધનમાંથી એક રીતે મુક્ત થવું એ છે. સૌથી મહત્ત્વનું એટલે આજની ક્ષણ એ ગઇકાલ કે આવતીકાલ કરતાં વધુ અર્થગર્ભ હોય છે, કારણ કે આ ક્ષણમાં જ સંપૂર્ણ કાળ સચવાયેલો હોય છે. આથી ભૂતકાળ પાસે સતર્કતાથી જોતા રહીને અથવા ભૂતકાળની ઘટનાઓનો અર્થ અને ચાતુર્ય કેળવીને આપણે આગળ ને આગળ ચાલતા રહેવું જોઈએ. તો જ આપણે આપણો ઉજજવળ ભવિષ્યકાળ ઘડી શકીશું.

ભૂતકાળ સદૈવ મૃતપ્રાય હોય છે. ગઇકાલનો દિવસ પૂરો થાય ત્યારે ગઈકાલના દિવસનું મૃત્યુ જ થાય છે. એકંદરે આપણે જીવનમાંની દરેક ક્ષણ સંપૂર્ણપણે જીવવું મહત્ત્વનું છે. આટલું જ નહીં, આસાપાસના જીવનમાંનું ચાતુર્ય અને અર્થ આપણને કેળવતા આવડવું જોઈએ. વર્તમાન- હયાત ક્ષણોનું મહત્ત્વ જેમને ખરા અર્થમાં સમજાય છે તેમનો ભવિષ્યકાળ કાયમ ઉજજવળ હોય છે. અર્થાત, તે માટે આપણું મન સ્વચ્છ, મોકળું હોવું જોઈએ. તેમાં પણ સતત મનની ક્રિયા અને સતર્કતા મહત્ત્વનાં છે. સારાંશ, ભૂતકાળનું જોખમ શાંતિથી ખભા પરથી ઉતારીને મૂકી વર્તમાનની દરેક ક્ષણ બધી રીતે જીવવાનો પ્રયાસ કરો.

અનેક વાર આપણે ભૂતકાળમાં સારી- સુખમય ઘટનાઓમાં
રમી જઈએ છીએ. અન્યથા પાછળની દુ:ખદ ઘટનાઓથી
વર્તમાનમાં ત્રસ્ત થઈએ છીએ. બરોબર ને? ખરેખર તો ઘટનાઓ
ભૂલીને તેમાંનો અર્થ અને ચાતુર્ય આપણને કેળવતા
આવડવું જોઈએ તે નક્કી છે.

૫૩

અન્યો પર વિશ્વાસ રાખતા રહો

હિલેરી સ્વોકની ફ્રીડમ નામની ફિલ્મ જોવા માટે હું મારા બાળકો સાથે ગયો હતો. સ્વતંત્ર અને સ્વયંપ્રકાશત્વ એ સંકલ્પના અત્યંત સુંદર રીતે તેમાં રજૂ કરાઈ હતી. આ ફિલ્મ મને એટલી પ્રેરિત અને ઉત્સાહિત કરે છે કે આપણે વધુમાં વધુ ચૈતન્યથી વધુમાં વધુ પ્રમાણમાં (કોર્પોરેટ વિશ્વમાં અને પ્રત્યક્ષ જીવનમાં) પરિવર્તન લાવવાનું જોઈએ એવું મને લાગવા માંડ્યું.

બીજી વાત મને આ ફિલ્મમાંથી સમજાઈ તે હતી ફક્ત પોતાની પર જ નહીં પણ અન્યો પર પણ વિશ્વાસ રાખીને ચાલો. અન્યોની દષ્ટિએ વંઠી ગયેલા છોકરા તે આ ફિલ્મના નાયક છે. દરેક જણ બીજા કરતાં સૌથી જુદો અને નોખો. પ્રત્યક્ષ શાળા કરતાં જીવનની વિદ્યાપીઠમાં વિધવિધ કરામત બતાવનારા આ છોકરાઓને એક શિક્ષિકા ભેટે છે અને તે છોકરાઓના કળાગુણ થકી તેમની અંદર ચૈતન્યનો સંચાર ફૂંકે છે. આમાંથી જાણતાઅજાણતા મુક્ત અને નિર્ભય મનની વ્યક્તિ ઘડાઈ આવવા પ્રોત્સાહન મળે છે. દરેકનો મનગમતો વિષય કયો છે તે શોધી કાઢવા માટે પેલી શિક્ષિકા છોકરાઓને ખૂબ મદદ કરે છે.

આજે કોર્પોરેટ વિશ્વમાં પણ આપણા સહયોગીઓ પ્રત્યે વિશ્વાસ બતાવવો જરૂરી છે. સહજીવનનો પૂર્ણ આધર રાખો, બીજાના વિકાસમાં તેમને સર્વ રીતે પ્રેરિત- પ્રોત્સાહિત કરવાની બહુ જરૂર છે, કારણ કે તેમાંથી તેમની પ્રજ્ઞા ખરા અર્થમાં જાગૃત થશે અને તેઓ આકાશમાં છલાંગ લગાવશે. આદર્શ શિક્ષિકા લિયો બસ્કેગ્લિયા કહે છે, ‘અનેક વાર આપણે સ્પર્શ, સાદું સ્મિત હાસ્ય, ચાર સાદા શબ્દ અને બીજાને મનથી સાંભળવું તેમ જ સારો પ્રતિસાદ આ બધી બાબતો ભૂલી ગયા છીએ. ખરેખર તો આ જ બાબતોમાંથી નવી સંસ્કૃતિ, નવા માણસો ઘડાવાના છે. આસપાસ આખું જગત બદલાઈ જવાનું છે.’

ખરું નેતૃત્વ પોતાની પર જ નહીં પણ
અન્યો પર પણ મનથી વિશ્વાસ રાખે છે.
ખરેખર તો આ જ ચિત્ર આજકાલ અલભ્ય બન્યું છે.

૫૪

રિયાઝનું, સાધનાનું મૂલ્ય

કલ્પના કરો કે લાન્સ આર્મસ્ટ્રોંગે પોતાના રોજનું રિહર્સલ કરવાનું અટકાવ્યું હોત તો ફ્રાન્સની ટુર કરીને વિક્રમ કરી શક્યો હોત કે? સ્ટીવ નેશે રોજેરોજ આત્મપરીક્ષણ કરીને બહુ જ શિસ્તબદ્ધ રીતે દરેક કલાકે કસરત કરી ત્યારે તે ઉત્કૃષ્ટ શરીરરચના (માનસિક પણ) અથવા પોતાનું ફોર્મ મેળવી શક્યો! એકંદરે પોતાને વધુમાં વધુ શુદ્ધ કરતા રહેવું, આત્મશોધ કરવી મહત્ત્વનું છે. મુખ્યત્વે મનગમતા પ્રાંત સાથે સતત સંવાદ સાધવો, આત્મનિરીક્ષણ કરવું, સ્વકર્માધીનતા અને ચિંતનશીલતા સદૈવ મહત્ત્વના હોય છે.

આ માટે ફરી ફરી રિયાઝ કરવું અત્યંત આવશ્યક હોવા સાથે અનિવાર્ય છે. આ રિયાઝમાંથી આપણને પોતાની જાણ વિશે આજ સુધી સંપૂર્ણ અજ્ઞાત રહેલી અથવા આજ સુધી કોઈએ ન સાધી હોય તેવી બાબતો આપણે સાધ્ય કરી શકીશું. તેમાં ઊંડાણથી સતત અને પ્રદીર્ઘ રિયાઝ સાથે ઊતરતા રહેવું મહત્ત્વનું નથી શું?

એકંદરે આપણા મનગમતા પ્રાંત સાથે અથવા જેમાં બધી રીતે પ્રાવીણ્ય મેળવવું છે તે પ્રાંત સાથે અથવા રમત સાથે અથવા કળા સાથે પોતાને નિર્મિતીક્ષમ પ્રેમનો સંબંધ પ્રસ્થાપિત કરતા આવડવો જોઈએ. રિયાઝની સૌંદર્ય દૃષ્ટિનું ભાન અને જ્ઞાન હશે તો જશની સીડી પર પહોંચવા માટે આપણને રોકી શકે નહીં. મનગમતાં ક્ષેત્રમાં આપણો અથાક રિયાઝ કાયમ આપણને ત્રસ્ત કરતા ડર પર, સમસ્યા પર, ચિંતા પર અને દબાવ પર માત કરવામાં આપણને મદદ કરે છે. મન પરનો બધો બોજ ઉતારીને રાખવાને કારણે જ આપણે બહુ દૂર સુધી સહજતાથી (પ્રયત્નશૂન્ય ભાસે ત્યાં સુધી) જઈ શકીએ છીએ. આટલું જ નહીં, આપણે આત્મહીપ થઈ શકીએ. આ ખાસ જમા બાજુ છે. અર્થાત તે માટે સંયમ, લક્ષ્ય કેન્દ્રિતતા અને આત્મસમર્પણ મહત્ત્વનાં છે. આપણે આપણા ક્ષેત્રનો લગાવ સ્વીકારીએ છીએ અને પછી આપણે દરેક ડગ જવાબદારીથી મૂકીએ છીએ. એક પળે આપણાં કાર્યનાં પ્રભાવ- પરિણામકારકતા વૈશ્વિક સ્તરે થયેલાં હોય છે. ખરેખર તેમાંથી જ એક અથાક આંતરિક ઊંડાણ, સારગર્ભતા અને એકાત્મતા આપણને પ્રાપ્ત થાય છે, થઈ શકે છે. એકંદરે રિયાઝમાંથી ઊંચકેલાં દરેક પગલાં ટોચની નજીક આપણને લઈ જશે.

અફલાતૂન અને અશક્યપ્રાય પ્રજ્ઞાશીલ યશધારા અનેક વર્ષના રિયાઝમાંથી સાધ્ય થતી હોય છે.

અર્થાત, તે માટે સંયમ, લક્ષ્યકેન્દ્રિતતા અને આત્મસર્પણની તાતી આવશ્યકતા છે.

૫૫

વેદનાનો મજબૂત સાથ

વોટ હેપી પીપલ નો શીર્ષક હેઠળનું એક પુસ્તક હું છેલ્લા થોડા દિવસથી વાંચી રહ્યો છું. એક વાર- બે વાર નહીં પણ અનેક વાર વાંચી રહ્યો છું. વાંચું તેટલું તે ગમે છે અને મનને અંતરમુખ કરે છે. ડેન બ્રેકર નામના માનસશાસ્ત્રીનું આ પુસ્તક છે. જીવનનો બધી રીતે વિકાસ સાધવા માટે અમુક કાર્યશાળા પણ બ્રેકરે આયોજિત કરી હતી. બ્રેકરનાં અમુક વાક્યોએ મને બહુ જ અંતરમુખ કર્યો, સૂન્ન કરી નાખ્યો છે. તે વિચાર મને બહુ જ મૂલ્યવાન લાગે છે. બહુ જ આશાવાદ અને ઉજજડ- ઉધ્વસ્ત જીવનને સુસંસ્કૃત કરવા માટે વેદમાંથી આકારમાં આવેલું ચાતુર્ય વિષય પર બ્રેકર બહુ જ ઉત્કટતાથી બોલે છે.

બ્રેકર જ્યારે યુવાન હતો ત્યારે તેનો દીકરો જન્મના થોડા જ સમયમાં મૃત્યુ પામ્યો. આ વેદનામાંથી આવેલી ઉજજડતામાંથી જીવન વધુ અંધકારમય બન્યું. દુ:ખની તે પળોને વળગી રહેવું એ વેદનામય અનુભવ હતો. અંધારું લઈને આવતા અંધારી છાયામાં જ બ્રેકરે લેખ લખ્યો. તે કહે છે, ‘આ વેદમાંથી મને ખરું ચાતુર્ય અને અશાવાદ શું છે તે સમજાયું છે. ખરેખર તો વેદના જેટલી ઊંડી હશે તેડલું ચાતુર્ય વધુ મોટું હોય છે. અર્થાત, તે માટે દુ:ખથી દૂર ન ભાગતાં તેની મજબૂતીથી સાથ સ્વીકારવી જોઈએ. પૂર્ણ એકાત્મતાથી અને હેતુપૂર્વક આપણે જો જીવનની, દુ:ખની સાથ સ્વીકારીએ તો એક સમંજસ જાણે આપણા અંદરથી ફૂટી નીકળશે કે જે આપણા આંતરિક જીવનને એક રીતે આનંદ પ્રાપ્ત કરી આપશે.

ખરેખર તો જીવનમાં અનેક બાબતોની આપણે અવગણના કરતા હોઈએ છીએ. આથી જે છે તેનાં ચોક્કસ દર્શન આપણને થતાં નથી. જોકે અનેક વાર દુ:ખના હલકો સૂર આ જીવનને એક નવી દષ્ટિ આપે છે. ફક્ત તે ઊંડાણમાં આત્મસાત કરીને અમલમાં લાવવું જોઈએ! (વેદનાની મજબૂત સાથ સ્વીકારવાની આપણી તૈયારી જોકે હોવી જોઈએ). ખરેખર તો વેદનાનાં કરતૂત જ એવા હોય છે કે આપણું મન સહજ વિસ્તરતું જાય છે. એક આંતરિક નિ:શબ્દપણાનો અનુભવ આમાંથી જ આપણને મળે છે.

આપણું હૃદય ખીલી ઊઠે એવી ઘટનામાં વેદનાની મજબૂત સાથ આપણે સ્વીકારીએ તો આપણું હૃદય અને જીવન સમંજસ અને મોકળું થઈ શકે છે.

૫૬

દરેક બાબતનો ખરેખર તમારાથી જ આરંભ થાય છે

કોલ્બાયને હું શાળામાં મૂકીને પાછો ઘરે આવતો હતો. રસ્તા પર પેહલા જ બહુ ગિરદી હોવાને કારણે હું ચાલતો જ ગયો હતો. ઘરે પાછો આવતો હતો ત્યારે કાયમના રસ્તા પર પ્રમાણની બહાર રાહદારીઓ હતા. વાહનોથી આખો રસ્તો જામ હતો. હું વધુ આગળ ગયો ત્યારે મને ખ્યાલ આવ્યો કે રસ્તાનું સમારકામ ચાલી રહ્યું છે. રાહદારીઓ આગળ ન સરકતા હોવાથી દરેક ગાડીવાળા, ખાસ કરીને શાળાની બસવાળા જોરજોરથી હોર્ન વગાડતાહતા. તેમની ગડબડ જોઈને હું મકાદમ (રસ્તાનું કામ કરતા લોકોનું નેતૃત્વ કરનાર) પર ખીજાયો, કારણ કે રસ્તો જામ થયો તેનો દોષ સૌકોઈ તેને જ માથે ઢોળતા હતા. તે મુકાદમના માણસો પોતાની રીતે કામ કરતા હતા. જોકે એક તબક્કે તે મુકાદમની ધીરજ ખૂટી પડી. તેણે નજીકના એક પાણીના પીપને લાત મારી. એક વાર તે રાહદારીઓ પાસે જોતો હતો અને એક વાર પોતાના માણસો પાસે. પછી અચાનક તેનું શું છટક્યું તે તેણે પોતાના માણસો પાસે જોઈને ગાળાગાળી શરૂ કરી દીધી. ખરેખર તે મુકાદમનું આ રૂપ બહુ જ રૌદ્ર હતું. તેણે પોતાને અરીસામાં જોયો હોત તો જ તેને રોષ શાંત થયો હોત. આજે કામ પૂરું થઈ જાય એટલે તે પોતાના માણસો પર રોષ ઉતારશે એવું લાગતું હતું.

એક ઉત્તમ કલ્પના: આ બધાં રસ્તા પરનાં દશ્યો જોઈને નેતૃત્વ વિશે હું વધુ ઊંડાણથી વિચાર કરવા લાગ્યો. ખરેખર દરેક બાબત પોતાનાથી જ શરૂ થાય છે એ સાદું સત્ય આપણે અનેક વાર ભૂલી જઈએ છીએ. આજે પણ એવું જ થયું. જીવનનો વ્યક્તિગત રોષ હશે અથવા એકાદ દુખતી નસ દબાઈ હશે તેનો રોષ હશે પણ તે મુકાદમનું સંતુલન ગયું તેમાં શંકાને સ્થાન નથી. ખરેખર તમારા બાહ્ય જીવનનું વર્તન એ તમારું આંતરિક વિશ્વ નક્કી કરતું હોય છે. અર્થાત, તે માટે પ્રેમ, સમસ્યાનો બહુ જ સંયમથી સામનો કરવાની તૈયારી, નકાર પચાવવાની ધીરજ, પ્રાપ્ત પરિસ્થિતિનો અબોલ સ્વીકાર એમ અનેક બાબતોમાંથી ખરું નેતૃત્વ આકારમાં આવી શકે છે.

દાખલારૂપ નેતૃત્વ એ કાયમ આપણા અનુયાયીઓ સાથે બંધાયેલું હોય છે. બલકે, તેમણે તેવા હોવું જોઈએ. બહુ જ કરૂણતાથી તેણે પોતાના સહયોગીઓ સાથે સંબંધિત રહેવું જોઈએ તેમાં શંકાને કોઈ સ્થાન નથી! આથી જ કહું છું કે વિશ્વપ્રસિદ્ધ શ્રવણકર્તા બનો! શબ્દનું મહત્ત્વ ઓળખો અને શબ્દોનું પાલન કરો. કરૂણતાનું વર્તન જાળવીને પોતાના અનુયાયીઓ સાથે બંધાયેલા રહો. આપણા આચારવિચારમાંથી સહયોગીઓના હૃદયને સ્પર્શ કરવાની ક્ષમતા કેળવો. ખરેખર તો મોટી વૈભવશાળી કૃતિ તેમાંથી જ ઊભી થાય છે. તમને જો મહાનતા ભણી જઈને ખરા અર્થમાં નેતૃત્વ નિભાવવું હશે તો આ બાબતોનો બિનશરતી રીતે તમારે સ્વીકાર કરવો જ રહ્યો!

દરેક નેતૃત્વથી પોતાની ગુણવત્તા સતત વધારતા રહેવું જોઈએ. આપણા આચારવિચારમાંથી સહયોગીઓના હૃદયને સ્પર્શ કરવાની ક્ષમતા અને આવિષ્કાર પદ્ધતિ આપણી પાસે હોવી જોઈએ.

૫૭

સંગીત હંમેશાં જીવનને દીપાવે છે

સવારના ચાર વાગ્યા છે. મારા બાળક ભરઊંઘમાં છે. અને હું મારી જર્નલ લખી રહ્યો છું. (એક પ્રકારની ડાયરી, જેમાં હું રોજ મારી સાથે થયેલો આત્મસંવાદ લખું છું. રોજના જીવનની ઘટનાઓ લખું છું). ખરેખર તો પોતાની આત્મશોધ કરતી વેળા જાણતાઅજાણતા આપણે વિકસિત થઈએ છીએ છે એ નક્કી છે**!** અર્થાત આ માટે કલાત્મક અલિપ્તતા આવશ્યક છે. ખરેખર તો હમણાં જર્નલ લખતી વેળા મેનાની સીડી સાંભળી રહ્યો છું- અમર એસ કોમ્બતેર . મને આ સંગીત મનથી ગમે છે. આટલું જ નહીં, આ સૂર છેડાય એટલે હું ક્ષણવારમાં તલ્લીન બની જાઉં છું. અનેક વાર મને પ્રશ્ન થાય છે કે સંગીતનું આપણા જીવનમાં શું સ્થાન છે?

ખરેખર તો સંગીત આપણી જીવનમાં એટલું ભળી ગયું છે કે બંનેને જુદાં કરવાં અશક્ય બની ગયું છે. અત્યંત વેદનાગ્રસ્ત સમયમાં સંગીત જ આપણને તારે છે. સંગીત જ આપણા જીવનમાં ખરા રંગ ભરે છે. ખરો શુદ્ધ ઉત્સાગ અને આંતરિક શાંતિ એ સંગીત દ્વારા જ આપણને મળે છે, મળી શકે છે. તમારી અંદર જે ઉત્તમમાં ઉત્તમ છે તે આ સૂર સાથે આકાર પામે છે. બધી કળામાં સંગીત એ શુદ્ધ કળા છે. સૌથી મહત્ત્વનું એટલે જીવનમાં પ્રજ્ઞા જાગૃતિને તેમ જ નવનિર્માણશક્તિને સંગીત અનેક વાર મદદરૂપ નીવડ્યું છે એ નક્કી છે. આપણા પ્રજ્ઞાશીલ જીવન સાથે સંગીતનું આંગળું ઝાલવાનું ભૂલતા નહીં**!** ખરેખર તો મેનાની સીડીથી તમે આરંભ કરી શકો છો**!**

સંગીત એ જીવનને અનેક દિશાથી અને દષ્ટિથી મદદરૂપ નીવડી શકે છે. આખું જીવન જાણે પ્રકાશમાં દીપી ઊઠે છે. ખરેખર તો પ્રજ્ઞાશીલ જીવનને સંગીતનો સાથસંગાથ હોવો જ જોઈએ.

૫૮

સ્પષ્ટીકરણ કોઈ આપતા નહીં!

'આના કરતાં મને વધુ ફાવશે નહીં,' 'મને પ્રેક્ટિસ કરવાનો સમય જ મળ્યો નહીં,' અથવા 'હું આ પ્રકલ્પ પૂરો કરી શકતો નથી, કારણ કે બહુ જ મુશ્કેલભર્યો છે, મારા ગજાની બહાર છે....' આવું એક યા બીજું સ્પષ્ટીકરણ આપણે સતત આપતા હોઈએ છીએ. એકંદરે છટકવાનો માર્ગ શોધવાનો આપણો પ્રયાસ હોય છે. ખરેખર તો મૂળ સમસ્યા બરોબર સમજી લેવી જરૂરી છે. શાંત અને નિ:શબ્દ મને આપણે આપણી સમસ્યાનું અવલોકન કરતા રહેવું જોઈએ. એક ધ્યાનમાં રાખો કે સમસ્યા એ જ સૌથી મહત્ત્વની બાબત હોય છે. સમસ્યામાંથી વિમુકતતા પ્રાપ્ત કરીને લીધા વિના આપણને શાંતિ કઈરીથે મળશે અને શાંતિ વિના ખરું સુખ આપણને લાભવાનું જ નથી. સમસ્યાનો ઉકેલ લાવવા તેની સામે જવું જોઈએ. તે કોઈ સ્પષ્ટીકરણ અથવા કારણ આપ્યા વિના. આમાં પણ સમસ્યાનો સીધો સામનો કરવા માટે આપણી અંદરના ચૈતન્યને આહવાન કરવું જોઈએ.

ખરેખર તો અપજશનાં ચાળીસ કરોડ કારણો કહી શકાય. જોકે કોઈપણ પરિસ્થિતિમાં તે અપજશનું સ્પષ્ટીકરણ આપવાનો પ્રયાસ કરતા નહીં**!** એમ રડિયાર્ડ કિપલિંગ કહેતા. તેઓ એકદમ સાચા છે નહીં? એક ધ્યાનમાં રાખો કે કોઈપણ મોટાઈઆપણા સ્પષ્ટીકરણમાંથી- કારણમાંથી ખીલશે નહીં. ઊલટું, એકાદ કુશળ નેતૃત્વ પ્રમાણે સંઘટનની- કંપનીની સંપૂર્ણ જવાબદારી સ્વીકારીને જે છે તેના કરતાં અનેકગણું સારું પરિવર્તન લાવવું જોઈએ. આવા નેતૃત્વમાં ફક્ત પ્રતિષ્ઠા કે અધિકાર જ હોતા નથી પરંતુ એક મોટી જવાબદારી અને લગાવ પણ હોય છે. મને તો લાગે છે કે કંપનીમાંના દરેકે શીર્ષક વિના નેતૃત્વ કરવું જોઈએ. એકંદરે નેતૃત્વ એક તત્ત્વપ્રણાલી છે, તે એક દૃષ્ટિકોણ છે. એકંદરે તે એક મનથી અથવા ઉત્કૃષ્ટતાથી કામ કરવાની પદ્ધતિ છે. મુખ્યત્વે તે દરેકને ઉપલબ્ધ હોય છે. ફક્ત આપણે કોઈ પણ કારણ કે સ્પષ્ટીકરણ ન આપતાં સતત આગળ વધતા રહેવું જોઈએ. આમાં સ્વસહ કંપનીના વિકાસ બધી રીતે સમાયેલો છે.

કારણ કે સ્પષ્ટીકરણ પર કોઈ પણ મહાન જીવન અથવા કાર્ય ઊભું કરી નહીં શકાય એ સત્ય સમયસર પારખી લો.

૫૯

હંમેશાં પરસ્પર સંબંધમાં રહો

નેતૃત્વની શ્રેષ્ઠતા એ હંમેશાં પરસ્પર સંબંધમાં અને ભલાઈના મોટા જથ્થા પર નિર્ભર હોય છે. સામેની વ્યક્તિ સંબંધે આસ્થા અને સ્થિર તથા દઢ પરસ્પર સંબંધ આકારમાં લાવવાની ઉત્સુકતા, સમજદારી એમ એક યા એક ગુણો કેળવવું તે ખરા નેતૃત્વને કરવું જ પડે છે. એકંદરે સંવાદી સૂરો સાથે વિસ્તારેલા મનને નેતૃત્વ જરૂરી હોય છે. ખરા નેતૃત્વના સહવાસમાં એક નવો બોધ, નવી જાણ સામેની વ્યક્તિને થાય છે પણ વાતાવરણમાં એક ઉત્તમ મોકળાશ આવે છે. સારાંશ એ છે કે ખરું નેતૃત્વ આપણા ગ્રાહકો સાથે, સપ્લાયરો સાથે તેમ જ આપણા સહયોગીઓ સાથે બહુ જ ઉત્તમ રીતે, તાજગીપૂર્ણ રીતે સંબંધિત હોય છે. એમાં પણ તેમની પ્રતિસાદ વૃદ્ધિ વખાણવાલાયક હોય છે.

એકમેક સાથે સંવાદ- પ્રતિસંવાદ- સાદ-પ્રતિસાદ તેમ જ લેણદેણમાંથી ખરા નેતૃત્વનો આનંદ અને પ્રસન્નતા વ્યક્ત થાય છે. આવું મન ગંભીર હોય છે અને જીવંત પણ. આને કારણે આપણી આસપાસના પ્રશ્ન આવું વ્યક્તિત્વ (કોઈ પણ તાણતણાવ આકારમાં ન આવતાં) આસાનીથી ઉકેલી કાઢે છે. હું હોંગકોંગથી એર કેનેડા વિમાન દ્વારા પાછો આવતો હતો. વિમાનમાં કંપનીનો ગ્રાહક પ્રત્યેનો સહયોગ અને નિષ્ઠા અપ્રતિમ હોય છે. મને તેનો પોતાને અનેક વાર અનુભવ થયો છે. ખરેખર તો મારા વિમાનપ્રવાસમાં કશું ખાતો- પીતો નથી. વિમાનમાંની સ્ત્રી કર્મચારી- એ હોસ્ટેસ પ્રવાસીઓને તેમનાં નામથી સંબોધન કરે છે. તેમાંની એકે મને ખાવાનો આગ્રહ કર્યો, પણ મેં નમ્રતાથી ઇનકાર કર્યો. આથી તે એર હોસ્ટેસ બોલી, 'મને લાગે છે કે તમારું પેટ સફળતાથી અને સમાધાનથી ભરાયેલું છે.' તેના આ ઉદગાર સાંભળીને હું હસવા લાગ્યો. એક ધ્યાનમાં રાખો કે જે સમયે આપણે લોકોમાં રહીને તેમની સાથે કામ કરીએ છીએ ત્યારે તેઓ બહુ પ્રેમથી, મનથી તેમ જ સદભાવથી પરસ્પર સંબંધ રાખવા પડે છે. તેમની આસ્થા વિશે જાણીને તેમને બહુ સન્માનથી પ્રતિસાદ આપવો પડે છે. ત્યારે જે લોકો સાથે હંમેશાં પરસ્પર સંબંધ મજબૂત બને છે. તમારી સહવાસમાં તેમને સ્વચ્છ, મોકળું અને આનંદદાયક અહેસાસ થવા દો!

**પરસ્પર સંબંધમાં રહેવાની વિવિધ દિશા છે.
જેમની સાથે તમે કામ કરો છો તેમની સાથે બહુ જ વહાલથી,
વિશ્વાસથી સંબંધિત રહો. અપરિચિતો સાથે સહેજ મોકળાશથી**

સંવાદ સાધીને તેમને યોગ્ય પ્રતિસાદ આપીને આપણું નેતૃત્વ નિભાવવાનું મહત્ત્વનું નથી શું? આ પ્રવાસ જ જીવન છે.

૬૦

અન્યો કરતાં બધી રીતે નોખા રહો

સ્ટારબરી, બાસ્કેટબોલનાં બૂટ એ નાઈક તથા રિબોક કરતાં નોખા અને વિશિષ્ટતાસભર છે. સ્ટીફન મારબરીના સુરક્ષા પ્રમુખ એન. વાય. નીક પણ આ જ બૂટ વાપરે છે. ખરેખર એવું તે શું નોખું છે એ બૂટમાં? સ્ટારબરીના બધા સ્પર્ધક ખ્યાતિપ્રાપ્ત હોઈ સ્ટારબરીનું નોખાપણું શોધવામાં મગ્ન છે. મહત્ત્વનું એ છે કે અન્યો કરતાં સ્ટારબરીના બૂટની કિંમત પણ સસ્તી છે. ૧૪.૯૮ ડોલરમાં એક જોડી મળે છે. આટલી સોંઘી કિંમત પરથી તેનું નોખાપણું ધ્યાનમાં આવે છે. મને કાયમ લાગે છે કે આપણી વૈશ્વિક બજારમાં જો ઊતરવાનું હોય તો આપણે એ રીતે કાંઈક ખાસ હોવા જોઈએ કે જે અન્યો કરતાં અનેક રીતે નોખા અને વિશિષ્ટતાપૂર્ણ હોય. કારણ કે નોખાપણું એ જ તે ઉત્પાદનના વિકલ્પે તમારી મોટી વિશિષ્ટતા નીવડે છે અને અસ્મિતા દર્શક પણ. ટેસ્લા કંપનીએ એક કાર હાલમાં બજારમાં મૂકી છે. તેની કિંમત ફક્ત ૧,૦૦,૦૦ ડોલર છે. આટલું જ નહીં, તે કાર ફક્ત ચાર સેકંડમાં સાઇઠ કિલોમીટર ગતિથી દોડી શકે છે. વધુ એક નોખાપણું એટલે લઘુતમ એક લાખ માઇલ સુધી તેની બેટરી ચાર્જ કરવી પડતી નથી. આવી આ સૌથી નોખી છે ઇલેક્ટ્રોનિક કાર.

તમારું અન્યોથી નોખું હોવું, તેમાંના ચૈતન્યની શોધ કરો અને તેનો બધી રીતે વિકાસ કરવાની પ્રતિજ્ઞા લો. જીવન એ કાયમ આપણી પાસેથી સફળતાની, નોખાપણાની અપેક્ષા રાખે છે. આથી એકા આંતરિક ચક્રમાંથી પોતાને નૈસર્ગિક રીતે અભિવ્યક્ત કરો. ખરી નવીનતા તેમાંથી જ આકાર પામે છે એ ધ્યાનમાં રાખો. આ પછી આપણું કાર્ય (બહુ અંતરમુખેથી) ૧૦૦ ટકા કરો. એક ધ્યાનમાં રાખો કે દરેકની પ્રકૃતિ, પિંડ અને સ્વભાવ અલગ અલગ રેહવાના અને તે પ્રમાણે તેની વિશિષ્ટતાઓ પણ. એકંદરે આપણું ઉત્પાદન પ્રભાવસંપન્ન હોવા માટે શોધક વૃત્તિથી અલગ અલગ પ્રયોગ કરતા રહો. તમારી આ નાવીન્યતાની સતત શોધ, માર્કેટમાં તમારું મહત્ત્વ ખરા અર્થમાં પિછાણી આપશે.

**દરેકની પ્રકૃતિ, પિંડ અને સ્વભાવ અલગ અલગ હોય છે.
આ નોખાપણાનું જતન કરતાં આપણું ઉત્પાદન પ્રભાવનસંપન્ન
થવા માટે શોધક વૃત્તિથી અલગ અલગ પ્રયોગ કરતા રહો.
તો જ તમારું નોખાપણું બધી રીતે સૌને સમજાશે.**

૬૧

સમય આપણા હાથોમાંથી સરી રહ્યો છે

બિયાંકાને મેં તેની શાળા પાસે કારમાં છોડી. તે ઊતરી અને એકદમ સહજ પોતાની બહેનપણીઓમાં હળીમળી ગઈ. હવે તે ૧૧ વર્ષની થઈ છે. તેની પીઠ તરફ જોતાં મારા મનમાં થયું, એકદમ કાલે- પરમદિવસ સુધી મારા શરીર અને ખભા પર રમનારી નાની નાની બાબતો માટે હઠ કરનારી બિયાંકા જોતજોતાંમાં કેટલી મોટી થઈ ગઈ! કાળ કેટલો ઝડપથી આપણી હાથમાંથી સરી રહ્યો છે નહીં? હાલમાં તેને સંગીતમાં બહુ જ રસ જાગ્યો છે. તેનું સપનું રોક ડ્રમર થવાનું છે. (ખરેખર તો થોડા દિવસ પૂર્વે તેનું સપનું દાંતના ડોક્ટર થવાનું હતું. તે પૂર્વે તેને એકાદ મોટી બેન્ક શરૂ કરવી હતી).

મારો એક મનગમતો સંગીતકાર અને ગીતકાર લોઇડ કોલે છે. તેણે એક જગ્યાએ કહ્યું છે કે સમય પળમાં હવામાં ઉડાણ ભરતા એકાદ વિમાન જેવો હોય છે. આપણા બાળકો પણ આ રીતે જ આપણી મુઠ્ઠીમાંથી સરીને મોટી થઈ રહ્યા છે. કાળ સતત આગળ ધપતો હોય છે. રેતીમાં પાણી શોષાઈ જવું તેવું જ સમયનું પણ છે. આથી જ વર્તમાનનું મહત્ત્વ વધુ છે. આટલું જ નહીં, આજની ક્ષણ કાલ કરતાં વધુ અર્થગર્ભ છે. વર્તમાન ક્ષણનો અર્થગર્ભ જાણી લો. પોતાના માણસો પર મનથી પ્રેમ કરો. આપણા કામમાં સર્વસ્વ આપીને કામ કરો અને રોજનો દિવસ સફળ બનાવો. કાયમ હસમુખી અને આનંદી રહો. નમ્રતા સાથે સદભાવનાથી જીવો. જીવનનો આદર કરો. આ સાથે જીવનનોઆનંદ માણવાનું ભૂલતા નહીં! કારણ કે એક દિવસ તમારું આયુષ્ય પણ હાથમાંથી સરકી જવાનું છે.

જે કરશો તે સર્વસ્વ કામે લગાવીને જવાબદારીથી કરો. સદૈવ નમ્ર રહો અને જીવનનો આદર કરો. આ સાથે જીવનનો આનંદ લૂંટવાનું ભૂલતા નહીં! કારણ કે એક દિવસ તમારું આયુષ્ય પણ તમારા હાથોમાંથી સરી જવાનું છે.

૬૨

ઘોંઘાટથી આંતરિક શાંતિની દિશામાં

હું લાસ વેગાસ જવા માટે હવાઈમથકે આવ્યો હતો. ત્યાં મને લગભગ એક હજાર નેટવર્ક માર્કેટર્સ સામે એક મોટું વ્યાખ્યાન આપવાનું હતું. વિમાન છૂટવાની વાર હોવાથી મેં વેઇટિંગ રૂમમાં થોડું વાંચવાનું નક્કી કર્યું. મનમાં થયું કે એક નજર પોતાના વ્યાખ્યાનના મુદ્દા પર દોડાવી લઉં છું. આસપાસ બહુ જ ઘોંઘાટ હતો. અમુક જણ બ્લેકબેરી પર બોલતા હતા. ખરેખર તો તેઓ એટલા જોરથી બોલતા હતા કે આજુબાજુમાં કોણ છે તેનુંય તેમને ભાન નહોતું. એક પ્રવાસી ત્યાં વિડિયો ગેમ પર બાળક બનીને રમતો હતો. અર્થાત, તે રમતો હતો અને સાથે બાળકની જેમ ચીસ પણ પાડતો હતો. થોડી વાર તેનો અવતાર હું જોતો રહ્યો. એક તબક્કે મને લાગ્યું કે આપણે પોતાનો આઈપોડ ચાલુ કરીએ. પણ આટલા ઘોંઘાટ વચ્ચે બેસી રહેવાનું જ સારું છે એમ નક્કી કર્યું. ખરું કહું તો આ બધા ઘોંઘાટ-ગડબડમાં મને શાંતિનું મહત્ત્વ વધુ સમજાવા લાગ્યું.

ખરેખર તો આંતરિક શાંતિ એ આપણી સંવેદનશીલતા વધારવા માટે, સૃજનશીલતા ભણી જવા માટે કાયમ મદદરૂપ નીવડે છે. આપણે કાયમ જલદીમાં, ઉતાવળમાં, વિચારમાં પરોવાયેલા હોઈ છીએ. નહીં? આપણે પોતે શાંત ક્યારે બેસીએ. ખરેખર તો આપણે એક જગ્યાએ થોડો સમય શાંતિથી બેસી રહીએ તો આપણી ચિત્તવૃત્તિ, આપણા મનમાં ચાલતા દ્વંદ્વને દૂર રાખવામાં મદદ મળે છે. મુખ્યત્વે આપણે આપણી સાથે જ સંવાદ સાધી શકીએ છીએ. આપણી અંદરની બધી જ શક્તિ, આપણાં બધાં ઇન્દ્રિયો અત્યંત જાગૃત થઈ જશે. જોકે તે પૂર્વે ફક્ત બહારનો જ નહીં પણ અંતરમાંનો ઘોંઘાટ-સંઘર્ષ સંપૂર્ણ મટી જવો જોઈએ. હેતુથી નિર્માણ થતો આવેગ પણ અટકવો જોઈએ. આપણા વિચાર, આપણો ડર, આપણા ઇચ્છા- વાસના આપણા અવલોકનમાં આવે તો જ આપણે શાંતિની દિશામાં જઈ શકીશું. અન્યથા ધ્યાન એ એક છટકવાનો માર્ગ ઠરશે. જે સમયે જીવનમાં, આસપાસ, સંબંધમાં તેમ જ આપણા વ્યવસાયમાં તાણતણાવ-સંઘર્ષ વધે છે ત્યારે આપણને શાંતિનું મહત્ત્વ ખરા અર્થમાં ગળે ઊતરવું જોઈએ. જોકે તે પૂર્વે આંતરિક- માનસિક વ્યવસ્યા સંઘર્ષ વિના, શુદ્ધ અને સ્પષ્ટ કર્યા વિના શાંતિની દિશામાં કઈ રીતે જઈ શકાશે?

અત્યંત ઘોંઘાટ, તાણતણાવ, ગડબડ કાયમ આપણાં સપનાંઓને તેમ જ સારા સંવાદને છેદ આપતા રહે છે.

આ ઘોંઘાટમાંથી આપણને આંતરિક શાંતિની દિશામાં જવાનું છે તે ધ્યાનમાં રાખો.

૬૩

'સ્ટેઈનલેસ' વ્યક્તિત્વ

સ્ટેનલેસ સ્ટીલ હાલમાં સૌથી વધુ ઉપયોગી અને સર્વોત્તમ શોધ છે. 'સ્ટેઈનલેસ' સ્ટીલ વ્યક્તિત્વ આપણા બધા જ ઉદાર ધ્યેય, આદર્શ અને આપણા વહાલા પ્રાંતમાં પ્રભુત્વ મેળવવા માટે સતત કાર્યરત રહેનારો, તે માટે અથાક સાધના- રિયાઝ કરનારો માનવી છે. જેઓ આપણી અંદર હોય છે તે જ સહજ સામે અભિવ્યક્ત થાય છે. એકંદરે આપણું આંતરિક વિશ્વ એ જ આપણા બાહ્ય વિશ્વને આકાર આપતું હોય છે. જીવનમાં આપણી માગણીઓ હોય છે તે મુજબ જ આપણા બાહ્ય વિશ્વનું સ્વરૂપ હોય છે. એકંદરે જીવન અરીસા જેવું છે અને તેમાં તમારા આંતરિક વિશ્વનું પ્રતિબિંબ સ્પષ્ટ દેખાય છે એ નક્કી છે**!**

જેમનું મન વિલક્ષણ શુદ્ધ અને સ્પષ્ટ તેમ જ નિર્દોષ રિક્ત છે, જેમણે પોતાના જીવનમાં ભલાઈ, કરૂણા, સદભાવનો બિનશરતે સ્વીકાર કર્યો છે તેની વ્યક્તિ જીવનમાં હૃદયમાં જતન કરેલા મૂલ્યો સાથે પોતાના પ્રત્યક્ષ જીવનને ઉત્તમ સુસંગત રાખવાનો પ્રયાસ કરે છે. અર્થાત તે માટે આપણું સામાન્યપણું નકારીને અસામાન્યની દિશામાં આપણને આમાંથી છલાંગ લગાવવાનું શક્ય બને છે. એકંદરે આ એક સહજ સ્વાભાવિક કૃતિ નીવડે છે.

હાલમાં જ બિયાંકા સાથે સ્પાઈડરમેન- ૩ ફિલ્મ જોઈ. તેમાં એક સંવાદે મારું ખાસ ધ્યાન ખેંચ્યું. આપણી પાસે પસંદગીનું સદૈવ સ્વાતંત્ર્ય હોય છે. સાચું કે ખોટું આ બેમાંથી આપણને કોઈ એકની પસંદગી કરવાની હોય છે. એકંદરે નેતૃત્વ, મહાનતા અથવા વૈભવશાળી જશ એ ખરેખર સાદી અને સરળ બાબત છે. જોકે આપણે તેને બહુ જ ગૂંચવાવી નાખીએ છીએ. અર્થાત, આ મહાનતા માટે કષ્ટદાયી, પ્રેમાળ, જવાબદારીનું ભાન તેમ જ આત્મસમર્પણ જરૂરી નહીં પણ અનિવાર્ય છે. (મારા મિત્ર નીરો ક્યુબેને એક વાર મને કહ્યું હતુઃ આપણી આંતરબાહ્ય શિસ્તનું મૂલ્ય એ આપણા પશ્ચાત્તાપ કરતાં અનેકગણું મોટું હોય છે). આખરે મહાનતાની દિશામાં જતો પ્રવાસ અને તેમાંના (પ્રીતિમાંથી ફૂલેલો) પ્રયાસ એ કાયમ મહત્ત્વનો હોય છે. ખરેખર તો આ બાબત એટલી સહજ સ્વભાવિક છે પણ તે બાબતે જ આપણે દુર્લક્ષ સેવતા હોઈએ છીએ.

આપણી પાસે હંમેશાં પસંદગીની આઝાદી હોય છે.
સાચું કે ખોટું એમાંથી આપણે કોઈ એકની પસંદગી કરવાની છે.

૬૪

વિના શરતે મુક્તિની દિશામાં

ખરું નેતૃત્વ આપણી ટીમના સભ્યોને ખરા અર્થમાં ડરમુક્ત અને કર્મમગ્ન રાખે છે. અસલ નેતૃત્વ અત્યંત સ્પષ્ટ રીતે અને બહુ જ શુદ્ધતાથી આપણી જીવનદષ્ટિ આપણા લોકોને બહાર કરે છે પણ યોગ્ય વિચારોની દિશા ઘડીને તેનો બધી રીતે વિકાસ કરે છે. એકંદરે નેતૃત્વમાં અને ટીમમાં એક નિર્મિતીક્ષમ પ્રેમનો સંબંધ પ્રસ્થાપિત થયેલો હોય છે. આને કારણે કાર્ય કરવા એક અસીમ અવકાશ તેમ જ મોટા પાવિત્ર્યની જાણ જાણતાઅજાણતા આકાર પામે છે. સંવાદ, આત્મનિરીક્ષણ, કર્મમગ્નતા અને યોગ્ય દિશા-દષ્ટિમાંથી જીવનને એક અલગ સૂર મળી શકે છે. આપણી જાણના પ્રાંતમાં ઊંડાણમાં જવા ખરેખર નેતૃત્વ માર્ગદર્શન કરે છે. આ પછી ફક્ત એવું નેતૃત્વ આપણી ટીમને તેની પદ્ધતિથી અને કલ્પનાથી આપણી સૃજનશીલતા સાથે કામ કરવા પ્રોત્સાહિત કરે છે. આમાં અનેક વાર તેમણે જો કોઈ ભૂલો કરી હોય અથવા નિષ્ફળતા મળે તો પણ નિષ્ફળમાંથી ઘણું બધું શીખવા મળે છે.

લોકોને કાયમ આપણે આપણી સંસ્થાનો, કોર્પોરેટ વિશ્વનો એક ભાગ છીએ એ ભાવના વધુમાં વધુ કાર્યમગ્ન રાખે છે. વાતાવરણમાં ચૈતન્ય રહે છે. આને કારણે તેમાં પણ દરેકને પોતાના મોટા પ્રકલ્પમાં હિસ્સો હોવાનું ગર્વ થાય છે. આ ઊંડાણભર્યું સમાધાન આકારમાં આવવું મહત્ત્વનું નથી શું? ટીમમાં એકાત્મતા, અથાક- આંતરિક પ્રજ્ઞા તેમ જ પ્રાપ્ત થયેલા અને હવે સૌનું વિખેરી નાખેલું પરિજ્ઞાનમાંથી આપણી ઉત્કટ ઇચ્છા કાયમ ફળદ્રુપ થાય છે. એકંદરે દરેક જણે પૂર્ણ આઝાદીથી અને આંતરિક નિઃસ્તબ્ધતાથી કાર્ય કરતા રહેવું મહત્ત્વનું છે.

આપણે આપણી સંસ્થાના પ્રકલ્પનો એક અવિભાજ્ય ભાગ છીએ એ ભાવના સતત કાર્યક્ષમ રાખે છે. આ પછી તે બહુ જ આંતરિક ઉત્સાહથી કાર્યરત રહે છે.

૬૫

એક દિવસ શ્રવણશક્તિનો

વૈશ્વિક સ્તરની કંપનીઓમાં અને સંસ્કૃતિમાં શ્રવણશક્તિને અપાર મહત્ત્વ છે. ખરેખર તો દરેક શબ્દનો પોતાનો સૂર હોય છે અને અવકાશ પણ. સમગ્ર આંતરિક અક્રિયતાથી આપણી અંદરની દરેક પેશીઓ સહિત કાનમાં જીવ પરોવીને સાંભળવાથી જીવનમાં ઘણા બધા ચમત્કાર સર્જાઈ શકે છે. અર્થાત, તે માટે સ્વનું વિસર્જન અને સતર્ક રહેવાની તાતી જરૂર છે. તેમાંય પ્રતિક્રિયા રહિત અને કોઈ પણ બૌદ્ધિક સમર્થન ન કરતાં સાંભળવું એ એક મોટી કલા છે. એકંદરે શ્રવણ કરવું તે એક કળા છે. જેમને ખરેખર શ્રવણ કરવું છે તેમને પોતાના મનમાંના પૂર્વગ્રહ અને અગાઉથી બનાવેલા મતો છોડી દેવા જોઈએ.

એકંદરે કાળજીપૂર્વક અને પૂર્ણ ધ્યાન આપીને શ્રવણ કરવું અત્યંત જરૂરી છે. આજનો દિવસ આખો શ્રવણ માટે આપો. અનેક વાર આપણે સામેની વ્યક્તિ બોલતી હોય ત્યારે વચ્ચે વચ્ચે બોલવાનો પ્રયાસ કરીએ છીએ. ખરેખર તો સામેની વ્યક્તિના શબ્દો, તેનો લય, તેના શબ્દોનો અર્થ આપણને શ્રવણ કરતા આવડવો જોઈએ. તો જ સામેની વ્યક્તિ ખરા અર્થમાં આપણને શ્રવણ કરતાં ફાવશે. ઊંડાણપૂર્વકની શ્રવણની કળા દરેક કલાકાર-ઉદ્યોગપતિ માટે જરૂરી બાબત છે. દરેક શબ્દમાંથી- કૃતિમાંથી અભિવ્યક્ત કરવાનું મન થાય છે. ખરેખર તો તે શબ્દમાંથી સામેની વ્યક્તિનું દર્શન આપણને થાય છે. એકંદરે અર્થભેદ ન કરતાં કોઈ પણ પૂર્વગ્રહમાં ન લાવતાં મૂળ બાબતનો માર્ગ ન બદલતાં શ્રવણ કરીને જોશો તો શ્રવણનો ચમત્કાર તમને ધ્યાનમાં આવશે.

દરેકનો બોલવાનો પોતનો અંદાજ હોય છે.
આ શબ્દમાંથી આપણે આપણા મનનો આશય અને પોતાની અસ્મિતા જાણતાઅજાણતા અભિવ્યક્ત કરીએ છીએ.

૬૬

ગ્રાહકોની ભાવનાઓને આહવાન કરો

પ્રભાવી- પરિણામકારક વિચારઃ ફક્ત પૈસા- વૈભવની પાછળ સતત દોડવું એ કોઈ પણ વ્યવસાય કે કોર્પોરેટ વિશ્વમાં મહત્ત્વનું હોતું નથી. તો પછી ગ્રાહકો સાથે ખરા અર્થમાં બંધાઈ રહી તેમને ભાવ- ભાવનાઓને આહવાન કરવું અને તેમને પોતાના કરવું, તેને યોગ્ય અને વધારાની સેવા આપવાનું મહત્ત્વ છે.

એકાદ વસ્તુ (ઉત્પાદન) પછી તે રોજના જીવનને સંબંધિત હોય કે વ્યાવસાયિક આપણે તે વેચાતી લેતી વેળા કાયમ ભાવનાને મહત્ત્વ આપીએ છીએ, કારણ કે આપણી દૃષ્ટિથી તો એક પવિત્ર વ્યવહાર હોય છે. આટલું જ નહીં, આપણી એક ભાવનાત્મક રોકાણ (નાણાં સહિત) તેમાં હોય છે. મહત્ત્વનું એ છે કે આપણું મન અને હૃદય પણ અજાણતા (આપણે વેચાતું લઈને) તેની સાથે જોડી દીધેલું હોય છે. એકતંદરે એક પ્રકારનો સંબંધ આપણો તે વસ્તુ સાથે જાણતાઅજાણતા આકાર પામે છે. ભારતીય સંસ્કૃતિમાં એકાદ નવી વસ્તુ અથવા ઉત્પાદન ઘરમાં (અથવા કારખાનામાં) આવવું તે એક રીતે લક્ષ્મીનું પગલું ઘરમાં આવવા બરાબર હોય છે. સૌથી મહત્ત્વનું એ છે કે એક રીતે આંતરિક સમાધાન અને શાંતિ તેમ જ આત્મસુખ પણ આ બધી પ્રક્રિયામાં સમાયેલી હોય છે. આ પ્રક્રિયામાંના કોઈ પણ એક ઘટકને જો ઠેસ લાગે તો ગ્રાહકને દુઃખ થાય છે અને આ જ વેપારીની દૃષ્ટિથી હાનિકારક ઠરે છે. આથી આપણા ગ્રાહકોની સંપૂર્ણ કાળજી લો. તેમને સૌથી ઉત્તમ ઉત્પાદન આપવું અને તેમની બધી રીતે કાળજી રાખવી તે દરેક વેપારી પોતાની પવિત્ર ફરજ માને છે.

ન્યુ યોર્કમાં મર્સર, મિયામીમાં વિકટર તેમ જ ફ્લોરેન્સમાં સેવ્હાય, સિંગાપોરમાં રિટ્સ કાર્લટન, ગોવામાં લીલા પેલેસ હોટેલ્સને મને મારા જીવનમાં અપાર આનંદ અને શાંતિ- સમાધાન આપ્યાં છે. આને કારણે તે સ્થળો સાથે મારું એક ભાવનાત્મક રોકાણ જ થયું છે. મને અહીં બહુ જ સુરક્ષિત અને રિલેક્સ ભાસે છે.

અનેક પ્રતિષ્ઠિત વેપારી- વ્યાવસાયિકો અને ગ્રાહકોનો અનેક વર્ષોનો સંબંધ (એકદમ ઘરોબો હોય તે રીતે) હોય છે. આની પાછળનું કારણ એ છે કે તેમાં વ્યાવસાયિકોએ પોતાના ગ્રાહકોની યોગ્ય- વાજબી કિંમતમાં શ્રેષ્ઠ ઉત્પાદન આપીને તેમની બધી રીતે કાળજી લેવા સાથે સેવા આપેલી હોય છે. આને કારણે આ ગ્રાહકો બહુ જ સંતુષ્ટ રહ્યા હોય છે. આ જ મહત્ત્વનું છે નહીં?

ફક્ત પૈસા વૈભવની પાછળ સતત દોડવું એ કોઈ પણ વ્યવસાયમાં કે કોર્પોરેટ વિશ્વમાં મહત્ત્વનું હોતું નથી. ગ્રાહકો સાથે ખરા અર્થમાં સંબંધ બનાવી તેમના ભાવ- ભાવનાઓને આહવાન કરવું, તેમને પોતાના કરવા, નિર્દોષ ઉત્પાદન સાથે તેમને યોગ્ય અને વધારાની સેવા આપવું મહત્ત્વનું છે.

૬૭

છેક આકલનમાંથી જ સમજણ આવતી હોય છે

સિરિયસ સેટેલાઇટ રેડિયો પર જેસી ડાયલન મારી મુલાકાત લેતો હતો. એક સમયે તેણે મને મોટો માર્મિક પ્રશ્ન પૂછ્યો, 'રોબિન, દરેક પાસે કાંઈક ને કાંઈક ધ્યેય હોય છે, પ્રેરણા હોય છે. જોકે ક્યારેક ક્યારેક આપણે નિયોજન કરીએ તે રીતે બનતું નથી. આવા સમયે પીછેહઠ કરવી કે નહીં તે કઈ રીતે સમજાશે?' મારો જવાબ સીધો હતો. મેં કહ્યું, જ્યારે તમને સીધું સ્પષ્ટ આકલન થશે તેમાં જ કૃતિ પણ હશે.

દરેકના કામમાં વૈશ્વિક દરજ્જો હોય જ એવું નથી. ખાસ કરીને વ્યક્તિગત જીવન જીવતી વેળા જીવન પરની મોટી શ્રદ્ધા કાર્યરત રહેવી મહત્ત્વનું નીવડે છે. આજ સુધી સફળ થયેલા વેપારીઓ કે કલાકારોએ નિષ્ફળતાને સ્પષ્ટ નકાર આપ્યો અને વાસ્તવનું સન્માન કરીને તેને યોગ્ય પ્રતિસાદ આપ્યો. એક ધ્યાનમાં રાખો કે પિછાણને વશમાં લઈ તેનું આપણને ઉલ્લંઘન કરવું જ પડે છે. તો જ સફળતાનો આનંદ મળવાનું શક્ય છે. આપણને વૈભવી સફળતાનો સ્પર્શ થવો જ જોઈએ. વિચાર, વાચા અને ક્રિયામાં શુદ્ધતા એ બાબતે આપણું મન એકાત્મક થવું જરૂરી હોવા સાથે અનિવાર્ય છે. મહાનતા પાસે જવાના કોડ દરેકના અંતરમાં હોય છે. આપણું મગજ સંવેદનશીલ રાખીને બધી શક્તિ સાથે બધી ઇન્દ્રિયો સાથે જીવનના ઊંડાણમાં ઊતરી જાઓ. (પ્રસિદ્ધ વિનોદી કલાકાર ગિલ્ડા રેડનર ૪૨મા વર્ષે કેન્સરથી મૃત્યુ પામ્યા. તેમણે કહ્યું છે કે દરેક કવિતામાં લય હોય જ એવું નથી. દરેક બાબતનો ચોક્કસ આરંભ, મધ્ય અને અંત એકદમ ક્રમવાર હોય જ એવું નથી. જીવન એ ગૂઢ- ગૂંચવણભર્યું છે. આગામી પળે ચોક્કસ શું થશે તે કહેવું મુશ્કેલ હોય છે. આથી દરેક ક્ષણે સતર્ક રહો)

આપણે કાયમ કાંઈક બનવાની અથવા આપણું સપનું સત્યમાં ફેરવાઈ તેની વાટ જોતા રહીએ છીએ. અનેક વાર પ્રયાસ કરીને પણ કાંઈ જ સાધ્ય થતું નથી. નસીબ એ આપણને જોઈને સ્મિત કરશે જ એવું નથી. જોકે આપણે આપણો પ્રવાસ છોડવો ન જોઈએ. પ્રેમ સૌંદર્ય, સારપ અને શુદ્ધતા સાથે સતત સતર્કતા, ઉદ્યોગશીલતા, આંતરબાહ્ય સુવ્યવસ્થા જેવી બાબતો બહુ મહત્ત્વની છે. એમાંય જીવન પર સંપૂર્ણ વિશ્વાસ રાખો. આપણો આશાવાદ ન છોડતાં આપણે પ્રવાસમગ્ન રહેવું જોઈએ. આમાંથી જ આમુલગ્ર પરિવર્તન શક્ય છે અને મોટી સફળતા પણ.

ગત અમુક વર્ષ હું મારા જીવન વિશેનું તત્ત્વજ્ઞાન બહુ જ સાદું અને સરળ રહ્યું છે. ખરેખર તો મેં તેનો અગાઉના લેખમાં ઉલ્લેખ કર્યો છેઃ તમે તમારું કામ સ્પષ્ટ, ઉત્કૃષ્ટ અને સંપૂર્ણ તાકાત સાથે કરો અને બાકી બધું જીવન પર સોંપી દો. ખરેખર તમારી સૌમ્યતાની, સંયમની તેમ જ સાદાઈની આ કસોટી છે. આ કસોટીમાં જો તમે પાર ઊતર્યા તો મહાનતા

તમારી વાટ જોતી રહેશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

તમે તમારું કામ ચોખ્ખું, ઉત્કૃષ્ટ રીતે પાર પાડો અને બાકી બધું જીવન પર સોંપી દો. જીવન જ તમારી યોગ્ય કાળજી લેશે.

૬૮

હીરોની જેમ...

થોડા સમય પૂર્વે હું અને કોલ્બાય એક વિમાન પ્રવાસમાં ભેગા થયા. તે હાર્ડીનું પુસ્તક વાંચતો હતો અને હું નિયમિત મુજબ છાપું વાંચતો હતો. ટ્રિસ્ટન અન્સવર્થ નામે કેનેડાના ૧૧ વર્ષના છોકરા વિશે હું વાંચતો હતો. આ છોકરો બહુ જ કુશળ અને નિરીક્ષણશીલ અને સાહસી હતો. પોતાના સહકારીઓનો જ નહીં પણ આખી શાળામાં તે હીરો હતો. તેને માટે કારણ પણ એવું જ સબળ હતું. એક વાર વર્ગમાં ટ્રિસ્ટન પોતાના મિત્રો સાથે હાસ્ય વિનોદ કરતો હતો. આઈસક્રીમ ખાતાં ખાતાં બધા ગપ્પાં મારતા હતા. વચ્ચે કાંઈક હાસ્ય ઊપજાવનારી ઘટના બની અને અચાનક એક છોકરાના ગળામાં બરફનો ટુકડો અટકી પડ્યો. તેનો શ્વાસ રૂંધાઈ ગયો. શું કરવું તે કોઈને સૂઝતું નહોતું. આવા સમયે બહુ જ સતર્કતાથી ટ્રિસ્ટન આગળ આવ્યો અને તેણે નાનપણમાં દાદીએ શીખવેલા પ્રાથમિક ઉપચારને યાદ કરીને ઉપાયયોજના કરી. ટ્રિસ્ટને પોતાના પ્રયાસથી મિત્રને મૃત્યુના મુખમાંથી બહાર કાઢ્યો. આ પછી આખી શાળાએ ટ્રિસ્ટનનો સત્કાર કર્યો અને તેનું સન્માન કર્યું.

શાળાના પ્રિન્સિપાલે પણ તેનું સન્માન કર્યું. ખરેખર આપણું બાળપણ, બાળપણના સારા- માઠા અનુભવ, તે જીવન પર થયેલા સંસ્કાર અને યાદીનો ભાવિ જીવન પર પ્રભાવ રહેતો હોય છે નહીં? આ સંબંધ, અનુવંશ તેમ જ ઘડતર દરેકના જીવનમાં બહુ મહત્ત્વનાં હોય છે. ખરેખર તો આ મહાનતાનો- ધીરજનો આરંભ બાળપણના તે નાના ડગમાંથી થતો હોય છે. તેમાં જ આપણા અંતરંગમાં અને બાહરી રંગમાં વિધવિધ સંસ્કારોની અને જીવનરીતિનો ઉમેરો થતો હોય છે. આપણી પ્રેમશૂન્ય બાબતને નક્કરપણે નકારતા આવડવું જોઈએ. તમારા છોકરાઓને પણ તે જરૂર કહેશો. સદભાવ, સાત્વિકતા, સાદાઈ, સૌમ્યતા અને સંયમની જરૂર તેમને સમજાવો. પોતાને પિછાણો અને સતત પરિવર્તિ થતા રહો. આ પછી તમે જે કાંઈ કરશો તે ઉત્કૃષ્ટ અને નોંધનીય જ રહેશે.

મહાનતાનો આરંભ આપણા બાળપણના નાના ડગમાં જ થતો હોય છે. ખરેખર તો બાળપણમાં સંસ્કાર, સંબંધ અને અનુવંશ અને ઘડતર પર જ વ્યક્તિત્વની ઈમારત ઊભી હોય છે.

૬૯

નિયોજન શા માટે ?

વ્યક્તિગત તેમ જ વ્યાવસાયિક જીવનમાં બધી રીતે સફળ થવા માટે આપણે અમુક ધ્યેય નિશ્ચિત કરીએ છીએ. તેને એકંદરે આપણા જીવનપ્રવાસમાં અપાર મહત્ત્વ છે. આનું કારણ છે કે આ પ્રવાસની ગુણવત્તા પર જ તમારા જીવનની મહત્તા અને સાર્થકતા નિર્ભર હોય છે. સફળતાની દિશામાં દોડવું અથવા મોટા પ્રોડક્શન સંબંધે રાખેલા ઉદ્દેશ ઘણી વાર બોજરૂપ લાગે છે. જોકે એક ધ્યાનમાં રાખો કે આપણું અલૌકિક જીવન કાયમ સફળતા અને આપણને મહત્ત્વની લાગતી બાબતોથી સભર હોય છે. જીવનનો સાર આ બંનેના સંતુલનમાં સમાયેલો છે. ધ્યેય- સફળતા રહિત જીવન એ જીવનમાં પોકળપણું નિર્માણ કરે છે.

આપણા ધ્યેય પથ પર ચાલતી વેળા આપણા હૃદયના પ્રાંત પર આપણે આપણું ધ્યાન કેન્દ્રિત કરીને પગલે પગલે આગળ ચાલતા રહેવું જોઈએ. ખરેખર તો કાલ કરતા આજે કાયમ બે ડગ આગળ ચાલવું જોઈએ. આપણી અંદરની માણસાઈ, આપણી અંદરના ગુણ- કૌશલ્યને પરિપૂર્ણ કરતાં એક સંપૂર્ણ જીવન આપણને જીવવું હોય તો નિયોજન જરૂરી છે. એક કાગળ પર તમે ધ્યેય માર્ગ તૈયાર કરો. તમારા જ્યારે દરેક વિચાર, આચાર તમારા અંતિમ ધ્યાયની- ઉદ્દેશની દિશામાં હશે ત્યારે તમને કોઈ રોકી શકશે નહીં. તમે જોયેલાં સપનાંઓ પ્રત્યક્ષ ઉતારવા માટે હજુ મોડું થયું નથી. આપણે સ્વધર્મ, સ્વકર્મ ઉત્તમ ચૈતન્ય સાથે નિભાવવું જરૂરી છે, કારણ કે દરેક ડગલે નાની નાની ઇચ્છાઓમાંથી મોટી સફળતા પ્રાપ્ત થઈ શકે છે. જીવન આપણી પાસેથી આશાઓ રાખે છે. ફક્ત આપણે પોતાનું કર્મ ૧૦૦ ટકા કરવું જરૂરી છે.

પોતાનાં સપનાં અગાઉ કરતાં ઊંચાં રાખો અને તે એક કાગળ પર લખી કાઢો. તે સપનાંઓની આપૂર્તિ માટે તમે કરેલું નિયોજન પણ શબ્દબદ્ધ કરી રાખો. આ પછી તમને તમારો માર્ગ, જીવનનો પ્રવાસ વધુ સ્પષ્ટ દેખાવા લાગશે અને પછી એક નવી આશા સાથે તમે આગળ વધતા રહેશો. માર્ગ પગલાંની અંદર પ્રવેશ કરશે અને તે જ ચાલક બનશે. આ પછી જુઓ કેવો ચમત્કાર થાય છે!

પોતાને એક ઈનામ આપો: તમારાં ભાવિ સપનાં કાગળ પર લખી કાઢો. સપનાની આપૂર્તિ માટે કરેલું નિયોજન શબ્દબદ્ધ કરો. હવે જીવનનો પ્રવાસ વધુ સ્પષ્ટ દેખાવા લાગશે.

હવે એક નવી આશા સાથે આગળ વધતા રહો.
માર્ગ પગલાંની અંદર પ્રવેશ કરશે અને તે જ ચાલક બનશે.
આમાંથી મળેલી સફળતાનો વૈભવ તમને આશ્ચર્યચકિત કરી દેશે!

૧૦

પ્રશ્ન પૂછતા રહો

અનેક વાર આપણે બધી બાબતો અધૂરી છોડીએ છીએ અથવા અધૂરી કરીએ છીએ. ડુંગર ચઢવાનું તે પણ અડધે સુધી. શિખર સુધી જવાનું જ નહીં. આપણી બધી શક્તિ, સંપૂર્ણ ચૈતન્ય, સમગ્ર ક્ષમતા કામે લગાવવી નહીં. એકંદરે આપણે અત્યંત ઉત્કૃષ્ટાનો આગ્રહ રાખતા નથી. આને કારણે આપણે આપણું સામાન્યપણું લપેટી રાખીએ છીએ. કાયમ હકારાત્મક વિચારોની આદત પાડો. ખરેખર તો મનની ચળવળ અનેક હોય છે. તેને સમયસર ઓળખો અને વિચારો પર વશ રાખો. તમને જે જોઈએ છે તેને સતત લક્ષ્યમાં રાખો અને પગલે પગલે આગળ ચાલતા રહો. આપણે અનેક વાર શૂન્યતાથી ગ્રસ્ત હોઈએ છીએ. તેમાંથી સમયસર બહાર નીકળી આવો.

જીવનને સતત પ્રશ્ન પૂછતા રહેવું મહત્ત્વનું છે. શોધ કાયમ મહત્ત્વની નીવડે છે. શોધક ક્યાંથી કઈ રીતે જશે તેટલું કહી શકાય તો પણ શોધવું, ચોકસાઈ એ આપણને વિકાસને માર્ગે લઈ જાય છે. સમસ્યાને સીધો પ્રશ્ન પૂછવાનું સાહસ કરનારા જ સફળ થાય છે તે ધ્યાનમાં રાખો. રેસ્ટોરાંમાં ગયા પછી આપણી મનગમતી જગ્યા માટે આગ્રહ રાખો. અનેક વાર આપણનું મુખ દુર્બળની જેમ ચૂપ બેસી રહે છે. એક ધ્યાનમાં રાખો કે જેઓ સાંભળે છે તેમને બધા જ સંભળાવે છે. બહારના અને નજીકના પણ.

તમે જ્યાં સુધી વિચારશો નહીં ત્યાં સુધી કાંઈ જ બનાવવાનું નથી તે ધ્યાનમાં રાખો. યોગ્ય પ્રશ્ન, યોગ્ય જગ્યાએ પૂછવા જ જોઈએ. વાચકોને- લેખકોને મળવું જોઈએ. જેમને પ્રશ્ન પડતા નથી તે મૃતઃપ્રાય જીવન જીવતા હોય છે. પોતાનું સંતુલન જાળવી રાખીને વિનયશીલતાને પ્રશ્ન**!** પૂછો.

સારાપણમાંના ઉત્તમ બુદ્ધિમાન લોકો ચોક્કસ જીવનને પ્રશ્ન પૂછતા રહે છે. આવા લોકોને જીવન કાયમ સાથ આપે છે.

૭૧

નાવીન્યની શોધમાં

જીવનના તેજ પ્રવાહથી દૂર પોતાનું એક સુરક્ષિત ઘર બનાવીને ચાતુર્યપૂર્ણ અને અત્યંત સુરક્ષિત જીવન જીવવાનું માનવીને બહુ ગમે છે. આદિકાળમાં જંગલી અવસ્થામાં માનવી ગુફાઓમાં રહેતો. એકંદરે આપણે નિશ્ચિતતા કહો કે શાશ્વતતાની પાછળ દોડતા હોઈએ છીએ. જોકે જીવન ચૈતન્યથી સતત વહેતા નદી જેવું હોય છે. સતત બદલાય છે. સર્વસામાન્ય એવી સુરક્ષિતતા માટે અટ્ટહાસ્ય કેતી વેળા તેનું નેતૃત્વ કરનારા લીડર જોકે અસુરક્ષિતતાના આતંકને, સંકુચિતતાને ડરતા નથી. તેઓ અસ્થિર જીવનનો બહુ ચાતુર્યપૂર્ણ રીતે સામનો કરે છે, કારણ કે તેમની અંદર અસામાન્ય જોશ અને સૌંદર્ય હોય છે. તેઓ જીવનના પોતાના હાથોમાંથી છટકી જવા દેતા નથી. તેઓ સતત નાવીન્યની શોધમાં રહે છે.

આપણામાંથી મોટા ભાગના લોકો તે જ જીવન જીવતા હોય છે. તે જ તે અને તે જ તે. જીવનના પ્રવાહમાં આપણું એક ઘર હોવું જોઈએ, સુરક્ષિતતાથી આપણે જીવતા રહેવું એવું દરેકને લાગે છે. આને કારણે આપણને અસલ પરિવર્તન જોઈતું હોતું નથી. આપણે મળતી વ્યક્તિ પણ તે જ હોય છે. તે જ રસ્તો અને તે જ નિત્યક્રમ. એમાં આપણે પોતાને ગળાડૂબ કરી નાખીએ છીએ. સતત પ્રવાહી, નવો માર્ગ શોધનારું જીવન આપણને જોઈતું નથી હોતું. આને લીધે આપણી શોધકતા, પ્રેરકતા અને પ્રવાહ સાથે ચાલતા રહી ખરા અર્થમાં જીવનનું એવું આપણને ક્યારેય લાગતું જ નથી.

મને એટલું જ કહેવું છે કે જીવનના આ વેહતા પ્રવાહનો એક પ્રવાહી વૃત્તિથી સામનો કરો. પછી આપણું જીવન સંપૂર્ણપણે ગતિશીલ રહેશે અને નવા નવા પ્રયોગ આપણે જીવનમાં કરતા રહીશું. એકંદરે નાવીન્યની શોધમાં આપણે રહેવું જોઈએ, કારણ કે આ સંપૂર્ણ નાવીન્યમાં જ જીવનની પ્રીતિનો અને ખરા સૌંદર્યનો સાક્ષાત્કાર થઈ શકે છે. આથી શોધ લેવું મહત્ત્વનું છે. તેમાં પણ આ શોધ આપણી જીવનની પદ્ધતિ સાથે મેળ ખાતું હોવું જોઈએ. નાવીન્યની તેમ જ સારપની ભાવનાને નજીક કરો. તમે જો કાયમ એક વાદ્ય સાંભળતા હો તો હવે બીજું વાદ્ય સાંભળો. રોજ બટાટા, તે જ માંસાહર લેવા કરતાં મલેશિયન ફૂડ્સને એક દિવસ સ્પર્શ કરીને જુઓ. તમે જો ફોર્ચ્યુન માસિક વેચાતું લઈને વાંચતા હો તો હવે ડવેલ પણ વાંચો. તમને જીવનના અસલ સૌંદર્યનો અને નાવીન્યનો સ્પર્શ થશે. આ પછી તમારું રોજનું જીવન પ્રકાશમય બની રહેશે.

જો તમે રોજ એકાદ વાદ્ય સાંભળતા હશો તો હવે અન્ય વાદ્ય સાંભળીને જુઓ. રોજ બટાટા, તે જ માંસાહાર લેવા કરતાં મલેશિયન ફૂડનો સ્વાદ ચાખી જુઓ. ફોર્ચ્યુનને બદલે ડવેલ વાંચવાનો આરંભ કરો.

૭૨

વ્યક્તિત્વના ગુણવૈભવ

વ્યક્તિત્વના ગુણવૈભવ અથવા ગુણપ્રભુત્વની સંકલ્પના આપણે બધી રીતે આત્મસાત કરવી જોઈએ. તે માટે આપણી અંદરનું સામાન્યપણું નકારીને જીવનને આહવાન કરતા રહેવું જોઈએ. પૌરુષ, પ્રીતિ, સંગીત અને તત્ત્વજ્ઞાન આત્મસાત કરેલું વ્યક્તિત્વ બહુ જ પ્રભાવી અને પરિણામકારક હોય છે. આવું વ્યક્તિત્વ વર્તમાનની દરેક ક્ષણ સંપૂર્ણપણે જીવે છે અને તેમાંનો અર્થ તથા ચાતુર્ય ઝીલે છે. જીવનની દરેક બાજુને સ્પર્શતાં તથા વ્યક્તિ વ્યક્તિનાં સુખદુ:ખનાં સ્પંદન જાતે ભોગવીને તેને સજીવ અને કૃતાર્થ કરીને આપણને જીવતા આવડવું જોઈએ. ચૈતન્યના અમર આશ્વાસનમાં કાયમ પ્રકાશાભિમુખ રહેતું વ્યક્તિત્વ એ જ ખરું ગુણવૈભવશીલ માનવું જોઈએ.

ખરેખર તો આપણને મળેલા જીવનનો પ્રસાદ એ આપણને સંપૂર્ણ જીવતા આવડવું જોઈએ. તે માટે દરેક દિવસનું અને દરેક સંબંધનું સ્વાગત કરીને નવેસરથી આપણા જીવનની પળેપળ જીવતા આવડવી જોઈએ. અનેક વાર આપણે ગ્રાહકોને ૧૦૦ ટકા સેવા આપતા નથી. આટલું જ નહીં, બધી રીતે અને શ્રેષ્ઠ જીવતા નથી. આપણને નિરાશ, ઉદાસીન અને એકલવાયું લાગે છે. આવા સમયે દુ:ખનો સંપૂર્ણ સાથ સ્વીકારીને બહુ જ જાગરૂકતાથી આપણે જીવનનો સામનો કરવો જોઈએ. આ પછી આપણને ધ્યાનમાં આવશે કે એક પ્રકારની આંતરિક સમજદારી આપણી અંદર ખીલી રહી છે. આવું વ્યક્તિત્વ સંકટનો- સમસ્યાનો તેમ જ ડરનો પ્રત્યક્ષ સામનો કરે છે. મહત્ત્વનું એ છે કે ભલાઈનો મોટો જથ્થો આવા માનવી પાસે કાયમ હોય છે. કોઈ પણ સંકટ આવ્યું તોય તે પોતાનો સદભાવ છોડતું નથી.

હકારાત્મકતાને કાયમ પકડી રાખો. (ખલિલ જિબ્રાન કહે છે: શંકા એ એકલતાનો સંગાથ છે. જીવન પર અપાર શ્રદ્ધા રાખો. ડરને, દબાણને જેઓ વશ થઈ જાય છે તેમને જીવન ક્યારેય સાથ આપતું નથી. આપણામાંથી અનેક જણ એકલા ઊભા રહેવા માટે ગભરાય છે). આ જ મારે કરવું છે અને આ જ હું કરીશ એવો નિશ્ચય કરો. જે મન સતર્ક, નિરીક્ષણશીલ, ભયમુક્ત હોય છે તે મન નિષ્પાપ હોય છે. આને કારણે તમને ખરેખર શું કરવાની ધગશ છે તે પોતે શોધી કાઢો. ખરેખર આ જ યોગ્ય શિક્ષણનું અંગ છે. તમારી કૃતિ એ પ્રેમભાવનામાંથી ખીલવા દો! સામંજસ્ય, સૌમ્યતા અને સંયમને નજીક કરીને જીવનને ચારે બાજુથી બહુ જ વહાલપૂર્વક સમજી લો. સ્વધર્મ અને સદભાવનો સાથ ક્યારેય છોડતા નહીં. આમાં જ જીવનની મોટાઈ સમાયેલી છે.

જીવન તમારી સામે અનેક તક ઊભી કરે છે. આવી તકનું
સોનું કરો અને પોતાને શ્રેષ્ઠ તથા બધી રીતે વ્યક્ત કરો.
પળે પળે વિકસિત થઈને ગુણવૈભવશીલતાની
દિશામાં આગળ વધો !

૧૩

લોકપ્રિયતાથી દૂર રહેવું સારું

તમે મારો બ્લોગ નિયમિત વાંચો છો ખરા? તમને ખબર છે કે મને ઇયાન શેરગર હોટેલ બહુ જ ગમે છે. ધ મંક હુ સોલ્ડ હિઝ ફેરારી જ્યારે મેં લખવા લીધી ત્યારે હું અમેરિકામાં ગયો હતો. તે સમયે આ હોટેલમાં ઊતર્યો હતો. મારી મહાનતાના માર્ગદર્શકના પેહલા ભાગમાં મેં સેન્ટ માર્ટિન નામે રસ્તાનો ઉલ્લેખ કર્યો હતો. (એકદમ આજે પણ તે હોટેલ મને બહુ ગમે છે). એકંદરે મને શેરગરની હોટેલ્સ આટલી ગમે છે, કારણ કે લોકપ્રિયતા-પ્રસિદ્ધિની પાછળ ન પડતાં નનામી રહીને ચોખ્ખું કામ કરવામાં તેઓ માને છે. મહત્ત્વનું એ છે કે તેમને દરેક હિલચાલમાંથી એક પ્રકારનો આત્મવિશ્વાસ સજ્જડતાથી મહેસૂસ થાય છે. આપણે શું છીએ અને શું કરી શકીએ એ તેમને પાક્કી ખબર હોય છે. આધુનિક જીવનશૈલી અનુસાર વિધવિધ અવનવી કલ્પના તેમણે પોતાની હોટેલમાં અમલી બનાવી છે. પોતાનો એક નોખો ચહેરો હોય અને તેનું જતન કરવું જોઈએ એવું તેઓ માને છે. મુખ્યત્વે તેમનો તેમના વ્યવસાય પર બહુ જ પ્રેમ છે.

આજે સવારે હું કોફી લેતો હતો ત્યારે વ્હોટ ક્લાયન્ટ્સ લવ પુસ્તક વાંચતો હતો. હેરી બેકવિથનું આ અફલાતૂન પુસ્તક છે. તેઓ કહે છે, જ્યારે આપણે ચોવીસ હોટેલ્સના નામ આપીએ છીએ ત્યારે પચ્ચીસમી પર આપણે પસંદગીનો કળશ ઢોળીએ છીએ. કોઈ પણ વ્યવસાય કરતી વેળા અપાર મહેનત અને એક નિર્મિતીક્ષમ પ્રેમનો સંબંધ પ્રસ્થાપિત કરવો જ પડે છે. તમારી દરેક કૃતિ એ ગ્રાહકોભિમુખ અને પૂર્ણ પ્રેમથી ખીલવા દો. ગ્રાહકોનું સરળ, સ્પષ્ટ અને સાદું નિરીક્ષણ કરો. કાયમ અંતરમુખ અને આત્મશોધક રહો. ખરેખર તો મનની પ્રવૃત્તિથી પ્રજ્ઞા જાગૃતિ સુધીનો આ વેપાર મોટા વિકાસનો અનુભવ છે. વ્યવસ્થાપૂર્વક, આસ્થાપૂર્ણ અને પરિશ્રણપૂર્વક સતત આગળ વધતા રહેવું જોઈએ. તો જ તમને ખરા પરમાનંદ પ્રાપ્ત થઈ શકશે. જે કાંઈ કરવાનું છે તે વૈશ્વિક સ્તરે પણ શ્રેષ્ઠ રીતે કરો. અન્યથા સક્રિય શાંત રહો.

અનેક વ્યવસાય ભરપૂર પરિશ્રમમાંથી તેમ જ એક વ્યવસ્થાપૂર્વકતામાંથી બહુ જ આસ્થાથી આકારવામાં આવેલા હોય છે. જોકે અનેક લોકો આ ગુણાત્મકતા વિશે અજાણ છે.

૧૪

અંતરની મહાનતાને તેડો

થોડા સમય પૂર્વે મને અમેરિકન કારાગૃહના એક કેદીએ પેન્સિલથી લખેલો પત્ર મળ્યો. ધમંક હુ સોલ્ડ ફેરારી તેને બહુ ગમી ગઈ હતી. આટલું જ નહીં, તેના પ્રભાવ-પરિણામકારકતામાંથી પોતાના ચૈતન્યને- ઊર્જાને તેણે તેડ્યાં અને તેનું આખું જીવન બદલાઈ ગયું. ખરેખર તો પોતાની અંદર ઘણું બધું ચૈતન્ય દબાયેલું છે. તે આ વાત ભૂલી ગયો હતો. ખરેખર તો જીવનથી તે બહુ જ દુઃખી થયો હતો.

મેં તમને અગાઉ પણ કહ્યું છે કે તમે- અમે બધા, મહાનતા માટે જન્મ્યા છીએ. આથી મહાનતા પર પોતાનો હક પ્રસ્થાપિત કરો અને આ ધરતી પર તે સૂર્યની નીચે પોતાની એક જગ્યા, એક છાપ નિશ્ચિત કરો. ભૂતકાળની કેદમાંથી મુક્તથઈને ભવિષ્યનું આકલન કરો. મુખ્યત્વે વર્તમાનની દરેક પળ સંપૂર્ણ જીવવું તે ફક્ત તમારા જ હાથોમાં છે. એક ધ્યાનમાં રાખો કે તમે જોયેલાં સપનાંઓ પ્રત્યક્ષમાં ઉતારવા માટે હજુ પણ મોડું થયું નથી. અનેક વાર આપણે ચક્રમાં અટવાઈ પટીએ છીએ અને આપણા જીવનની સુરક્ષિત રમત રમતા રહીએ છીએ. બદનસીબે આ રમતમાં આપણને જીવનમાં શું સાધવાનું છે તે જ આપણે ભૂલી જઈએ છીએ.

આખરે, જાતને જાણવી એ જ બોધનું પ્રથમ પગલું છે. ખરેખર તો આપણા જીવનની વાત જ એટલી સંમિશ્રિત હોય છે કે તેને ચોકક્સ રીતે વાંચવી મુશ્કેલ બની જાય છે. આપણે વિચાર કેવો કરીએ, શું કરીએ, આપણે કઈ રીતે ચાલીએ, બોલી આ બધી બાબત પાસે આત્મશોધકતાથી જોવું જોઈએ. અર્થાત, તે માટે અંગત જ્ઞાનની જરૂર છે. તો જ તમે તમારી બુદ્ધિમતા અને નવનિર્માણશીલતા સહિત નવા જીવન પાસે પાછી વળી શકશો. આ પ્રયાસ કરીને જુઓ. કાલે નહીં, આજે જ કરો. થયેલું આકલન જ્યારે આપણે તરત જ અમલમાં લાવીએ ત્યારે આપણા પરિવર્તનનો આરંભ થાય છે. આથી જ કહું છું કે આપણા અંતરમાં દબાયેલા ચૈતન્યને, મહાનતાને સાદ આપો. ખરેખર તો આપણે એકદમ સામાન્ય જીવન જીવતા હોઈએ છીએ. કોઈ પણ બાબત આપણે તાકાત લગાવીને, ચૈતન્ય સાથે કરતા નથી. આપણી તાકાત અજમાવતા જ નથી. આને કારણે આપણી અંદરની ઊર્જાનો આપણને અંદાજ આવતો નથી. આથી આ ઘડીથી જ આપણી અંતરની શક્તિનું સ્વરૂપ સમજી લો અને મુખ્યત્વે ચૈતન્ય અખંડ અને સ્વતંત્ર કઈ રીતે રહ્યું તે જુઓ.

દરેક જીવનનો પોતાનો હેતુ હોય છે. દરેક જણ તે મહાનતા માટે જન્મ્યા છે. ફક્ત ચરિતાર્થના આ ગતિચક્રમાં આપણે આપણી અંદરની ઊર્જાને ભૂલી જઈ રહ્યા છીએ. આથી આપણી અંદરની મહાનતાને સાદ આપો.

૭૫

કોલ્ડપ્લેની હુકમશાહી

કોલ્ડપ્લેની હુકમશાહી તમને તમારા જીવનમાં- વ્યાવસાયિક જીવનમાં આત્મસાત કરીને પરફોર્મ કરવાનું ફાવશે ખરું? વિચાર કરો. ગત સપ્તાહમાં મેં ટોરંટોમાં બે કલાક કોલ્ડપ્લેમાં ગળાડૂબ થઈ ગયો હતો. એકદમ ઓતપ્રોત થઈ ગયો હતો. હું જ નહીં પણ લગભગ વીસ હજાર લોકો કોલ્ડપ્લેના રોક ડાન્સ- સંગીતના ઘેલા બની ગયા હતા. દરેક જણ આનંદ અને ઉલ્લાસથી સુખના સર્વોચ્ચ બિંદુમાં વિહરવા લાગ્યા હતા. જોનારા દરેક જણ કહેતા હતા કે યુ-ર પછી કોલ્ડપ્લે સર્વોત્તમ છે. કોલ્ડપ્લે જોતી વેળા નેતૃત્વ સાથે હું તેની તુલના કરવા લાગ્યો. આ મેળાપમાં જો આપણે જોઈએ તો આપણે મહાનતાના આગામી તબક્કામાં જરૂર પહોંચી જઈશું.

ચાર નવી કલ્પનાઃ પ્રથમ એટલે આરંભથી છેક છેવટ સુધી કલાકાર- નિર્માતા- વાદકોનો પોતે શું કરી રહ્યા છે તેની ચોક્કસ જાણ હતી અને તેઓ પૂર્ણ રિહર્સલ સાથે ઉત્કૃષ્ટ પરફોર્મન્સ આપતા હતા. એકદમ વૈશ્વિક સ્તરનો તે પરફોર્મન્સ હતો. સ્ટેજ ક્રાફટ, પ્રકાશ યોજના, સાઉન્ડ અને સંપૂર્ણ સંગીતાવિષ્કાર વૈભવશાળી હતાં. દર્શકોમાંથી દરેક જણ, આબાલવૃદ્ધ સૌકોઈ તે આનંદાસ્વાદ લેતા હતા. બીજું, કલાકાર ગાતા હતા, નાચતા હતા અને દર્શકોને બહુ વહાલથી હસાવતા હતા. ત્રીજું, નાચવાનો- ગાવાનો હેતુ પ્રેમ જ હતો. એકંદરે દરેક કલાકારની કૃતિ પ્રેમમાંથી જ આકાર પામતી હતી. ચોથું, તેમનો ડાન્સ- ગાયન વિશ્વ કક્ષાનાં હતાં એમાં કોઈ સવાલ નથી.

હું તો આ કોલ્ડપ્લેનો ચાહક બની ગયો. હજુ પણ તે સૂર મારા શરીરમાં રોમાંચ લાવી દે છે. મને તમને એ કહેવું છે કે આ કોલ્ડપ્લેમાંથી તમને ઘણું બધું શીખવા મળી શકે છે. તમે પણ તમારા વિશ્વમાં- વ્યવસાયમાં કોલ્ડપ્લેનો પરફોર્મન્સ આપો. તમારા પરફોર્મન્સથી લોકોને ખરા અર્થમાં ગળાડૂબ કરી નાખો. આ પછી જુઓ ચમત્કાર! આમાંથી મળનારી સફળતા ફક્ત અલૌકિક જ હોય છે.

**તમારા વ્યવસાયમાં- વિશ્વમાં તમારા ચાહક નિર્માણ કરો.
તમારા પરફોર્મન્સથી લોકોને ખરા અર્થમાં ગળાડૂબ કરી નાખો.
આનંદિત કરો. આ પછી તેમાંથી મળનારી સફળતા
ફક્ત અલૌકિક જ હશે.**

૭૬

નિદ્રાને વધુ વશ નહીં થતા!

આળસ, કંટાળો, વધુ પડતો માનસિક થાક, સુસ્તી જેવી અનેકવિધ બાબતોનો પ્રભાવ આપણી પર એટલો તીવ્ર હોય છે કે અનેક વાર આપણે જરૂર કરતાં વધુ નિદ્રા લઈએ છીએ. અર્થાત તેને આરામ એવું મીઠું નામ પણ આપણે આપી દઈએ છીએ. એક પળે આ આરામની આદત અનિવાર્ય બની જાય છે. આ પછી આપણે આ આરામની, નિદ્રાની વહારે જઈએ છીએ અને ફરી ફરી તે કવાયત કરતા રહીએ છીએ. વારુ, એક વાર આપણું શરીર જ નહીં પણ મન નિદ્રાધીન થઈ જાય એટલે તે તેમાં ટેવાઈ જાય છે અને અસાવધ બની જાય છે. આ પછી તે પણ એક રીતે નિદ્રાધીન થઈ જાય છે. મહત્ત્વનું એ છે કે તેને વિચલિત કરવાનું આપણને પોતાને ગમતું નથી. આ નિદ્રાનો પ્રભાવ આપણા દિવસભરના જીવનચક્ર પર એટલો બધો રહે છે કે આપણું મન ચોક્કસ ચોકડીની બહાર જવા તૈયાર થતું નથી. આ પછી વૃદ્ધની ઝાળ લાગેલું આપણું મન યુવાનીમાં જ જવાબ આપવાનું શરૂ કરે છે.

આપણને નિદ્રા સંબંધી કોઈ પ્રશ્ન પૂછવાનું ગમતું નથી. નિદ્રાની ટેવ ભગાવવાની હોય છે, પરંતુ તે માટે કોઈ શ્રમ લેવાના નથી હોતા. આવા સંજોગોમાં પરિવર્તન કઈ રીતે થઈ શકે? એક પળે આપણે નિદ્રાને આધીન ન થવાનો નિશ્ચય કરીએ. જોકે તે નિશ્ચય બે દિવસ પણ ટકતો નથી. આપણે આ આદતના ગુલામ થઈએ છીએ. ખરેખર તો આપણે તેની વિરુદ્ધ જેટલા ઝઘડા કરીશું તેટલું મન વધુ નિદ્રાને આધીન થતું રહેશે.

સવાલ આપણે આ નિદ્રાધીનતાથી તાજગીપૂર્ણ યુવાનીની દિશામાં, કૃતિશી જીવનની દિશામાં કઈ રીતે જઈ શકીએ એ છે. આ માટે તમારે પોતાને જાણવું બહુ જરૂરી છે. એકંદરે આપણે આપણી આદતો પાસે શૂન્ય મને જોવું જોઈએ. એક ધ્યાનમાં રાખો કે જીવન એ આનંદથી અને ઉત્સ્ફૂર્તતાથી જીવવા માટે છે અને દરેક દિવસ આપણને મળેલું દાણ છે. તે જો તમે બહુ ગંભીરતાથી કે કાળજીપૂર્વક ધ્યાનમાં લેશો તો જ તમે વર્તમાનમાં દરેક ક્ષણ સંપૂર્ણ જીવશો અને તેમાંનો અર્થ અને ચાતુર્ય પ્રાપ્ત કરશો. બેંજામિન ફ્રેંકલિનને એક જગ્યાએ કહ્યું છે, ‘તમારા મૃત્યુ પછી આરામથી નિદ્રાધીન થવા માટે બહુ સમય મળવાનો છે.’ મને બેંજામિન બહુ ગમે છે.

વધુ પડતી નિદ્રાની મને હંમેશાં ચિંતા થાય છે. ખરેખર તો તમારી અંદર આળસ, નીરસ મન, તમને કાયમ સામાન્ય બનાવી દે છે.

આની વિરુદ્ધ સંપૂર્ણ ચૈતન્ય સાથે લડત આપો.

૧૧

આગળ વધતા રહો, ઊંડાણમાં જાઓ

હું મારા પુત્ર સાથે ઇટાલીમાં રજા માણવા માટે આવ્યો છું. ખરેખર તો હું એક નવા પુસ્તકના લખાણમાં પરોવાયેલું છું. મસ્ત રિલેક્સ રહેવું અને મૂડ થશે ત્યારે લખવાનું એવો મારો હાલનો નિત્યક્રમ છે. આજે સવારે તો મેં અહીંનો પાસ્તા એટલો બધો ખાધો કે મારું પેટ ભરાઈ ગયું. આટલો પાસ્તો મેં મારા જીવનમાં ક્યારેય ખાધો નહોતો.

બપોરે અમાલ્ફી કિનારે એકાદ બોટ ભાડે લઈને જવાનું નક્કી કર્યું. અર્થાત પુત્ર સાથે હોવાથી હું કિનારાથી બહુ લાંબે જતો નહોતો. મારો પુત્ર સમુદ્રમાં વધુ અંદર જવા માટે મને પ્રોત્સાહિત કરતો હતો. જોકે મારું, વડીલોનું મન આ અસુરક્ષિતતાથી ગભરાતું હતું. મેં તેમને અમુક કારણ કહીને પાછા વળવા કહ્યું. મોટે ભાગે મારો ડર છોકરાઓના ધ્યાનમાં આવી ગયો હોવો જોઈએ. બોટની કોરે ઊભા રહીને મેં મારી નજર ક્ષિતિજની પાર ઠારી. ખરેખર તે અનંત વિસ્તરેલા સાગર પાસે જોઈને જ મારી છાતીમાં ફડક પેઠી. કોણ જાણે કેમ પણ મને અચાનક કોલંબસની યાદ આવી અને પળભર હું પોતે જ ચોંકી ગયો.

કોલંબસ ખરો સાહસી ખલાસી હતો. તેણે જો કિનારે જ પડી રહેવાનું નક્કી કર્યું હોત તો નવી ભૂમિની શોધ થઈ હોત? માર્ગમાં કેટલાંય અવરોધ તેને આવ્યા હશે. મોજાંઓનું તાંડવ, સુસવાટા મારતો પવન, વાદળ વચ્ચે નવી ભૂમિની શોધ કરવાની પ્રેરણા લઈને સમુદ્રનો પડકાર ઝીલીને આગળ વધતો રહ્યો. ઊંડાણ સુધી. ચારે દિશામાં સમુદ્ર જ સમુદ્ર દેખાતો હતો. ક્યાંય કિનારો નહોતો કે જમીનના ટુકડાનું દર્શન પણ થતું નહોતું. પણ કોલંબસ આગળ ને આગળ વધતો રહ્યો. આ પછીનો ઇતિહાસ તૌ સોકોઈ જાણે જ છે. ખરેખર અજ્ઞાતમાં જાણની શોધ લેવાની પ્રેરણા જ માનવીને પરાક્રમ કરવા પ્રેરિત કરતી હશે નહીં? હું જોકે તે વિસ્તૃત ભૂરું ભૂરું આકાશ જોઇને હચમચી ગયો અને કિનારે પાછા આવવાની ભાષા કરવા લાગ્યો. આપણે સંકટનો સામનો નહીં કરીએ તો જીવન આપણી મદદે આવશે? અર્થાત, નહીં. ભગવાન ક્રિસ્ટોફરફિલ્ડે એક જગ્યાએ લખ્યું છે કે તમે પોતાનો સમુદ્રકિનારો છોડશો નહીં ત્યાં સુધી તમને નવો સમુદ્ર, નવી ભૂમિ કઈ રીતે મળશે? આથી આજે જ તોફાની સફરે નીકળી પડો અને જીવનનો આસ્વાદ કરો.

તમે તમારો પોતાનો સમુદ્રકિનારો છોડશો નહીં તો તમને નવો સમુદ્ર, નવી ભૂમિ કઈ રીતે મળશે ? આથી આજે જ તોફાની સફરે નીકળો અને જીવનનો ખરા અર્થમાં આનંદ લો.

૧૮

પોતાની ભૂમિકા સાથે પ્રામાણિક રહો

રવિવારની તે અત્યંત પ્રસન્ન- પવિત્ર સવારે હું આ લેખ લખી રહ્યો છું. કેફે ડેલ મારનું સંગીત આ સાથે વાગી રહ્યું છે. અર્થાત જાવાનો મગ પણ છે. આસપાસ મારા છોકરા રમી રહ્યા છીએ. ખરેખર તો મારા લેખનમાં ડૂબેલો હોઈ સંગીતના તાલે મારી શારીરિક હિલચાલ થઈ રહી હતી. મારી પુત્રી મારી બધી હિલચાલ જોતી હતી.

અચાનક તેના ભેજામાં એક કલ્પના આવી અને એક પળે તે મારી નકલ કરવા લાગી. હું મારું જર્નલ કઈ રીતે લખું છું, કઈ રીતે ચાલું છું, કઈ રીતે બોલું છું... એકંદરે મારી દરેક બાબતનું તે અનુકરણ કરતી હતી. ખરેખર તો તેની તે નિખાલસતા જોઈને મને પણ બહુ હસવું આવ્યું. આ પછી હું પણ તેના બોલવાની નકલ કરવા લાગ્યો. તે પોતાના મનગમતા કાર્ટૂન વિશે, પોતાના મનગમતા કૂતરા સાથે કઈ રીતે બોલે છે તે રીતે મેં બોલવાનું શરૂ કર્યું. ખરેખર તો જાણતાઅજાણતા અમે એકબીજાની ભૂમિકામાં સરી પડ્યાં. અમારો ઘણો બધો સમય મજેથી હસતાં હસતાં પસાર થયો. અચાનક એક પળે તેને મારી ભૂમિકાનો કંટાળો આવ્યો અને મને તેણે કહ્યું, બહુ થયું, હવે બસ. હું મારી ભૂમિકામાં જ ઠીક છું.

લખતાં લખતાં મેં આ બધી રમત વિશે, ભૂમિકાની અદલાબદલી વિશે બહુ જ અંતરમુખેથી વિચાર કરવા લાગ્યો. માનવીને કાયમ બીજાની ભૂમિકા વિશે કુતૂહલ હોય છે. આટલું જ નહીં, આપણને જે વ્યક્તિ ખરા અર્થમાં સુખી અને આદર્શ ભાસે છે તેમની ભૂમિકામાં જીવવું એવું આપણને કાયમ લાગ્યા કરતું હોય છે. સાચું છે ને? જોકે આપણે જ્યારે પ્રત્યક્ષ બીજાના ભૂમિકામાં જઈએ છીએ ત્યારે આપણી બધી રીતે અલગ પ્રકૃતિ, પીંડ અને સ્વભાવની તીવ્રતાની આપણને પિછાણ થાય છે. આ પછી આપણને આપણી જ ભૂમિકાની અને જીવનની દિશામાં ખેંચાણ મહેસૂસ થાય છે. આખરે, દરેકને પોતાનો સ્વધર્મ- કર્મ નિભવવાનાં હોય છે અને તે જ નિભાવવું તેમની નિયતિ હોય છે. આ સ્વકર્મની અથવા આપણી ભૂમિકાની જાણ જીવનના અંતે થઈને ઉપયોગી નથી પરંતુ તે જાણ સમયસર થવી જોઈએ એમાં કોઈ મીનમેખ નથી. શેક્સપિયરે પણ એક જગ્યાએ કહ્યું છે કે આપણું સ્વકર્મ, આપણી સ્વની ભૂમિકા દરેકે બહુ જ સિફતપૂર્વક પાર પાડવી જોઈએ.

અસામાન્યપણું અને સૌંદર્ય પરિપૂર્ણતા આપણી ભૂમિકા બધી રીતે અને સિફતપૂર્વક પાર પાડ્યા પછી જ આકાર પામે છે.

૧૯

લેણદેણ

હું રસ્તા પરથી પસાર થઈ રહ્યો હતો ત્યારે મારું ધ્યાન એક સદગૃહસ્ત પાસે ગયું. તે પોતાની સાથે વાત કરી રહ્યો હતો... આજે તેં પોતાના સિવાય અન્યને કાંઈક આપ્યું છે ખરું? તેના શરીર પરનાં કપડાં મેલાં હતાં અને ચહેરો પણ સુકાયેલો હતો. મોટે ભાગે તે ભિખારી હોવો જોઈએ. કદાચ અન્યો પાસેથી કાંઈક મળે તે માટે તે આ બધું કરતો હશે! જોકે મને તેના શબ્દો સ્પર્શી ગયા હતા. મનમાં વિચાર આવ્યો કે બીજા પાસેથી કાંઈક લેવા માટે આપણને કાંઈક બીજાને આપતા આવડવું જોઈએ. આવું એ પ્રક્રિયા જ એ લેવાનો અનેક વાર પ્રતિસાદ હોય છે.

એક સાદું ઉદાહરણ જોઈએ તો આપણે જ્યારે બીજાની સ્તુતિ કરીએ ત્યારે બીજા આપણી પાસે આકર્ષિત થાય છે. આટલું જ નહીં આપણે બીજાનો જેટલો આદર કરીશું તેટલો આદર આપણને સામેથી મળશે. પ્રેમમાં તો કોણ કોને કેટલું આપે છે તેનો હિસાબ હોતો નથી. (એક પ્રભાવી વિચારઃ તમે ધારી લો કે રોજ પાંચ જણ સાથે સારું વર્તન કર્યું અને બહુ જ સદભાવનાથી તેમની સાથે સંવાદ સાધો તો લઘુતમ પાંચ જણ તો તમારા સંવાદમાં- સહયોગમાં નિશ્ચિત સુધી થશે. ધારો કે આ આદત આપણે વધુ દિવસ અમલી બનાવીએ તો અનેક લોકો સાથે સંવાદ સાધી શકીશું. તેમનાં સુખદુઃખ વિશે પૃચ્છા કરી શકીશું. ખરુંને? આથી બહુ જ હકારાત્મકતાથી સામેની વ્યક્તિને આપણા હાવભાવમાંથી, સંવાદમાંથી પ્રતિસાદ આપતા રહો. જેટલો તમે સામેવાળાને પ્રેમ આપશો તેટલો તે તમને મળતો રહેશે. સામેવાળાનું વધુમાં વધુ સન્માન કરો.

આપવું એ દાનવૃત્તિનો જ એક ભાગ છે. આપવા માટે મન મોટું હોવું જોઈએ. આથી સંકુચિતતાની સીમા આપણે જ્યારે પાર કરીશું ત્યારે જ બીજાને કાંઈ આપવાનો, ત્યાગ કરવાનો અને સમાજની વેદનાઓને સ્પર્શ કરવાનો વિચાર મનમાં આવશે. એકંદરે સામેવાળાને આનંદથી જીવવા માટે પ્રેરિત કરો.

તમને જો કાંઈ મેળવવું હશે તો તારે બીજાને ભરીભરીને આપતા આવડવું જોઈએ. લેણદેણ એ એક પ્રકારના સાદ- પ્રતિસાદ જ છે.

૮૦

જે.કે. જેવા બનો

સામાન્ય લોકો જે જોઈ શકતા નથી તે દ્દષ્ટાઓ ચોક્કસ રીતે જોઈ શકે છે, કારણ કે સામાન્ય લોકો કરતાં અત્યંત સંકુચિત- મર્યાદિત એવી વિચારકક્ષાની- અનુભવ કક્ષાની બહારની કોરને સ્પર્શ કરવાનીતેમની પાસે તાકાત હોય છે. (જર્મન નિષ્ણાત આર્થર શોપેનહેર કહે છેઃ ખરા પ્રજ્ઞાવંત આપણા હૃદયનો ઇપ્સિત ધ્યાય સાધ્ય કરે છે જ્યારે પ્રતિભાવાનો પોતાની મનઃચક્ષુથી અનેક અશક્યપ્રાય કલ્પના અને બાબતો શક્યતામાં ફેરવી નાખે છે). એકંદરે આ પ્રતિભાને અને અસામાન્યપણાનાં જે દર્શન ઘડે છે તે દિવ્યત્વનાં હોય છે, કારણ કે તેમની આંતરિક તરસ એ આકાશગામી હોય જ છે પણ કાળાંતર તત્ત્વોની પડખે રહે છે. એકંદરે તેમના શબ્દો, તેમની વર્તણૂકમાંથી એક પૂર્ણ વિકસિત એવા મનના પ્રેમ- કરૂણાનો આંતરબાહ્ય બોજો વ્યક્ત થતાં દેખાય છે. મહાત્મા ગાંધીનો વિચાર કરો. એડિસન, વોલ્ટ ડિઝની જેવી હસ્તીને યાદ કરો. જીવનના એક પવિત્ર માર્ગનું દિગ્દર્શન તેમણે કર્યું. તે પણ બહુ પ્રભાવી- પરિણામકારક રીતે.

જે.કે. રોલિંગને હેરી પોટરની કલ્પનાની દેણ ટ્રેનના ચાર કલાકના પ્રવાસમાં એક ચિંતનમગ્ન અવસ્થામાં મળી હતી. ખરેખર તેની આર્થિક સ્થિતિ- ગતિ એટલી પ્રતિકૂળ હતી કે તેને ઘરનાં બિલ ભરવાનું પણ પરવડતું નહોતું. હેરી પોટરની કથાની નિર્મિતી પ્રક્રિયા વિશે તેણે પોતાની વેબસાઇટ પર વિસ્તારથી લખ્યું છે. બહુ અતુલનીય એવા લેખનનો તે કાળ હતો. એક આંતરિક શક્તિથી તેણે હૃદયની અંદરથી, તનમનમાંથી તેણે કાગળ પર ઉતાર્યું. તેની તે લેખિત સંહિતા અનેક પ્રકાશકો પાસે ફરતી હતી પણ કોઈને જ તેમાંની ખરી તાકાત સમજાઈ નહીં. જોકે એક પ્રકાશક દષ્ટા હતો. તેણે તે લેખનમાં પ્રતિભા જોઈ અને તેણે તે લેખન પ્રસિદ્ધ કરવાનું નિશ્ચિત કર્યું અને પછી તો આશ્ચર્ય જ સર્જાયું. અર્થાત, આગળ જતાં તેને અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો. વૈશ્વિક સ્તરે મળેલો આ પ્રતિસાદ સુવિદિત છે.

તમે જોયેલાં મહાન સપનાંઓની દિશામાં આગળ ચાલતા રહો. સ્વીકારેલા માર્ગ પર અને જીવન પર ગાઢ શ્રદ્ધા રાખો. સ્વના ત્યાગમાં, તે સંપૂર્ણ તાદાત્મ્યમાં સૌંદર્યનો ગર્ભ દટાયેલો હોય છે અને તે ફક્ત તમને જે દેખાઈ શકે છે. ખરેખર તો આ કષ્ટપ્રદ અનાસ્ત પ્રવાસમાં એક પળે તમને સાચો સૂર મળી આવે છે. આટલું જ નહીં. જે શાશ્વત સૌંદર્ય છે તે મનની નીરવ શાંતિમાં સહજતાથી અવતરશે. ફક્ત તે ક્ષણની વાટ જોવાનો સંયમ રાખો. ઉપજાઉ વહાલનો પ્રાંત હશે તો રિહર્સલ અને સાધનસામગ્રીની મદદથી જીવનની અને કળાની ગુણવત્તા વધારી શકાય છે. માયા એન્જિલોએ કહ્યું છે કે તમે જો નસીબવાન હશો તો તમારા કલ્પના વિશ્વમાંના અનેક વિચાર, પ્રત્યક્ષ જીવનમાં- વાસ્તવમાં અવતરતાં

તમને જોવા મળશે.

દ્રષ્ટાઓને જે દેખાઈ શકે છે તેની અનેકોને જાણ સુદ્ધાં થતી નથી. આટલું જ નહીં, તેઓ તેની કલ્પના પણ કરી શકે નહીં. તેમને તેની પિછાણ થઈ એટલે જ હેરી પોટર અસ્તિત્વમાં આવ્યો.

૮૧

પ્રેમભાવનું શું થયું?

દુબઈના યુવાન કાર્યકારી અધિકારીઓ સાથે મારી નેતૃત્વ પર એક કાર્યશાળા આયોજિત કરવામાં આવી હતી. આ કાર્યશાળામાં ઉત્તમ પ્રતિસાદ મળ્યો હતો. આ કાર્યશાળાના અંતે તેમાંની એક યુવતી મને મળવા આવી અને પૂછ્યું, રોબિન, મને વાંચનનો બહુ શોખ છે. તમારું ધ મંક હૂ સોલ્ડ હીઝ ફેરારી મેં એક વાર નહીં પણ અનેક વાર વાંચી છે. તમે તેમાં જીવનનાં સમીકરણો કેટલાં આસાન અને સહજ બનાવી દીધાં છે. હું ખરેખર અચંબિત થઈ. પ્રત્યક્ષ જીવનમાં મને તેનો બહુ જ ઉપયોગ થયો. મુખ્યત્વે હું મારા જીવનમાં કેટલાક ફેરફાર કરી શકી છું.

અનેક વાર આપણને આપણા વ્યવસાયમાં શિખર સુધી જવાનું હોય છે. આટલું જ નહીં, બહુ જ યશસ્વી થવાનું હોય છે. જોકે તે માટે જરૂરી ધીરજ, મહેનત, ઉદ્યોગશીલતા, સતર્કતા તેમ જ દીર્ઘકાળ જરૂરી સંયમનો અભાવ આપણામાં હોય છે. આપણી પાસે જો પ્રેમભાવનો અને જવાબદારીનો અભાવ હશે તો? એક ધ્યાનમાં રાખો કે આપણી અંદર જે માણસ છે તે આપણી અંદર રહેલા કૌશલ્યને ચરમસીમાએ લઈ જઈને એક પરિપૂર્ણ જીવન જીવવાની આશા રાખીને હોય છે. આપણે બધા તે મહાનતા માટે જન્મ્યા છીએ. જશ ખરેખર આપણી અંદરની સૃજનશીલ કૃતિને મુક્ત કરતું હોય છે. આથી જ જીવનમાં મહત્ત્વ લાગતી કૃતિ આપણે કરવી જ જોઈએ. જીવનમાં મહત્ત્વની લાગતી બાબતો કરવાથી ચૈતન્યાનંદને પ્રોત્સાહન મળે છે. અલૌકિક જીવન કાયમ જશ અને આપણને મહત્ત્વની લાગતી બાબતોથી સભર હોય છે.

ઉત્કૃષ્ટ રીતે સંપૂર્ણ ચૈતન્ય સાથે આપણે કામ કરવાનું છે. આ પછી તે વ્યક્તિગત જીવનમાં રહેવા દો અથવા વ્યાવસાયિક જીવનમાં. અર્થાત તે માટે આંતરબાહ્ય શિસ્તની બહુ જરૂર છે. મોટા સુશોભિત બાગ જોઈએ પણ તમને તેમાં વિવિધ જાતિનાં અને રંગના ઝાડ લગાવવાં નથી. આ કઈ રીતે શક્ય છે? તમને સુદૃઢ અને સક્ષમ શરીરનો બાંધો જોઈએ પણ તે માટે જરૂરી શ્રમ અથવા કસરત તમને કરવી નથી. ફક્ત પ્રાર્થના કરીને તમને તમારો વ્યવસાય સમૃદ્ધિ સુધી જઈ જવો છે. એક ધ્યાનમાં રાખો કે પ્રાર્થના- ઈચ્છા, આકાંક્ષાને આંતરબાહ્ય શિસ્તની અને આત્મસમર્પિત મહેનતની જોડ હોવી જ જોઈએ.

મહાન કલાકૃતિ અને મહાન જીવન કાંઈ આકાશમાંથી આવતાં નથી હોતાં. તાજમહલ બાંધવામાં આવ્યો, ચીનની મહાન દીવાલ પણ બાંધવામાં આવી. તે અનેક વર્ષની અથાક મહેનતથી અને જબરદસ્ત ઈચ્છામાંથી. આજે જ આપણા પ્રેમભાવના પ્રાંતમાં આગળ ધપતા રહો. જવાબદારી, પ્રેમભાવ અને આત્મસમર્પણ સાથે સંપૂર્ણ ચૈતન્યમાંથી પોતાને કામમાં પરોવી દો.

મહાન કલાકૃતિ અને મહાન જીવન આકાશમાંથી પડતાં નથી.
જરૂર છે તે પ્રેમભાવની અને અપરિમિત મહેનતની.
આત્મસમર્પણ સાથે સતત પ્રયાસની તેટલી જ જરૂર છે.

૮૨

સતત ઉત્સાહી રહો

આપણા સૌમાં એક બાબત સમાન છે અને તે એટલે અનેક વાર આપણે બહુ જ ઉત્સાહી હોઈએ છે તો અમુક વાર ઉદાસીન. ખરેખર તો અહીં પસંહગીનો પ્રશ્ન હોય છે. આસપાસની પરિસ્થિતિનો, સ્થિતિ- ગતિનો આપણે કેવો અર્થ કાઢીએ છીએ તેની પર બધું નિર્ભર હોય છે. હકારાત્મકતા- નકારાત્મકતા એકંદરે આપણે સંપૂર્ણ ઘટનાનો અને પરિસ્થિતિનો અર્થ અને અનર્થ શું લગાવીએ તેની પર ઘણી વાર આપણી માનસિકતા નિર્ભર રહેતી હોય છે.

હું મારા છોકરા સાથે સ્કી ટ્રિપ પર એક જગ્યાએ ગયો હતો. ખરેખર તો અમે પસંદ કરેલો દિવસ ખોટો હતો, કારણ કે આ આગલા દિવસે ડુંગર પર બહુ વરસાદ પડી ગયો હતો. આને કારણે અનેક જગ્યા લપસણી બની ગઈ હતી તો અમુક જગ્યાએ પાણી ભેગું થઈ ગયું હતું. આ બધું જોઈને પુત્ર પણ નારાજ થયો. શું કરવું, ફરી પાછું જવું કે આ જ પરિસ્થિતિમાં સ્કીઇંગ કરવું તે વિશે નિર્ણય લઈ ન શકાયો. ખરેખર તે સ્થિતિ ગતિમાં સ્કીઇંગ કરવું જોખમી હતું. જોકે પુત્ર જોખમ ઉઠાવવા તૈયાર થયો. મારું મન માનતું નહતું. એકંદરે અમે નિરાશાના એક કિનારેથી ઉત્સાહના બીજા કિનારા સુધી ઝૂલી રહ્યા હતા. આખરે અમે હવે આવ્યા જ છીએ તો સ્કીઇંગ કરીને જ જઈએ. જાણે કે આજનો દિવસ જીવનનો છેલ્લો જ દિવસ છે એવું સમજીને અમે તે દિવસે જોખમ ઉઠાવવા તૈયાર થયા. અમારી પસંદગી સાર્થક નીવડી. રમતી વેળા બહુ જ જોશ અને ઉત્સાહ આવ્યો. ભરપૂર આનંદ મળ્યો. એનું અમને ત્યાર પછી જ ભાન થયું. આર્થર પોલ થેરોક્સ કહે છે, મૂરખ લોકો જ વરસાદ અને તેના અનુભવનું નામ પાડતા હોય છે.

દર દિવસે આવેલી તક, સ્થિતિ- ગતિ આપણને ખરા અર્થમાં જીવવાની તક આપે છે. આપણે જો જીવનની પ્રત્યક્ષ સામે જઈશું તો આપણે આપણું નસીબ ઘડી શકીએ છીએ.

૮૩

મનની આસપાસની વાડ તોડી નાખો, પરસ્પર સંબંધ વિકસિત કરો

એક અત્યંત સરળ અને જીવન પ્રત્યેક ઉત્સુક ગૃહસ્થ સાથે મારી હાલમાં ઓળખ થઈ. પરિચયનું રૂપાંતર જાણતાઅજાણતા સ્નેહમાં થયું. ખરેખર તો તે ફક્ત ૩૨ વર્ષનો હતો. કેરેબિયનમાં નાનપણથી મોટો થયો હતો. તેનો વ્યવસાય ખરેખર તો બંગલા આસપાસ વાડ નાખવાનો હતો. મનથી જોકે તે તત્ત્વચિંતનશીલ હતો. આવું તેના બોલમાંથી જણાતું હતું.

તે મને કહેતો હતો કે લોકો ઘરની આસપાસ નહીં પણ મનની આસપાસ (કાંટાળી) વાડ બાંધે છે. આસપાસ બનતી દરેક ઘટના વિશે આપણે સંવેદનશીલ રહેતા નથી. આપણે આપણા પાડોશીઓ સાથે, આપણા મિત્રો સાથે ખરા અર્થમાં સંવાદી- સહયોગી ન થવાથી આપણા ભાગે કાયમ સંઘર્ષ આવે છે. ખરેખર સંઘર્ષ વિના કૃતિશીલ જીવવું એ ચાતુર્યપૂર્ણ જીવવા બરાબર જ છે. ખરેખર તો સ્વરક્ષણની તેમ જ અન્યોથી અલગ રહીને પોતાની આસપાસ એક સુરક્ષિત વાડ નાખીને આપણે હું પણામાં રહેવાની દરેકની જૂની આદત છે. જોકે ખરેખર આમાંથી એકલતા આપણા માર્ગે આવે છે. અર્થાત, વાડ નાખીને આપણે પોતાનાથી દૂર થોડું જ ભાગી શકીશું.

ખરેખર તો તમારા- અમારા સંબંધમાંથી સમાજ ઘડાતો હોય છે. તમે એટલે જગ છો. અસ્તિત્વમાં હોવું એટલે સંબંધમાં હોવું. જોકે આ સંબંધમાં જ આપણે સમસ્યા નિર્માણ કરીએ છીએ. ખરેખર એકબીજા સાથે સંવાદમાંથી આપણે સુખ- દુઃખની, ભાવ- ભાવનાઓની તેમ જ વિચાર- કલ્પનાઓની આપણે લેણદેણ કરી શકીએ છીએ. ખરેખર આ સંબંધ પર સમાજનું સંસ્કૃતિપણું નિર્ભર કરતું હોય છે. સેન્ટ વિન્સેન્ટના ટાપુ પર હું ઊછર્યો છું છતાં મારી આસપાસનો સમાજ અલૌકિક હતો. જીવનનો ખરો આનંદ લઈને અમારા જીવનની દરેક ક્ષણ, પછી તે વેદના પણ કેમ ન હોય તે એકબીજામાં અમે વહેંચી લેતા હતા. હવે જોકે આપણે આપણા મનની આસપાસ વાડ નાખીને, નિશ્ચિતતાની ભાવનાને પાક્કા વળગી રહ્યા છીએ. ખરેખર આમાંથી માલિકી હક, દ્વેષ જેવા દુર્ગુણોનો ઉદય થતો હોય છે. એકંદરે મનની આસપાસની વાડ તોડીને આસપાસના લોકો સાથે અને મન સાથે ખરા અર્થમાં સંબંધિત રહો.

આપણે વિશ્વાસનું જ એક અવિભાજ્ય અંગ છીએ.

આથી એકબીજા સાથે ખરા અર્થમાં સંબંધિત હોવું, સંવેદનશીલ હોવું અને મુખ્યત્વે પોતાને જાણવું બહુ જ મહત્ત્વનું છે.

૮૪

નિષ્ફળતાની ખાઈમાંથી

એક વિચારસૂત્રઃ નિષ્ફળતાની ખાઈમાંથી જશ તરફ જવું વધુ મહત્ત્વનું હોય છે. નિષ્ફળતા આપણા જીવનમાં ઘણું બધું શીખવી જાય છે. નિષ્ફળતા આપણે શું ન કરવું જોઈએ તે શીખવે છે. એકંદરે નિષ્ફળમાંથી શીખવા જેવું ઘણું બધું હોય છે. કોકાકોલાના સીઈઓ વાર્ષિક સભામાં પોતાના શેરધારકોને કહેતા હતા, સતત નવેસરથી પોતાને શોધીને મૂળભૂત પરિવર્તન ઘડી કાઢવા માટે અનેક વાર નિષ્ફળતાની આપણે તૈયારી રાખવી પડે છે. આટલું જ નહીં, અમુક જોખમ પણ જીવનમાં ઉઠાવવા પડે છે. હાલ કંપનીએ ફક્ત શોધકતા અને વિકાસ પ્રક્રિયા માટે ચારસો કરોડ ડોલર્સની જોગવાઈ કરી રાખી હતી. ખરેખર આ એક રીતે શુદ્ધિકરણની જ પ્રક્રિયા છે અને તે બધી રીતે અનિવાર્ય છે. આાંથી આપણે સતત સફળતાના શિખર પર રહી શકીએ. એકંદરે નિષ્ફળતાની ખાઈમાંથી પસાર થયા વિના જશનો ખરો આનંદ અને શિખર સર કરી શકાય નહીં એ નક્કી છે!

નેતૃત્વ પરના એક સેમિનાર માટે હું એક મોટી ફાર્માસ્યુટિકલ કંપનીમાં ગયો હતો. સેમિનાર પછી એક જણ મને મળવા આવ્યો અને કહ્યું, તમે કહો છો તે બરાબર છે. નિષ્ફળતાની સામે જવું એ એક મૌલિક અને જવાબદારીનું ભાન છે. નિષ્ફળતાને આપણે પૂર્ણ એકાત્મતાથી અને પિછાણપૂર્વક જે સ્વીકારીએ તો આપણી અંદર એક સમંજસ પિછાણ ખીલી નીકળે છે અને તે જ આપણને સફળતા સુધી દોરી જાય છે. (અનેક લોકો નિષ્ફળતા આવે નહીં એટલે જીવનની સામે જવા ગભરાય છે) નિષ્ફળતાના ડરને કારણે આપણે જીવનની અસુરક્ષિતતાનો અને જોખમનો સ્વીકાર કરતા નથી, કારણ કે નિષ્ફળ થવું તે એકાદ ગુના જેવું છે, એમ અનેક જણને લાગે છે. જોકે આવું નથી. ઊલટું, નિષ્ફળતા આ સારું જ હોય છે. આટલું જ નહીં, નિષ્ફળતામાં પણ મહાનતા રહેલી છે. આથી તેનો વિના શરતે સ્વીકાર કરો!

નિષ્ફળતા વિના સફળતા નહીં. અનેક વાર નિષ્ફળતા એ સફળતાનું પ્રથમ પગથિયું છે એવું કહેવાય છે. હવે જે કંપની અથવા જે વ્યક્તિ મહાનતા સુધી પહોંચી છે તેમણે જીવનમાં કેટલીક નિષ્ફળતા સામે જવું જ પડ્યું છે. જીતવા માટે નિષ્ફળતાનો સ્વાદ ચાખવો જોઈએ. નિષ્ફળતા આપણી અંદરની સૃજનશીલતાને આહવાન કરે છે. નિષ્ફળતાની વેદના હાર પચાવ્યા પછી જીવનનો ખરો અર્થ આપણને સમજાય છે. નિષ્ફળતામાં જ આપણું માનસિક સંતુલન ઝોકી ન દેવું તે એક મોટી કસોટી છે. રોબર્ટ કેનેડીએ એક જગ્યાએ કહ્યું છે કે જે નિષ્ફળતા સામે જવા ગભરાય છે તેઓ ક્યારેય મહાન બની શકતા નથી.

નિષ્ફળતા વિના સફળતા નહીં. નિષ્ફળતા એ આપણા જીવન પ્રક્રિયાનો જ એક ભાગ છે. તમને જો ખરા અર્થમાં જીતવું હશે તો તમને અપજશ પચાવવાનું ફાવવું જોઈએ.

૮૫

વિકાસની ઉત્ક્રાંતિમાંનો દેવદૂત

થોડા સમય પૂર્વે એક વિચાર મારા મનમાં આવ્યો. કદાચ તમે તે પૂર્વે ક્યાંક તે સાંભળી હોઈ શકે છે. જોકે આજે આપણે તેની પર વધુ ચિંતન કરવાના છીએ. કોઈ પણ મહાન કલાકૃતિ અથવા પુસ્તક એ દરેક વાંચનમાંથી આપણને નવો અર્થ આપે છે. એકંદરે દરેક અવલોકન ઊંડાણ, શક્તિ અને ચેતના આપે છે. અર્થાત, તે માટે સતર્કતાની જરૂર છે. અવનવી પ્રજ્ઞા જાગૃતિ સિવાય આપણા આંતરિક પ્રવાસને શક્તિ કઈ રીતે મળશે? એકંદરે ઘટકવાર અવલોકન કરવા કરતાં સમગ્રપણે અવલોકન આપણને કરતા આવડવું જોઈએ. મુખ્યત્વે અનેક અર્થ આ મહાન ગ્રંથનો પ્રાણ હોય છે. અર્થાત દરેક જણ પોતાના અનુભવના રંગ અનુસાર, પ્રકાર અનુસાર ગ્રંથનું- જીવનનું આકલન કરતા હોઈ દરેકના જીવન પ્રત્યેનો અર્થ જુદો જુદો હોય છે. અર્થાત, આ માટે આસ્વાદની કળા આપણને કેળવતાં ફાવવી જોઈએ. મનની પ્રવૃત્તિ એ જ એકમાત્ર જીવનનો માર્ગ છે.

આ સંબંધમાં વધુ વિચાર કરતી વેળા એક અલગ વિચાર તમારી સામે રજૂ કરવાનું મને ગમશે. હું તો તેના વિકાસની ઉત્ક્રાંતિમાંનો દેવદૂત એવું કહું છું. જેમને લીધે તમારા જીવનમાં તાણતણાવ, સંઘર્ષ આકારમાં આવે છે, જે બાબતો તમારા ક્રોધને ઉત્તેજિત કરે છે તેને એક રીતે વિકાસની ઉત્ક્રાંતિનો દેવદૂત માનો, કારણ કે પરિવર્તનની એકાત બહુ સારી તક લઈને આ દેવદૂત તમારી સામે આવ્યો છે. આ પરિવર્તનમાંથી તમે મહાનતા પાસે જઈ શકવાના છો.

અનેક વાર આપણને મન જેવા સહકારી મળતા નથી. આવા સમયે સહયોગ, સહજીવન, સહપ્રવાસ તેમ જ સંવાદનો ખરો અર્થ આપણને સમજાય છે. સંવેદનશીલતા, સૌમ્યતા અને સંયમ સાથે આપણે આપણા સહકારીઓ સાથે વર્તવું પડે છે. તેમની સાથે ફરી ફરી સંવાદ સાધવો પડે છે. અર્થાત સંઘર્ષ વિના આપણને કૃતિશીલ રહેવું છે તે ધ્યાનમાં રાખો. મહત્ત્વનું એટલે કોઈ પણ સંકટ કે ઘટના સામે આવી તોય આપણે આપણો સદભાવ છોડવાનો નથી તે ધ્યાનમાં રાખો. એકંદરે મૈત્રી, પ્રેમ, કરૂણા અને સંવાદની મદદથી આપણે બહુ હકારાત્મકતાથી મહાનતાની દિશામાં જવાનું છે અને તે જ આપણી ખરી કસોટી છે.

આથી જ હું વિકાસની ઉત્ક્રાંતિમાંનો દેવદૂત એવો શબ્દપ્રયોગ કર્યો છે. જે બાબત તમને ત્રસ્ત કરે છે, ક્ષોભ કે કલેશદાયક લાગે તે જ બાબત એટલે વિકાસનાં અને પરિવર્તનના પ્રવેશદ્વાર છે એ જાણી લો. તમે જો સાવધાન- સતર્ક નહીં હો તો તમારા ડર પર માત કરી શકશો? અંધારા પર જ્યારે પ્રકાશ પડે છે ત્યારે અંધારું જતું રહે છે. એકંદરે પ્રકાશની દિશામાં જવામાં જ તમારો વિકાસ છુપાયેલો છે.

જે બાબત તાણતણાવ, સંઘર્ષ અને આહવાનને
નિમિત્ત ઠરે છે તેમને વિકાસની ઉત્ક્રાંતિનો દેવદૂત માનો !
ખરેખર તો વિકાસની આ મોટી દેણ છે.

૮૬

પોતાના દાખલા થકી જ સિદ્ધ કરો

થોડા સમય પૂર્વે હું એક મારા ખાસ મિત્ર સાથે વાત કરતો હતો. અર્થાત, તે હાલનો કોર્પોરેટ વિશ્વનો વિખ્યાત જશ- વૈભવશાળી ઉદ્યોગપતિ છે. ફક્ત પોતાના વ્યાવસાયિક વિશ્વને જ નહીં પણ વ્યક્તિગત જીવનને તે એક શિખર પર લઈ ગયો છે અને પોતાના જીવનની સાર્થકતા સિદ્ધ કરી છે. એકંદરે અત્યંત પ્રભાવ- પરિણામકારક એવું તેનું વ્યક્તિત્વ છે. અર્થાત તેનું આ પ્રભાવીપણું તેના આચારવિચારના એકાત્મતામાંથી ઉદય પામી હતી. બોલતો તેવું જ તે જીવતો હતો.

તેણે કહ્યું, આપણા જીવનનું ઊંડાણ, ઉદાત્તપણું અને સૌંદર્ય એ આપણા પ્રત્યક્ષ જીવવામાંથી જણાવો જોઈએ. મૂલ્યાં સાથે જીવતી વેળા મૂલ્યવિચારોના અતિતમાં જવાનો આપણે પ્રયાસ કરવો જોઈએ. સામેના જીવનને, વેદનાને સ્પર્શ કરવાની મોટી ઉત્સુકતા અને આસ્થા એ જ આપણા જીવનનો સાર છે. એકંદરે ભલાઈ, સદભાવની પ્રક્રિયા સતત ચાલતી જ રહેવી જોઈએ.

ખરેખર તો શબ્દોનો અર્થ જીવતી વેળા જ સમજાય છે. પ્રવચન આપવું એ એક સમયે આસાન છે પણ તે પ્રવચન પ્રત્યક્ષ જીવવામાંથી સાકારનું ખરેખર અઘરું છે. જીવનની સાધના જ છે તે. તે માટે માનવીએ બહુ જ સાવધાન રહેવાનું છે. આટલું જ નહીં બધી શક્તિ એકત્રિત કરીને આપણે કામ કરવું જોઈએ, જીવવું જોઈએ. વિશ્વવિખ્યાત માનસશાસ્ત્રી અબ્રાહમ માસ્લો કહે છે, તમારે જો ખરા અર્થમાં સુખી-સંતુષ્ટ થવું હોય તો તમે બોલો તેવું પ્રત્યક્ષ જીવવું જોઈએ.

પ્રવચનની મોટાઈ એ પ્રત્યક્ષ જીવવામાં જ સમાયેલી છે.
એકંદરે બોલીએ તેમ જીવવું જોઈએ.

૮૭

કલ્પનાની ફેક્ટરી

એકાદ મોટી સુંદર- સૃજનશીલ કલ્પના તમારા સંપૂર્ણ જીવનને બદલી નાખે છે. આટલું જ નહીં એકાદ પ્રતિભાશાળી, પ્રભાવી વિચારમાં સંપૂર્ણ રમત બદલી નાખવાની તાકાત હોય છે. હાલમાં હું એક સરસ પુસ્તક વાંચી રહ્યો છું. હંબલ માસ્ટર પીસેસઃ એવરી ડે માર્વલ્સ ઓફ ડિઝાઈન. આ પાઓલા આંતોનેલીએ (મોડર્ન આર્ટ મ્યુઝિયમ, ન્યુ યોર્કની ડિઝાઈનર) તે સંપાદિત કરેલું. તે પુસ્તકમાં (ડિઝાઈનર ડેનિયલ કોડઝેકના) એક લેખે મારું ધ્યાન ખાસ આકર્ષિત કર્યું. તે ડિઝાઈનર ભવ્ય સપનાં જોનારો હતો. તેણે એલ્યુમિનિયમના મોટા પીપને એક નળ બેસાડ્યો હતો. આને કારણે જોઈએ ત્યારે જોઈએ તેમ (કોઈ પણ) નળ બંધ કરી શકતો.

ખરેખર કલ્પનાને કેટલું મહત્ત્વ હોય છે નહીં. આપણે જ્યારે આપણા પ્રેમભાવના પ્રાંતમાં ગળાડૂબ થઈએ ત્યારે એકાદ બાબતનું નિમિત્ત બનીને એકાદ વિચાર સૂઝે છે. અર્થાત તે વિચાર પ્રત્યક્ષ અમલમાં લાવવો પડે છે. આખરે, કૃતિ કે જીવન કાયમ વર્તમાનકાળ હોય છે. કલ્પના અને કૃતિમાંના ખરા અર્થનો સમન્વય જ સૃજનશીલતાને કારણભૂત ઠરે છે. કોડઝેક એક દિવસ ટીવી જોતો હતો. તેના બે છોકરા તેની સાથે હતા (હકીકતમાં જે સમયે તમે બધા આશા છોડો છો ત્યારે એક પળે તમને એકાદ કલ્પના સૂઝે છે અને તમારું આખું જીવન બદલાઈ જાય છે. સાચું છેને?) કુડઝેકે કરેલી નવી ડિઝાઈન પોતાના ડ્રાફ્ટસમેનને આપી. તેણે તેનું એક મોડેલ તૈયાર કર્યું. તમને કહું છું કે તે કલ્પના કમાલની ઉપયોગી નીવડી.

એકંદરે કલ્પનાનું કારખાણું આચણને તૈયાર કરતા આવડવું જોઈએ. એક ધ્યાનમાં રાખો કે કામના આ ગતિમાન ચક્રમાં આપણે બાજુમાં રહીને શાંતિથી (ધ્યાનમાં બેઠા હોય તે રીતે) આપણા જીવન પાસે, આપણા કામ પાસે અંતરમુખેથી જોતા નથી. આત્મશોધ કરતા નથી. ખરેખર તો આવી આત્મશોધમાંથી અથવા આપણી કળાત્મક નજરમાંથી આપણને ઘણી બધી નવી નવી કલ્પના સૂઝે છે. આમાંથી એકાદ સૌંદર્યપૂર્ણ કલાકૃતિ અવતરી શકે છે.

એકાદ મોટી સુંદર- સૉજનશીલ કલ્પના તમારું આખું જીવન બદલી નાખે છે. આટલું જ નહીં, એકાદ પ્રતિભાશાળી, પ્રભાવી વિચારમાં બધી રમત સંપૂર્ણ ફેરવી નાખવાની તાકાત હોય છે.



સત્યને વળગી રહો

ગત સપ્તાહમાં હું મારા બાળકો સાથે હેલિકેક્સ, નોવ્હા સ્કોટિયામાંથી પાછો આવ્યો. એટલાન્ટિક સમુદ્રમાંનું તે એક સુંદર શહેર છે. ત્યાંનું વાતાવરણ મને બહુ ગમે છે. આટલું જ નહીં મારા જીવનનાં અમુક વર્ષ મેં ત્યાં વિતાવ્યા છે. આને કારણે તે માટી સાથે મારો સારો પરિચય છે. ત્યાંનાં માછલાં મને બહુ જ ભાવે છે. ખરેખર તો અમે અમારા મિત્રનાં લગ્નનો ચાળીસમો જન્મદિવસ હોવાથી તે ઊજવવા માટે ત્યાં ગયા હતા. ત્યાં એક પુસ્તકની દુકાનની બહાર આવતી વેળા સહજ મારું ધ્યાન એક કારની પાછળના કાચ સામે દોરવાયું. તેની પર લખ્યું હતુઃ સત્ય બોલતી વેળા જો તમારા અવાજમાં કંપ આવશે તોય સત્યને વળગી રહેશો.

હાલમાં જ કોર્પોરેટ વિશ્વમાં અને ઉદ્યોગ જગતમાં મીઠું મીઠું અને સારામાં સારું ખોટું બોલવાની સૌને આદત પડી ગઈ છે. ખોટાં આશ્વાસન આપવાં અને સ્પષ્ટ નકાર આપવાનું ટાળવું. શબ્દ આપીને તેનું પાલન નહીં કર્યું તે અનેક જણની બાબતમાં નિયમિત બની ગયું છે. નેતૃત્વમાં આવું કરીને ચાલશે નહીં. તેને માટે સત્યને પકડી રાખવું જ પડે છે અને તે ગમે તેટલું કટુ હશે તો પણ હકીકતનો સ્વીકાર કરવો જ પડે છે. સાચું નેતૃત્વ કાયમ આપેલાં શબ્દ-વચન પાળે છે. અમુક લોકો શબ્દો તો કાળા પથ્થર પરની લીંટી સમાન છે. લોકો પણ તેના વિશે ખાતરી સાથે કહી શકે છે. આને કારણે જે છે તે જોવાનું શીખો. જે હોવું જોઈએ તેનો આગ્રહ રાખવા કરતાં હકીકતમાં બધી રીતે સન્માન કરો અને મુખ્યત્વે વચન આપેલા સમયે ડિલિવરી આપવનું ભૂલતા નહીં!

નાટ્ય- રંગભૂમિ એવું માનવામાં આવે છે કે કોઈ પણ ભૂમિકા નાની હોતી નથી. બધી જ ભૂમિકાનું એકસમાન મહત્ત્વ હોય છે. એ જ રીતે માનવીનું છે. હકીકતમાં આપણે કશું જ નથી એ રીતે હોઈએ છીએ. જોકે આપણે માનવી- માનવીમાં ભેદ પાડીએ છીએ. (ઓલિવર વ્હેનડીલ હોમ્સ કહે છેઃ દરેક ભેટ અથવા દરેક ફોન ફોનને તેની રીતે મહત્ત્વ છે). એ જ રીતે દરેક દિવસનું છે. તમે ફક્ત સામે આવેલી દરેક તક સોનેરી કરીને શ્રેષ્ઠ ઊર્જાની દરેક પળ સંપૂર્ણ જીવો. તેમાંના અર્થ અને ચાતુર્ય કેળવો. તો જ આપણે વિકસિત થતા રહીશું. જે બાબતનો તમને ડર લાગે છે તેની સામે જાઓ અને જીવનનો પ્રતિસાદ આપો.

સર્વસામાન્ય અને નેતૃત્વમાં મૂળભૂત ફરક એ જ છે કે નેતૃત્વ

કાયમ પોતાના સહકારી સાથે સ્વચ્છ મોકળાશથી સંવાદ સાધે છે.
આવું નેતૃત્વ ધીરજશીલ હોય છે અને સન્માનીય હોય છે.

૮૯

નેતૃત્વ ઘરમાંથી જ આકાર પામે છે

હું મિટિંગમાં જવાની ગડબડમાં હતો. માર્ગમાં એક જગ્યાએ એક બોર્ડ પર લખેલા પ્રશ્ન પાસે મારું ધ્યાન ખેંચાયું. તેની પર લખેલું હતું, તમે-અમે પોતાના છોકરાઓના હાથોમાં શું રાખીશું? મારા મનમાં આવ્યું કે નેતૃત્વ ખરેખર આપણા ઘરમાંથી આકાર પામતું હોય છે. ખરું છે નહીં?

ખરેખર આપણે આપણા બાળકોને શું શીખવીએ છીએ? ફક્ત પ્રવચન આપીએ કે ઉપદેશ? આપણે તેમને સારી વ્યક્તિ આદર્શ નાગરિક તરીકે ઘડવામાં મદદ કરીએ છીએ? જીવનમાં ઊર્જામાંથી સ્વયંપ્રકાશી તેઓ થશે? છોકરાઓને પ્રભાવિત કરવાનો એક સીધો માર્ગ એટલે આપણે જેમ બોલીએ તેમ વર્તવું. આપણે જતન કરેલાં મૂલ્યો અને આપણું પ્રત્યક્ષ જીવન વચ્ચે અંતર હશે તો તે આપણા છોકરાઓને ચોક્કસ સમજાય છે. આટલું જ નહીં આપણો ડર, આપણી ચિંતા, આપણો તાણતણાવ પણ તેમને સમજાયા વિના રહેશે નહીં. એકદમ નાના હોવા છતાં. એકંદરે ઘરનો સંબંધ- અનુવંશ- સંસ્કારમાંથી બાળકોનું વ્યક્તિત્વ આકાર પામેલું હોય છે. છોકરાઓને તેમનું સામાન્યપણું નકારવા માટે શીખવો. તેમને તેના પ્રેમભાવના પ્રાંતમાં ક્યાં છે તે શોધવામાં મદદ કરો.

ઝાડ પરનું ફળ ઝાડથી બહુ દૂર પડતું નથી. તમારું બાળક પણ (વ્યાપક અર્થમાં) તમારી જ એક અલગ આવૃત્તિ હોય છે. તેમના જીવનમાંની પ્રજ્ઞા જાગૃત થવા માટે તેમને મદદરૂપ થાઓ**!** જોયું, ખરું નેતૃત્વ તો અહીં જ શરૂ થયુંને. નહીં?

ઝાડ પર ફળ એ ઝાડથી દૂર પડતું નથી. એ જ રીતે તમારું બાળક પણ તમારી એક અલગ આવૃત્તિ જ હોય છે. તેમની પ્રજ્ઞા જાગૃત થવા માટે તેમના મદદરૂપ થાઓ! જોયું, ખરું નેતૃત્વ તો અહીં જ શરૂ થયું!

૯૦

આદરની- પવિત્રતાની અનુભૂતિ

આપણે આપણી પ્રત્યક્ષ કામની જગ્યાએ અથવા ઘરે એક પવિત્રતાનું વાતાવરણ નિર્માણ કરવું જોઈએ. અનેક વાર એકલતા, તાણતણાવ, અસુરક્ષિતતાનું સામ્રાજ્ય આપણી આસપાસ ફરતું હોય છે. એકદમ દરેકને પોતાના બોલવાની, કામની કોઈ દખલ લે એવી અથવા આપણને સારા કહેવું, આપણી પર કોઈએ પ્રેમ કરવો એવું લાગતું હોય છે. ખરું છે ને? એકંદરેદરેકને આદરની- પવિત્રતાની અનુભૂતિ મળવી જ જોઈએ. મહાન નેતૃત્વ અથવા ઉદ્યોગપતિ કાયમ પોતાના ગ્રાહકનું સન્માન કરે છે અને તેની કાળજી પણ લે છે. આપણા કર્મચારી પર- કામગાર સાથે આપણને સંવાદ સાધતા આવડવું જોઈએ. આટલું જ નહીં, તમે તેમની પર રાખેલો વિશ્વાસ અનેક અર્થમાં કામે લાગે છે. અનેક કંપનીઓમાંથી નોકરી બદલવાનું પ્રમાણ એ ફક્ત તેમના કામની દખલ ન લેવાને કારણે અથવા તેમની પ્રશંસા ન થવાને કારણે વધ્યું છે.

પ્રતિસાદ વૃત્તિની અને સન્માનની ભાવના સંબંધમાં ૩૭૦, ૩૭૮ કર્મચારીઓનો સિરોટા સર્વે ઇન્ટેલિજન્સ સંસ્થાએ એક સર્વેક્ષણ કર્યું. તેમાં શું મળી આવ્યું હશે તમે ઓળખી શકશો? તેમાં ફક્ત ૨૧ ટકા લોકોએ પોતાની વ્યવસ્થાના પ્રતિસાદ વિશે સંતોષ વ્યક્ત કર્યો. જોકે બાકીના લોકોનું શું? અર્થાત તે માટે સતર્કતાતી તાતી જરૂર હોય છે અને છે. કંપનીમાં આપણે એકબીજાનો સંપૂર્ણ સન્માન રાખીએ ત્યારે મનની ઉપરના સ્તરમાં એક પ્રકારની શાંતિ મળી શકે છે. ઉપરાંત તમારી યોગ્ય સ્તુતિ, તેય સૌની સામે થાય તો ઉપયોગી નીવડે છે.

ખરેખર તો જેમનો આપણે આદર- સન્માન કરીએ છીએ તેઓ પોતાના કામનો પૂર્ણ આદર કરે છે. તેમનો યોગ્ય પ્રતિસાદ આપે છે. આપણી ટીમમાંના દરેક સાથે સન્માનપૂર્વક વર્તન કરો. સંવાદ કરો અને એકબીજાને સમજી લો.

આપણા કાર્યક્ષેત્ર- કામના સ્થળે પ્રત્યક્ષ અમુક બાબતો આપણે આચરણમાં લાવવી શક્ય છે. દાખલા તરીકે

- પ્લીઝ, થેન્ક યુ કહેવાની આદત કેળવી લો.
- સમયનું મહત્ત્વ સમયસર ઓળખો અને શબ્દ આપ્યા પ્રમાણે સમયનું પાલન કરો.
- કર્મચારીઓના શ્રેષ્ઠ પરફોર્મન્સ માટે પ્રોત્સાહન સાથે મોટું ઈનામ પણ આપો.
- દરજ્જેદાર શ્રોતા બનવાનો સતત પ્રયાસ કરો.
- લોકોના કામમાં પૂર્ણ સહયોગ કરો અને તેમની ઊર્જા બહાર લાવવા માટે કાયમ તત્પર રહો.
- સમયસમયે કૃતજ્ઞતા વ્યક્ત કરો. તે બાબતે સંકોચ નહીં રાખતા.

- લોકોના સ્પષ્ટ અભિપ્રાય વિશે તેમનાં મનઃપૂર્વક વખાણ કરો.
- લોકો પર જવાબદારી નાખો. તેમને નવા નવા પ્રયોગ કરવા માટે પ્રોત્સાહિત કરો.
- નવનિર્માણશીલતા તેમ જ તેમના પ્રેમભાવની તત્પરતાથી દખલ લો.

આપણી કોઈ દખલ લઈ રહ્યું છે, આપણા કામની કદર કરી રહ્યું છે તેને યોગ્ય પ્રતિસાદ મળી રહ્યો છે તે દરેકને સુખ આપનારું હોય છે.

પોતાના સહયોગીઓ - કર્મચારીઓ સાથે સન્માનપૂર્વક વર્તન કરો.
પવિત્રતાનું વાતાવરણ આકાર પામવા દો.

૯૧

માઈકલ જે. ફોકસ પાસેથી શીખો

એનસીબી ચેનલ પર હું માઈકલ જે. ફોકસની મુલાકાત જોતો હતો. તમને કદાચ ખબર હશે કે માઈકલ પાર્કિન્સનના અસાધ્ય રોગથી પીડાતો હતો. જોકે સંપૂર્ણ રોગનો જ નહીં પણ જીવનનો હેતુપૂર્વક, વિચારપૂર્વક અને સંપૂર્ણ સતર્ક રહીને સામનો કર્યો. તેણે ક્યારેય પોતાની દયા કરી નહીં કે નિરાશા કે નાસીપાસ થયો નથી. પ્રાપ્ત સ્થિતિને કોઈ પ્રતિકાર ન કરતાં પોતાની બુદ્ધિ- વિવેકપૂર્ણ સજાગ રાખીને પરિસ્થિતિ સ્વીકારી. દરેક દિવસને દૂર નહીં કરતાં તે પ્રત્યક્ષનો સામનો કરતો હતો. આટલું જ નહીં, બહુ જ હસતે મોઢે અને સમજૂતીથી તેણે પોતાની અસાધ્ય પીડા સ્વીકારી લીધી.

માઈકલની મનની સાવધાનતા, પોતાના રોગ વિશે જાગરૂકતા ખરેખર જોવા જેવી હતી. ખરેખર તો જીવનના જુદા જુદા તબક્કે માનવીને વેદના, શારીરિક પીડા તેમ જ કોઈક મોટી બીમારીને કારણે થતા દુખાવાનો સામનો કરવો પડે છે. આ બાબતમાં તમારા મનની જાગરૂકતાનો દરજ્જો શું છે તેની પર તમારા જીવનની ઊંચાઈ નિર્ભર હોય છે. એકંદર આકલન અને જીવનની એક નવી દૃષ્ટિની જાણ માઈકલ પાસે હતી તે અતુલનીય છે એવું મને લાગે છે. બહુ જ પ્રતિકૂળતામાં જીવનના કૂવામાં આપણે ઊંડાણમાં ઊતરતા જઈએ છીએ. માર્ગમાં આવતો દરેક દિવસ એ ખરેખર તો આપણને મળેલો ફાળો જ છે. આથી દિવસના અંતે આપણી કૃતિની છાપ આપણી પાછળ રાખતા આવડવું જોઈએ એ નિશ્ચિત છે!

ખરેખર તો જીવન ક્ષણભંગુર છે. આમ છતાં તે તેટલી ક્ષણ પૂરતું તો ખરું છેને? આથી જ આવેલી ક્ષણને ખરી સમજવી અને તેમાંની સુગંધ લેવાની. આખરે તમે- અમે બધા માટીમાં જ ભળી જવાના છે. દરેક બાબતનો અંત હોય છે, મૃત્યુ હોય છે. માટીમાંથી આવવું અને માટીમાં ભળી જવું એ નિશ્ચિત છે. જે બાબતો (દા.ત. ડર, અહંકાર, નિરાશા) એ આપણા જીવનને મર્યાદિત કર્યું હોય છે તે બાબતો પણ એક ક્ષણે ખરી પડે છે. વર્તમાનમાં દરેક ક્ષણનું મહત્ત્વ લોહીમાં મહેસૂસ થાય છે. ખરેખર તો આવા પ્રકાશમય જીવનની દૃષ્ટિ બતાવવા બદલ માઈકલનો આભાર માનવો રહ્યો. ધીરજ અને જીવનનું તત્પર નેતૃત્વ આમાંથી તેણે પોતાના જીવનને આગળ લઈ જઈને મનને અત્યંત પરિપક્વ બનાવી દીધું.

છો તેનું મહત્ત્વ ન હોઈ તમે કઈ રીતે જીવો છો તેનું મૂલ્ય વધુ છે.
આખરે, તમે-અમે બધા એક જ અંત તરફ જવાના છે.

૯૨

પ્રવાસમાં પ્રવાસની પૂર્ણાહુતિ

કેડિલેક એડના જીક્યુ માંનો એક લેખ હું વાંચતો હતો. એન્ડી ગ્રેસિયા કહે છે, ધ્યેયની પાછળ દોડવું મહત્ત્વનું હોય જ છે પણ મહત્ત્વનો તે પ્રવાસ છે. આરામસ્થળ કરતાં પ્રવાસમાં મહેનત લેવાને અપાર મહત્ત્વ છે. અનેક વાર પ્રવાસ પૂરો કરીને આરામ કરવાના સ્થળે પહોંચવું, મોટી સફળતા મેળવવી તેને જ અનેક લોકો મહત્ત્વ આપે છે. મહત્ત્વ છે તે પ્રવાસના ચૈતન્યભાનનું, સદભાવની ઉપાસનાનું, કારણ કે ધ્યેય અન પહોંચવાની ઉતાવળમાં આપણે અનેક વાર અમુક બાબતો જીવનમાં તાણીને મેળવવાનો પ્રયાસ કરીએ છીએ, કારણ કે પ્રવાસના આખરી તબક્કે પહોંચવું આપણને મહત્ત્વનું લાગે છે. જોકે પ્રવાસ પૂરો કરીને ત્યાં જ સ્થિર થવું એ મૃત્યુ હોય છે. આથી પ્રવાસમાં સંકળાયેલું ચૈતન્ય, સદભાવ, પ્રવાસમાંના પ્રયાસ અને આત્મભાન તેમ જ નવી પિછાણના આશાદાયક કિરણ આ બાબતો જીવનમાં ખરા અર્થમાં ભરાતી હોય છે. અન્યથા આપણી અંદરની જડતા અથવા ભ્રષ્ટ થયેલી માનસિકતા પ્રવાસનો આનંદ ફાડી નાખે છે. અનેક વાર પ્રવાસ અને રસ્તા, મુકામ આ બધું આપણી અંદર જ સમાઈ જાય છે. કર્મમગ્નતાની લગની એટલી તીવ્ર હોય છે કે આપણે અજાણતા પગલે પગલે આગળ નીકળતા રહીએ છીએ. પ્રવાસનો આવેગ જીવનના આનંદને સન્મુખ કરે છે. અર્થાત, આ પ્રવાસમાં ધીરજ, હકારાત્મકતા, કરૂણા તેમ જ વધુ સમજદારી જરૂરી હોય છે, કારણ કે તે ન હોય તો માર્ગમાં આવનારા અવરોધોને આપણે ચગદી નાખશું. ખરેખર તો આ પ્રવાસમાં આપણું પરિવર્તન અવિરતપણે થતું હોય છે. મુખ્યત્વે પ્રવાસ જીવનને સંસ્કારે છે. અનેક વાર આગળ જવા પ્રેરિત પણ કરે છે.

હવે પછી તમને જો પ્રવાસમાં અત્યંત અસંયમી અને નિરાશા લાગે તો તમારા ઊથલપાથલ થતા મનને સમજાવો. આ પ્રવાસનો અંત નથી. એ જ રીતે તેમાંનો ભય અને વેદનાનું પણ મરણ નથી. આથી જીવન પર અને તેના પ્રવાસ પર નિષ્ઠા હોવી જોઈએ. આરામ કરવાનાસ્થળે પહોંચવાની ઉતાવળ કરવા કરતાં પ્રવાસનો કણ કણ, આનંદ આપણને બંને હાથે ભરીભરીને લેતા આવડવો જોઈએ.

સફળતાના શિખરે પ્રવાસમાં મગ્ન રહેતી વેળા આપણાં મૂલ્યો પર, સદભાવ પર અડગ રહેવું તેમ જ પ્રવાસનો કણ કણ, આનંદ આપણને બંને હાથે ભરીભરીને લેતા આવડવો જોઈએ. આખરે,

આ પ્રવાસમાં જ પ્રવાસની પૂર્ણાહુતિ હોય છે.

૯૩

સફળતા એટલે શું ?

મારા મતે સફળતા એક જીવન આનંદની પ્રક્રિયા જ છે. એવી પ્રતિક્રિયા કે જેમાં આપણાં ઉચ્ચ મૂલ્યો, ઊંડાણભરી શ્રદ્ધા તેમ જ મહાન સપનાંનો સમાવેશ થાય છે. આપણા હૃદયમાં જો ગીત ન હોય તો જીવવું કંટાળાજનક બની જશે. અંતરંગનો આ આનંદ મળવો આસાન નથી. આ માટે સંપૂર્ણ અસંતુષ્ટ હોવું મહત્ત્વનું છે, કારણ કે આવી પૂર્ણ અસંતુષ્ટતામાંથી ખરી સૃજનશીલતા આકાર પામે છે. અલૌકિક જીવન હંમેશાં સફળતા અને આપણને મહત્ત્વની લાગતી બાબતોથી ભરેલું હોય છે. આપણી અંદરનાં કૌશલ્યને અંત સુધી લઈ જતાં એક પરિપૂર્ણ જીવન જીવવાની આશ ખરી સફળતામાં સમાયેલી હોય છે. આપણે બધા આ મહાનતા માટે જન્મે આવ્યા છે એ ધ્યાન રાખો. આમાં પણ સફળતા એટલે આપણી અંદરની સૃજનશીલતાનો એક શ્રેષ્ઠ અને મૂર્ત આવિષ્કાર છે. દરેક અર્થપૂર્ણ કૃતિ તમારી અંદરની સૃજનશીલતાને મુક્ત કરી હોય છે. જીવનમાં મહત્ત્વની બાબતો કરવાથી આનંદને પ્રોત્સાહન મળે છે અને સફળતા આપણી અંદરનો ચૈતન્ય આનંદ બહાર કાઢે છે. એકંદરે આ એક આનંદયાત્રા છે. ખરેખર તો આ પ્રવાસમાં જ આ પ્રવાસની પૂર્ણાહુતિ છે. આપણાં સપનાંઓની આપૂર્તિ માટે સતત એક-એક ડગ આગળ વધતા રહેવું, આપણું હૃદય આશાઓથી ભરાયેલું રહેવું મહત્ત્વનું છે.

માર્ક ટવેનના શબ્દો મને યાદ આવે છે. તે કહે છેઃ વીસ વર્ષ પછી તમે તમારી જ અમુક બાબતો વિશે, જે તમે ક્યારેય કરી નહોતી, તે વિશે દુઃખી હશો. ખરેખર તો તમે તે બાબતો માટે પોતાનું જીવન સમર્પિત કરી દેવું જોઈતું હતું જોકે... તમે બંદર પર બોટની જેમ રેતીમાં જ પડી રહેવાનું પસંદ કર્યું. તમે ઊછળતા સમુદ્રની સફરે નીકળવું જોઈએ અને વાદળ- પવનનો સામનો કરવો જોઈએ**!** પવન- ચૈતન્યનો પડકાર ઝીલો. તેની સાથે રમો. મોટાં સપનાં જુઓ અને તેનો પીછો કરો. શોધ લેતા રહો અને મુખ્યત્વે જીવનમાંની દરેક બાબતોથી સતત શીખતા રહો**!**

સફળતા જીવન આનંદની એક પ્રક્રિયા જ છે. જેમાં આપણાં ઉચ્ચ મૂલ્યો, ઊંડાણભરી શ્રદ્ધા તથા મહાન સપનાંનો સમાવેશ થાય છે. આપણા હૃદયમાં જો ગીત ન હોય તો જીવવું કંટાળાજનક બની જશે.

૯૪

તમારી સર્વોચ્ચ આઝાદી

મેન્સ સર્ચ ફોર મિનિંગ શીર્ષકના વિકટર ફ્રેન્કલ નામના ઓસ્ટ્રે લિયન માનસશાસ્ત્રીનું પુસ્તક મને બહુ જ ગમ્યું. વિક્ટર હિટલરની જયુ-સતામણીમાં કેદ થયો હતો. ત્યાંની અસહ્ય યાતનાઓના અનુભવ પરનું આ પુસ્તક છે. ફ્રેન્કલની આસપાસ લોકો મૃત્યુ-સતામણીની ફક્ત કલ્પનાથી ધ્રૂજી જતા હતા. સર્વત્ર નિરાશા અને સંપૂર્ણ ગમગીની છવાયેલી હતી. અમુક લોકો આ જ દશામાં મોતને વર્યા જ્યારે અમુક લોકો જીવતાજીવ મરણપ્રાય યાતનાઓમાં મૃત્યુની વાટ જોતા હતા. જીવતાજીવ મરણ જેવી અસહ્ય યાતના! અર્થાત વિક્ટર ફ્રેન્કલને પણ તે દિવ્ય કસોટીમાંથી પસાર પડયું. જોકે તેને માનવીની (મનની) ઉચ્ચ આઝાદી પર કમાલનો વિશ્વાસ હતો. સામે ઊભેલી સ્થિતિ- ગતિને, દારૂણ પરિસ્થિતિને આપણે માનસિક દષ્ટિથી કઈ રીતે સામે જઈએ તે મહત્ત્વનું હોય છે અને તે જ ફ્રેન્કલ સમજી ચૂક્યો હતો. ફ્રેન્કલે લખ્યું છે, તમે માનવીનું- સામેવાળાનું બધું જ છિનવી લઈ શકો છો. તેમાં તેના મનની ઉચ્ચ આઝાદી અપવાદ છે. આપણી જીવનદષ્ટિ કેવી હોવી જોઈએ અને કઈ વિચારધારાને આપણે નજીક કરવી જોઈએ તે નક્કી કરવાનો આપણે સંપૂર્ણ અધિકાર હોય છે. આપણી પાસેથી તે કોઈ છિનવી શકશે નહીં. કેટલો મોટો વિચાર છે આ નહીં?

**તમે માનવીનું- સામેવાળાનું બધું છિનવી લઈ શકો છો.
જોકે તેના મનની ઉચ્ચ આઝાદી તેમાં અપવાદ છે.
તમારી જીવનદષ્ટિ કેવી હોવી જોઈ અને કઈ વિચારધારાને આપણે નજીક કરવી જોઈએ તે નક્કી કરવાનો સંપૂર્ણ અધિકાર આપણને હોય છે. આ અધિકાર આપણાથી કોઈ છિનવી શકે નહીં.**

૯૫

હોલીવુડ જગતમાં

અમારે ત્યાં ડોની ડ્યુનની સિરિયલ ધી બિગ આઇડિયા બહુ જ લોકપ્રિય છે. એટલી કે ટીવી ચેનલ્સ ભાગેય જ જોનારો હું ધી બિગ આઇડિયા સિરિયલમાં દોરવાઈ ગયો છું. આ સિરિયલની ખાસિયત એ છે કે વિભિન્ન ક્ષેત્રની અલૌકિક વ્યક્તિઓને આમાં બોલાવાય છે અને તેમની જીવવા વિશે, તેમનું ઘડતર, તેમના કળા વિશ્વ અને વ્યક્તિઓ સાથેના સંબંધ અને તે વિશે મતો મુલાકાતના માધ્યમથી જાણી લેવાય છે. એક રીતે તે અલૌકિક વ્યક્તિત્વનું ચૈતન્ય પકડવાનું કલાત્મક કાર્ય આ સિરિયલ કરે છે. આથી જ હું ખાસ આ કાર્યક્રમ જોઉં છું. ખરેખર તો તેમાંથી શીખવા જેવું ઘણું બધું છે. આપણે તેમાંથી કેટલું આત્મસાત કરીએ છીએ તે ખરો પ્રશ્ન છે! બરોબર ને? તે દિવસે સીએસઆઈ ના નિર્માતાની મુલાકાત હતી. તેમણે લાસ વેગાસને એક કલાકનું ભાડું સાડા આઠ ડોલર્સ દરે ટ્રામની નિર્મિકતી કરી. ખરેખર તો તે નિર્મિતીનું કલ્પનાવિશ્વ, તેના નિર્મિતીની પ્રક્રિયા વિશે જાણવું બહુ જ પવિત્ર બાબત છે એવું મને લાગે છે. તેમાંય નિર્મિતીની પ્રક્રિયાના પ્રાંતમાં એટલું ગૂઢ અને ગૂંચવણો હોય છે કે તે ઉકેલવું એટલે એકાદ ગુફામાં પ્રવેશ કરવા બરાબર છે. હોલીવુડના સંહિતાલેખક (સ્ક્રિપ્ટ રાઈટર) અને તેમણે નિર્માણ કરેલી વિવિધ વ્યક્તિરેખા અને આશયપ્રદેશનો અભ્યાસ કરવા જેવા હોય છે. વિભિન્ન વ્યક્તિરેખા અને તેમના જીવનનું ઉભારવું એકાદ કમળની જેમ દર્શકો સામે લઈ જવું તે ખરેખર કૌશલ્ય છે. સાદ- પ્રતિસાદ, ક્રિયા- પ્રતિક્રિયામાંથી અથવા વ્યક્તિવ્યક્તિના સંબંધમાંથી (કુમળાપણું અને તાણ) ઊમટતા સંવાદ લખવા તે ખરેખર આહવાન છે. ધારી લો કે આપણી પોતાની વ્યક્તિરેખા જો એકાદ કાગળ પર લખવામાં આવે તો? કેવો આઈડિયા છે ? કુટુંબમાં તેમ જ આસાપાસના લોકો સાથે આપણા સંબંધ, આપણો સ્વભાવ અને જીવનની ગતિશીલતા, આપણાં સપનાં, ધ્યેય.... એકંદરે વ્યક્તિરેખાની હિલચાલ આપણને લખી કાઢતા આવડવી જોઈએ. મને લાગે છે કે આ જ એક સૌંદર્યપૂર્ણ વાત છે.

આપણા અનંત વ્યાવસાયિક તેમ જ વ્યક્તિગત ઉદ્દેશ, ધ્યેય અને સપનાં ચોક્કસ પ્રત્યક્ષ ઊતરશે, જ્યારે આપણે આપણી વ્યક્તિરેખા અને સંહિતા આપણે લખી કાઢીશું ત્યારે.

૯૬

મહાનતાની છાયામાં

હિલરી સ્વોકની ફ્રીડમ રાઇટર્સ નામે ફિલ્મ હું મારા બાળકો સાથે જોતો હતો. તેમાંની પટકથાનો આશય, ગર્ભિત અર્થ મને બહુ જ મૂલ્યવાન લાગ્યો. જીવનના આખરમાં આપણે આ પૃથ્વી તળ પર શું છોડીને જવાના છીએ? આપણે ભાવિ પેઢીની હથેળી પર શું રાખ્યું છે? પ્રેમભર્યું જીવન આપણે જીવ્યા છીએ?... આવા અનેકાનેક પ્રશ્ન તે ફિલ્મના માધ્યમથી ઉપસ્થિત થાય છે. શહેરમાં છોકરાઓ માટે કામ કરતી અભિનેત્રીનો પિતા (હવે હયાત નથી) તેને કહે છે, જીવનમા તાણતણાવ, સંઘર્ષ જ આપણને ચાતુર્ય બહાલ કરે છે. સમસ્યા આપણી અંદરનું તેજ પ્રગટ કરે છે. વિશ્વમાં મોટી મોટી કંપનીઓમાં સમસ્યાઓ પાસે અવરોધો પાસે વિકાસ- પ્રગતિની એક તક તરીકે જોવું જોઈએ. આ સંસ્કૃતિની રીત આપણે આત્મસાત કરવી જોઈએ. ગુગલના સહસંસ્થાપક લેરી પેજ કહે છે, અશક્યને આહવાન તરીકે સ્વીકારો!

એક ધ્યાનમાં રાખો કે દરેકમાં કાંઈક ને કાંઈક ગુણ વિશિષ્ટતા, બુદ્ધિમત્તા હોય જ છે. એવું ચૈતન્ય કે જે તેને અન્યોથી અલગ કરે છે. તે ચૈતન્યનો અને આપણા સંપૂર્ણ સામર્થ્યનો આપણને વિનિયોગ કરતા આવડવું જોઈએ. એકંદરે આપણે તમારા ચૈતન્ય સાથે કર્મમગ્ન રહો. આ પ્રવાસમાંથી નવાં મૂલ્યોનો જન્મ થઈ શકે તે ભૂલતા નહીં! (હાર્લી-ડેવિડસને ધ્યાનમાં લાવ્યા પ્રમાણેઃ તમારી પાછળ એકાદ એ ઉત્તમ કામગીરી છોડી જાઓ કે તેની પર ફક્ત તમારી જ મુદ્રા હશે. તાણતણાવ, સમસ્યા અને જીવનના બોજને સહર્ષ સ્વીકારો!

જીવનના આખરમાં આપણે આ પૃથ્વીતળ પર શું છોડી જવાના છીએ ? આપણે ભાવિ પેઢીની હથેળીમાં શું રાખ્યું છે ? પ્રેમભર્યું જીવન આપણે જીવ્યા છીએ ?

૯૭

કમાલના ઉત્સાહ સાથે જીવન જીવો

મને કોઈ પણ સંગીત ઊંચા અવાજે જ સાંભળવાનું ગમે છે. મને કોફી પણ બહુ સ્ટ્રોંગ લેવી પડે છે. મારાં સપનાંઓ મોટા વ્યાપક અને આકાશગામી છે. દરેક દિવસ વિવિધ રંગોથી, પદ્ધતિથી અને પ્રકારથી રંગાયેલો મને ગમે છે. તેમાંય જેમની સાથે મારા સૂર ખરા અર્થમાં મળે છે ત્યાં મને એક પરિપૂર્ણ અને પવિત્ર વાતાવરણ નિર્માણ કરવાનું ગમે છે. એકંદરે એક નિમ્રિતીક્ષમ પ્રેમનો લંબંધ મને પ્રસ્થાપિત કરવાનો ગમે છે. હું ઝાડ- ઝાંખર સાથે વાતો કરું છું. આટલું જ નહીં આસપાસનું વાતાવરણ એકદમ હળવુંફૂલ અને મજાકમસ્તીનું હોય તો મને ગમે છે. એકંદરે કમાલનો ઉત્સાહ અને જોશમાં જીવવાનું મને ગમે છે.

માનવીએ ખરા પ્રેમથી અને અત્યંત નિઃસ્વાર્થી રીતે શુદ્ધ ઉત્સાહથી જીવવાની હાલ તાતી જરૂર છે, આ નિત્યનૂતન, તાજું અને જીવંત જીવવું સદા વર્તમાનનું જીવતર હોય છે. એકંદરે પાછળ વળીને ન જોતાં ભૂતકાળનો બોજ પાછળ છોડી વર્તમાનની દરેક પળ સંપૂર્ણ જીવવા અને તેમાંનો અર્થ અને ચાતુર્ય કેળવવાનું મને ગમે છે. દરેક સંબંધમાં, મૈત્રીમાં, સેમિનારમાંનું પાવિત્ર્યનું અને મોટા સદભાવનું વાતાવરણ ખરેખર નિર્મિતીક્ષમ પ્રેમથી ભરેલું હોય છે. ત્યાં અહંકારને, હુંપણાને ખાસ સ્થાન હોતું નથી. આલ્બર્ટ કામુ કહે છે, આંસુ જમા થવાની ટોચ સુધી જીવવું જોઈએ. છલોછલ આનંદથી ભરેલું, આવું શક્ય છે? કમસેકમ મને તે સહજ શક્ય બન્યું છે.

એકંદરે જીવનનો પ્રવાસ ગતિશીલ હોવો જોઈએ. કર્મની અને તાદાત્મ્ય પામેલા મનની ગતિ. પ્રવાસમાં દરેક પળ બહુ જ આનંદથી આપણને કેળવતા ફાવે તે માટે મારો પ્રયાસ હોય છે. પગલે પગેલ આગળ જતાં, વિકસિત થતાં અને પ્રવાસનો આનંદ સર્વ રીતે લેવું તે મહત્ત્વનું છે. તમને જ્યારે એકાદ બાબતમાં બહુ રસ હોય ત્યારે તમારું ભાન, તમારું સંપૂર્ણ અસ્તિત્વ તમે કામે લગાવો છો. તમારી આંખો ઉત્સકુતાથી ચમકતી હોય છે અને તે જ મહત્ત્વનું નથી શું?

પ્રવાસનો આનંદ સંપૂર્ણ લેવો એકાદ બાબતમાં વધુ રસ લેવો મહત્ત્વનું છે. આ પછી આપણું ભાન, આપણું સંપૂર્ણ અસ્તિત્વ કામે લાગે છે. તમારી આંખો ઉત્સુકતાથી ચમકવા લાગે છે.



ક્ષમતાના અંતિમ છેવાડે

બેસ્ટ લાઇફ ના અંક પરથી હું નજર ફેરવતો હતો ત્યારે મારું ધ્યાન જ્યોર્જ કલુનેના એક લેખ પર ગયું. તેમાં તેઓ કહે છે, જીવન બહુ જ ક્ષણગંભુર છે. આથી હમણાંની પળ પૂર્ણ ક્ષમતા સાથે જીવવાનો પ્રયાસ કરો. ખરું છે નહીં?

સ્વયંપ્રકાશી થવું અને પોતાની આવી એક પરંપરા નિર્માણ કરવું મહત્ત્વનું નથી શું? આપણે કાયમ ભૂતાકળની ઘટનાઓ અને સમસ્યાઓમાં અટવાઈ રહીએ છીએ. આને કારણે ઘણી વાર સાદા મુદ્દાથી પણ આપણને બોધ મળતો નથી. એક ધ્યાનમાં રાખો કે આપણા મનની સંપૂર્ણ પ્રક્રિયાથી આપણે સતત વાકેફ રહેવું જોઈએ. આવું થશે તો આપણે આપણા સ્વકર્મ અથવા કૃતિ અને આપણું લૌકિક જીવન વચ્ચે સંતુલન રાખી શકીશું. પ્રથમ તમે તમારી અંદરનું સામાન્યપણું અને જે બાબત પ્રેમ- સદભાવમાં આવતી નથી તેને નક્કરપણે નકારી કાઢો. તમને જીવનમાં શું ન કરવું જોઈએ તે ખબર હોવી જોઈએ, જેથી તમે યોગ્ય વિચાર, યોગ્ય જગ્યાએ કરશો! આપણે સૌ મહાનતા માટે જન્મ્યા છીએ અને તેથી જ આપણને સૃજનશીલતાનો એક ઉત્કૃષ્ટ અને મૂર્ત આવિષ્કાર પૂર્ણ ક્ષમતાથી આપણને કરતા આવડવો જોઈએ. તો જ આપણા જીવનને ખરો અર્થ લાભી શકશે. એક ધ્યાનમાં રાખો કે આવી, એકધારી અનાસક્ત કૃતિમાંથી આનંદને પ્રોત્સાહન મળે છે અને આપણી અંદર કેળવાયેલું કૌશલ્ય સહજતાથી વ્યક્ત થાય છે. પ્રસિદ્ધ સલાહકાર રિચર્ડ લેડરે એક નિરીક્ષણ નોંધ્યું છે. ૬૫ વર્ષ પછી પુરુષોને પુછાયું કે તમે વધુ થોડાં વર્ષ જીવશો તો શું કરશો? તેનો જવાબ હતો, હું વધુમાં વધુ ક્ષમતાથી કામ કરીશ અને દરેક ૬ળ બહુ જ પ્રેમથી અને પરિપૂર્ણ રીતે જીવીશ. હું મારા જીવનની મહત્ત્વની લાગતી બાબતો કરીને ભરપૂર સંતોષ સાથે જીવીશ.

દિવસની દરેક પળ ખરા અર્થમાં જીવવાનું મહત્ત્વનું છે. જે કાંઈ કરશો તે પૂર્ણ ક્ષમતા સાથે કરો અને આપણી પિછાણની કક્ષાને સતત વિકસિત કરતા રહો. હું જવાબદાર છું એ મૂળભૂત તત્ત્વનું ભાન રાખો.



સક્ષમ તન-મનની નિર્મિતી

પરોઢની રમ્ય, સુંદર સવારે હું મારા પુસ્તકાલયમાં લખવા બેઠો છું. રોજ મુજબ વાતાવરણમાં લ્યુસિનો લીગાબુનું અપ્રતિમ (ઇટાલિયન) સંગીત ગૂંજી રહ્યું છે. તે સૂર મને ઘેલું લગાવે છે. ખરેખર તો તે સંગીતે અમારા આખા ઘરને જ છેલ્લા થોડા સપ્તાહથી બહુ જ ઘેલું લગાવ્યું છે. આવા આ સૂરની હકારાત્મકતાના સૌંદર્યમાં મારું મન, નેતૃત્વ અને જીવન આ વિષયમાં તણાઈ ગયું.

હાલમાં જ મેં વેનિટી ફેરનો અંક વાંચ્યો. તેમાં એક બચવલ્ડ નામના ૮૦ વર્ષના લેખકની મુલાકાત પ્રકાશિત થઈ હતી. તેમની બંને કિડની નકામી થવાથી મૃત્યુનો ખરો અર્થ આ લેખકનો સમજાયો. તેમણે તે સંબંધમાં કાઢેલા ઉદગાર બહુ જ અર્થપૂર્ણ લાગે છે. આપણે દરેક પળ સંપૂર્ણપણે જીવતા હોઈએ ત્યારે એક-એક પળ મરતી જાય છે અને જીવનની કોઈ પણ બાબતમાં આસક્ત ન રહેવું એવું તેમનલાગે છે. પૂર્ણ મુક્ત થવું. કોઈપણ અને કાંઈપણ બાબતનો રંજ નહીં, અફસોસ નહીં. એકંદરે કણકણમાં મરતી વેળા જીવવાનું સૌંદર્ય આ લેખકને દેખાતું હતું.

આ મુલાકાતમાં તેમન પુછાયું, જીવનનો પરમ આનંદ શેમાં છે? તેનો જવાબ હતો, આરોગ્યવર્ધક સંઘર્ષ વિના કૃતિશીલ જીવનમાં. સૌથી મોટી કળા કઈ? તેને જવાબ હતો જીવવાની. સૌથી વૈભવશાળી વ્યવસાય કયો? જવાબ મળ્યો, મારા જીવનમાંથી ખીલેલું લેખન. મેં લગભગ ૩૨ પુસ્તક લખ્યાં છે અને અમુક અખબારીપત્ર પણ લખ્યા છે. તે મેં મારા લોહીમાંથી લખ્યા છે. મુખ્યત્વે આ બધા લેખ મારા સાક્ષાત જીવન જીવવામાંથી ખીલ્યા છે. કેટલું સાચું છે નહીં? મહાનતા કાયમ આપણા જીવનમાંથી, આપણી પ્રજ્ઞા જાગૃતિમાંથી ખીલતી હોય છે. સફળતા- પૈસા-વૈભવ સંપન્નતા- પ્રતિમા આ બધાની અંદરનું પોકળપણું આપણને એક આત્મચીતિ વેળા સમજાય છે. અનેક વાર આ બધી બાબતોમાં આપણે આપણું જીવન થિજાવી નાખીએ છીએ. આપણો દેહ, આપણું અસ્તિત્વ નાશવંત છે એ જ્યારે માનવીને ખરા અર્થમાં સમજાય છે. ત્યારે તેની દોડધામ ઓછી થાય છે. તમારી પરંપરાનો જેમાંથી આરંભ થશે અને જીવનને ખરા અર્થમાં સાર્થકતા મળશે એવું જીવવું ભાવિ પેઢીને પ્રેરણાદાયક નીવડી શકે છે.

એકંદરે સક્ષમ તન- મનની નિર્મિતી તમારી અંદરથી પ્રવાહિત થવી જરૂરી નહીં પણ અનિવાર્ય છે. આવું મન સ્થિર હોય છે અને નિષ્પાપ પણ. આપણે જે કાંઈ કરીએ છીએ તેની પર સર્વસ્વથી પ્રેમ કરો અને તમારી દરેક કૃતિ આ પ્રેમમાંથી ખીલવા દો!

મહાનતા કાયમ આપણા જીવનમાંથી, એક આંતરિક પ્રજ્ઞા જાગૃતિમાંથી
ખીલતી હોય છે. સાર્થ જીવનનો ધ્યેય ભાવિ પેઢીની
હથેળીમાં આપણે રાખી શકતા જોઈએ.

૧૦૦

મેન્ડેલાની મહાનતાની અનુભૂતિ

નેલ્સન મેન્ડેલાની મહાનતા વિશે એક સુંદર પુસ્તક હું હમણાં વાંચી રહ્યો છું. વર્તમાન બહુ અસ્વસ્થ અને ગૂંચવણભર્યા, દોડધામભર્યા જીવનમાં મેન્ડેલાનું અમાપ સામર્થ્ય વિશેષતાથી સભર છે. મેન્ડેલાના શબ્દ, તેમની વર્તણૂકમાંથી એક પૂર્ણ વિકસિત એવા મનની કરૂણાથી અંતરબાહ્ય ભારેલું વ્યક્તિત્વ અને તેમાંની માનવતા ઊડીને આંખે વળગે છે. (દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપ્રમુખ થયા પછી એક ઉદઘાટન પ્રસંગે તેમણે તે ત્રણ જેલરને બહુ જ સન્માનથી આમંત્રિત કર્યા હતા. સ્વાતંત્ર્ય સૈનિક હતા ત્યારે કેદમાં તેમની પર નિયંત્રણ રાખનારા આ જ તે ત્રણ જેલર હતા. કેટલી ક્ષમાશીલતા!)

આપણી અંદર સમાયેલા અને બિનશરતી સ્વીકારેલા નેતૃત્વની, સપનાંઓની મોટી જવાબદારીથી અને પ્રેમથી તેમ જ આત્મસમર્પણ સાથે જીવવાની પ્રતિજ્ઞા બિલ ક્લિન્ટને યુવાનોને લેવડાવી. ખરેખર તો આ ઘટનાથી હું પણ પ્રેરિત થયો છું.

નેલ્સન મેન્ડેલા જ્યારે તે સભાગૃહમાં આવ્યા ત્યારે અમારા સૌની છાતી ગર્વથી ફુલાઈ ગઈ. વાતાવરણમાં ભાવનાત્મકતા અને પ્રેમ ઊભરી આવ્યો હતો. તેઓ હોલમાં આવ્યા અને અમે બધા સહજપણે (આદરથી) ઊભા થયા અને તેમને માનવંદના આપી. આજનો દિવસ અમારા માટે ખાસ નોંધનીય રહ્યો હતો.

નેલ્સન મેન્ડેલાના શબ્દ, તેમની વર્તણૂક એકંદરે તેમની દરેક આચારવિચારમાંથી પૂર્ણ વિકસિત એવા મનની કરૂણાથી આંતરબાહ્ય ભારેલા વ્યક્તિત્વ અને તેમાંની માનવતા ઊડીને આંખે વળગે છે.

૧૦૧

મહાનતાની દિશામાં જવાની સજ્જતા

મહાનતાના માર્ગદર્શક ના આ પુસ્તકના બીજા ભાગના છેલ્લા તબક્કામાં આપણે આવ્યા છીએ. સંપૂર્ણ વાંચનથી તમારી અંદર નિશ્ચિત ફરક પડેલો હશે. અર્થાત, આ ફરક કોઈ પણ પ્રયોગશાળામાં માપી શકાશે નહીં. જોકે આ ફરક પર જ જીવનની સચ્ચાઈ આધાર રાખે છે. ખરેખર તો આ વિચારસૂત્રોની મનની સ્થિતિ-આકલનમાં તેમ જ પ્રત્યક્ષ આચરણમાં અસામાન્યપણું સમાયેલું છે. ભરપૂર ઊર્જા અને જીજ્ઞાસા લાભેલા વાચરોના-અભ્યાસુઓનાં મન તરબોળ થઈ ગયાં હશે. આ જ સમય છે આત્મશોધમાંથી આત્મસાત કરેલા વિચાર પ્રત્યક્ષ જીવનમાં ઉતારવાનો, કારણે કે આમાંથી જીવન સંપૂર્ણ બદલાઈ જશે એ નક્કી છે**!**

હવે મુક્ત, ઉત્સાહપૂર્ણ, શક્તિપૂર્ણ રહેવું શક્ય છે. એક ધ્યાનમાં રાખો કે વિચારોની શુદ્ધતા અને સ્પષ્ટતા એ જ ખરેખર કૃતિ હોય છે અને કૃતિ એ કાયમ વર્તમાનમાં ઘડાતી હોય છે. તમારા મનમાં મૂળભૂત પરિવર્તન ઘડાઈ આવવા માટે ખરી મહાનતાનો આરંભ થાય છે. આમાંથી તમારી પ્રજ્ઞા જાગૃત થશે અને મનની અંદરની ગડમથલ અટકી જશે. ખરેખર તો આ બધામાંથી તમે એક નવી સંસ્કૃતિ, એક નવું વિશ્વ નિર્માણ કરી શકશો**!**

આથી આજે જ નવેસરથી જીવનના પ્રવાસનો આરંભ કરો. જીવનનો પૂર્ણ આદર કરો. એકંદરે આપણી અંદરના ચૈતન્ય- શક્તિનું સ્વરૂપ સમજી લો. તે ટકાવવું અને વધારવું તે ફક્ત આપણા હાથોમાં જ છે. આમાં પણ આપણી અંદરનો ચૈતન્ય પ્રવાહ અખંડિત અને આઝાદ રહેવો જોઈએ. તમારા પ્રેમના પ્રાંતમાં ખરા અર્થમાં ઊતરો અને પોતાનું નેતૃત્વ કરો. પીઢ તત્ત્વચિંતક માર્કસ ઓરેલિયસે એક જગ્યાએ કહ્યું છે, દરેક દિવસ જાણે આપણા જીવનનો અંતિમ દિવસ છે એવું સમજીને સંપૂર્ણ સતર્કતાથી અને સર્વ શક્તિ સાથે જીવો. જીવનને ચારે બાજુથી સમજી લો. તેમાંથી સંપૂર્ણ વ્યક્તિત્વ ઘડાતું હોય છે. બરોબર છે ને? મહાનતા પ્રવાસ માટે મારી મનઃપૂર્વક શુભેચ્છા**!**

સત્યનું - વાસ્તવિકતાનું સન્માન કરીને જીવનની સામે જાઓ.
તમને ખરા અર્થમાં જીવનની મહાનતાની આ રમત રમવાની છે.

લેખકનો ટૂંકમાં પરિચય

વ્યક્તિગત યશવૈભવ અને વ્યાવસાયિક- કોર્પોરેટ વિશ્વના નેતૃત્વને બધી રીતે પ્રેરણાદાયક ઠરનારું વ્યક્તિત્વ રોબિન શર્માનું છે. તેઓ કૃતિશીલ તત્ત્વચિંતક છે. વ્યક્તિત્વનો પ્રભાવ અને વૈશ્વિક સ્તરનો પરફોર્મન્સ પરની ચોક્કસ દિશા અને દૃષ્ટિ વ્યક્ત કરનારા રોબિનનાં બે વિશ્વવિખ્યાત અને દળદાર પુસ્તક છે: ધ મંક હુ સોલ્ડ હિઝ ફેરારી અને ધ ગ્રેટનેસ ગાઈડ બેસ્ટસેલર્સની યાદીમાં છે. ૪૦ દેશમાં કરોડો રસિકો અને સીઈઓએ તેનો લાભ લીધો છે. ફક્ત નેતૃત્વ કુશળ સીઈઓ જ નહીં પણ ઉચ્ચ અધિકારી વર્ગ, ડાયરેક્ટર્સ અને અભિનેતાઓએ પણ રોબિનની જીવનદષ્ટિનો લાભ લીધો છે. ચૈતન્યમય જીવનપદ્ધતિ માટે રોબિનને કેટલાંક પ્રભાવકારક અને પરિણામકારક વિચારસૂત્ર વિકસિત કર્યાં છે. આ જીવનશૈલીનો બધી રીતે સ્વીકાર કરનારાનું સમૂળગું જીવન બદલાઈ ગયું છે.

એકંદરે રોબિન શર્મા બહુ જ અસરકરાક અને પ્રભાવી વ્યક્તિત્વ છે. લીડરશિપ ઇન્ટરનેશનલ ના તેઓ સંસ્થાપક છે. વૈશ્વિક સ્તરે લોકો અને અનેક કંપનીઓને તેમની વ્યક્તિગત અને કોર્પોરેટ વિશ્વની આગેકૂચમાં રોબિને એક નવી દિશા, દૃષ્ટિ અને પહેલ બહાલ કરી છે. શીર્ષક વિના નેતૃત્વ કરવા પ્રોત્સાહિત કરતા રોબિન માઇક્રોસોફ્ટ, નાઇકે, ફેડેક્સ, નાસા, જઈ અને બીપી જેવી વિશ્વવિખયાત કંપનીઓના સલાહકાર છે. તાજેતરમાં લીડરશિપગુરુઝ.કોમ દ્વારા વિશ્વના ટોચના આગેવાન ગુરુઓનું સ્વતંત્ર સર્વેક્ષણ કરાયું હતું તેમાં રોબિન જેક વેલ્ચ પછી ૧૦ ટોચની હસ્તીમાં સ્થાન પામ્યા હતા. સીએનએન, ધ બાયોગ્રાફી ચેનલ અને પીબીએસ ઉપર રોબિન બહુ જ લોકપ્રિય છે.

તમને પણ રોબિનના માર્ગદર્શન સાથે વિશ્વવ્યાપક જીવનદષ્ટિ લાભી શકે છે. વિડિયો કોચિંગ, પોડકાસ્ટ અને બ્લોગ્ઝનો લાભ લો અને આજે જ **robinsharma.com** ની મુલાકાત લો.

રોબિન શર્મા પોતાની કાર્યશાળામાંથી, શિબિરોમાંથી, ભાષણોમાંથી તેમ જ સ્લાઇડ્સ થકી ઇચ્છુકોને બધી જ રીતે માર્ગદર્શન આપતા હોય છે. તમે પણ તેને લાભ લઈ શકો છો. આજે જ **robinsharma.com** સાથે સંપર્ક સાધો.

વ્યક્તિગત મહાનતાની દિશામાં જવા માટે સાધનસામગ્રી

તમારી અંદરની ઊર્જા- ચૈતન્યને બધી રીતે મુક્ત કરીને તમે અસામાન્ય ભણી લઈ જવા માટે શર્મા લીડરશિપ ઇન્ટરનેશનલ ઇં.ની અમુક સાધનસામગ્રી વિકસાવવામાં આવી છે. તેમાં નેતૃત્વનો વિકાસ, વ્યક્તિગત ધ્યેયની ચોક્કસ દિશા, દષ્ટિ અને માર્ગનો સમાવેશ કરવામાં આવ્યો છે. આમાંથી વૈશ્વિક તેમ જ એકદમ વ્યક્તિગત સ્તરે તમારો વિકાસ નિશ્ચિત છે એમાં શંકાને કોઈ સ્થાન નથી!

robinsharma.com

ELEVATE YOUR LIFE. TRANSFORM YOUR WORLD ™

આ આશયસંપન્ન વેબસાઇટ પર તમે રોબિનના બ્લોક, પોડકાસ્ટ્સ અનુભવી શકશો. આના દ્વારા તમે નિશ્ચિત પ્રેરિત અને પ્રવાહિત થશો! રોબિન શર્મા ટીવી, ધ રોબિન શર્મા રિપોર્ટ (નિઃશુલ્ક માસિક) અને દરેક દિવસ એક નવો સુવિચાર તમને વાંચવા મળશે. આટલું જ નહીં, ઓડિયો લર્નિંગ કાર્યક્રમો તાત્કાલિક ડાઉનલોડ કરી શકાશે. અવનવા ઇ-કોર્સીસ સહિત નવી ડીવીડી, પ્રેરણાત્મક ટી-શર્ટસ તેમ જ રોબિન શર્માના અન્ય ગ્રંથસંપદા પણ અહીં ઉપલબ્ધ છે. robinsharma.com એ વૈશ્વિક ચર્ચા મંચનું ઘર પણ છે, જ્યાં તમે મહાનતાને સમર્પિત અન્યો સાથે પોતાના વિચારોની આપલે કરી શકો છો અને રોબિન સાથે આવનારા પર્વોની સંપૂર્ણ યાદીની આપલે કરી શકો છો.



સવોત્તમ જીવનની જાગરૂકતા માટે સપ્તાહના બે દિવસ વિશ્વભરના લોકો એકત્ર કાર્યશાળામાં ભેગા થાય છે. તેમાં તમે પણ સહભાગી થઈ શકો છો. તમારી અંદરના ડરનો અંત કરીને મૂળભૂત પરિવર્તન માટે તમને મદદરૂપ થવું અને તમારી અંદરની ઊર્જાને મોકળો માર્ગ આપીને તે માટે એક જાગૃતપણું આપવું એ આ કાર્યશાળાનો ઉદ્દેશ છે. આમાંથી આપણા કલ્પના- વિચાર વધુ સ્પષ્ટ અને સ્વચ્છ બનતા જાય છે. (તેનું અમુક વિડિયો ચિત્રણ અને શીખવાનો અનુભવ વિશે અભિપ્રાય તેમાં નોંધવામાં આવ્યા છે). આગામી એબીએસ વીકએન્ડ માં તમે પણ સહભાગી થાઓ અને પોતાનો સર્વોત્તમ વિકાસ કરો. આજે જ અમારા robinsharma.com સાથે સંપર્ક કરો.

મહાનતાના માર્ગદર્શક-૨ની ઓડિયો ડાઉનલોડ કરી લો. વાચકો માટે નિઃશુલ્ક
અસાધારણ નેતૃત્વ પર રોબિન શર્માનો બહુ જ લોકપ્રિય ઓડિયો પ્રોગ્રામ ($24.95

USD) જો તમે ખર્રા અર્થમાં સાંભળશો તો તમે પણ મહાનતાની દિશામાં જઈ શકો છો. આ પ્રેરણાદાયક અને સંપૂર્ણપણે વાસ્તવિક પ્રદર્શન તમને વૈશ્વિક સ્તરે લઈ જશે. ખરેખર આ એક અનોખી કલ્પના છે. આ કલ્પના સાથે જીવતી વેળા વ્યક્તિગત તેમ જ વ્યાવસાયિક જીવનમાં તમે અત્યંત સફળ થશો**!** વધુ માહિતી માટે robinsharma.com નો આજે જ સંપર્ક કરો. તમારા મિત્ર, પરિવાર સાથે આ સંપૂર્ણ પ્રકલ્પમાં સહભાગી થાઓ**!**

સંસ્થાની- કંપનીઓની મહાનતા માટે સાધનસામગ્રી

રોબિન શર્માએ ગુરુ તરીકે બિરુદ નકાર્યું છે છતાં રોબિન જેવી વિચારસરણી ભાગ્યે જ કોઈ સીઈઓ પાસે હશે. – પબ્લિશર્સ વીકલી

તમારી અંદરના ચૈતન્યને બધી રીતે મુક્ત કરીને તમને અસાધારણની દિશામાં લઈ જવા શર્મા લીડરશિપ ઇન્ટરનેશનલ ઇ.એ અમુક સાધનસામગ્રી વિકસિત કરી છે. તેમાં નેતૃત્વનો વિકાસ, વ્યક્તિગત ધ્યેય માર્ગની ચોક્કસ દિશા, દિશા અને માર્ગનો સમાવેશ કરવામાં આવ્યો છે. આમાંથી વૈશ્વિક તેમ જ એકદમ વ્યક્તિગત સ્તરે તમારો વિકાસ નિશ્ચિત થશે. ઇ-લર્નિંગ પ્રકલ્પ માટે આજે જ robinsharma.com **અનો સંપર્ક કરો.**

નેતૃત્વનો ક્રાંતિકારક વિકાસ **(** Grow The Leader TM **)** પ્રકલ્પ તમારા કર્મચારી- કામગાર- સિનિયર અધિકારી વર્ગ માટે (એકદમ વૈશ્વિક સ્તર સુધી જવા માટે) અત્યંત પ્રભાવી અને પરિણામકારક (ટ્રેનિંગ પ્રોગ્રામ) છે. આજ સુધી અનેક નામાંકિત કંપનીઓએ પોતાના કર્મચારીઓ માટે ગ્રો ધ લીડર પ્રકલ્પનો ઘણો લાભ લીધો છે. તમારા કર્મચારી- કામગાર કે અધિકારી વર્ગ એ તમારી ખરી સંપત્તિ હોય છે. તે વધુમાં વધુ પ્રશિક્ષિત- સંપન્ન કરવા માટે તમારો વિકાસ સાધવા માટે આજે જ આ પ્રકલ્પમાં સહભાગી થાઓ**!** તમે શિખરે પહોંચીને જ રહેશો.


અર્થાત આ બધા માટે બહુ જ પ્રેકટિસ અને અભ્યાસની જરૂર છે. આથી **ગ્રો ધ લીડર** TM પ્રકલ્પમાં પોતાના માણસોને સહભાગી થવા માટે પ્રોત્સાહિત કરો. ખરેખર તો તેમના વિકાસમાં જ કંપનીનું વૈભવ સમાયેલું છે. નીચે આપેલાં આઠ સૂત્રો પર એક નજર ફેરવો.

- વિચાર કરો, જાણી લો અને કુશળ નેતૃત્વ પ્રમાણે આચરણ કરો.
- અસામાન્ય સફળતા અને મોટી પ્રોડકટ્સના ઉદ્દેશ સાધવા લક્ષ્ય કેન્દ્રિત કરો.
- જવાબદારીનું ભાન રાખીને આખર સુધી સક્ષમતા ટકાવી રાખો.
- સર્વ રીતે સંપન્ન અને કુશળતા સંપાદન કર્યા પછી તમારા કર્મચારી- કામગાર કંપનીને જોઈએ તેવી સેવા આપવા માટે સમર્થ બનશે.
- તકને સોનું બનાવી તમારો સમૂળગો વર્તમાન બદલી નાખો.
- નૈસર્ગિક નિર્મિતીશીલતા અને તમારી અંદરની જન્મજાત બુદ્ધિને વિકસિત કરવા માટે અમે જાગરૂક રહીએ છીએ.
- વ્યક્તિગત વિકાસ સાથે પ્રત્યક્ષ તમારી વ્યાવસાયિક કાર્યપ્રણાલી અને પદ્ધતિ તથા પ્રત્યક્ષ દિનક્રમમાં સંતુલન રાખવું તેમાંથી જ સહજ શક્ય બનશે.

નેતૃત્વનો ક્રાંતિકારક વિકાસ **(** Grow The Leader TM **)** આ પ્રકલ્પની સર્વાંગીણ માહિતી માટે અને સહભાગી થવા માટે આજે જ robinsharma.com સાથે સંપર્ક

સાધો.

મહાનતાના માર્ગદર્શક-
એક સર્વોત્તમ ભેટ



મહાનતાના માર્ગદર્શક-૨ આ બંને ભાગ હવે પ્રસિદ્ધ થઈ ચૂક્યા છે. તે તમારી સંસ્થાને-કંપનીને, તમારા કર્મચારીઓને મહાનતાની દિશામાં લઈ જવા માટે બધી રીતે મદદ કરશે પણ તેમના વ્યક્તિગત તથા વ્યાવસાયિક જીવનના વિકાસ માટે, વૈશ્વિક સ્પર્ધામાં વધુ કાર્યક્ષમ રહીને, બધી રીતે આગળ રહેવા માટે ઉપયોગી ઠરશે. આથી આજે જ તમારા માણસોને આ બંને પુસ્તક ભેટ આપો. ખરેખર તો આ એક સર્વોત્તમ રોકાણ છે, કારણ કે તમારા કર્મચારી- કામગાર વર્ગ અને સિનિયર અધિકારીઓ એ જ તમારી ખરી સંપત્તિ છે. આ લોકો જો બધી રીતે (તન-મનથી) સંપન્ન અને ચૈતન્યક્ષમ રહેશે તો તમે પણ વૈશ્વિક સ્તરે સૌથી આગળ રહેશો.

“રોબિન શર્માનો ગ્રંથસંપદા તમને મહાન જીવન જીવવા માટે બધી રીતે પ્રેરિત-પ્રવાહિત અને પ્રોત્સાહિત કરે છે.”

પાઉલો કોયલો, વૈશ્વિક કીર્તિના અને સૌથી વધુ ખપના ધ અસ્કેમિસ્ટના ના લેખક

JAICO PUBLISHING HOUSE
Elevate Your Life. Transform Your World.

૧૯૪૬માં સ્થપાયેલું જયકો પ્રકાશન ગૃહ શ્રી શ્રી પરમહંસ યોગાનંદ, ઓશો, રોબિન શર્મા, દીપક ચોપરા, સ્ટીફન હોકિંગ, એકનાથ ઇશ્વરન, સર્વપલ્લી રાધાકૃષ્ણન, નિરદ ચૌધરી, ખુશવંત સિંહ, મુલ્ક રાજ આનંદ, જોન મેક્સવેલ, કેન બ્લેન્કાર્ડ અને બ્રાયન ટ્રેસી જેવાં વિખ્યાત લેખકોની પ્રકાશક છે. અમારી યાદીએ નોંધનીય ૨૦૦૦ ટાઈટલ્સનો આંક પાર કર્યો છે. તેમાં ધર્મ, અધ્યાત્મ, મન/ શરીર/ જીવનતત્ત્વ, સ્વસહાય, વેપાર, રસોઈ, હાસ્ય, કારકિર્દી, રમતગમત, જીવનચરિત્ર, કલ્પિત વાર્તા અને વિજ્ઞાન જેવાં દેશમાં અત્યંત વૈવિધ્યપૂર્ણ ટાઇટલ્સનો સમાવેશ થાય છે.

જયકો વ્યવસ્થાપન અને ઇજનેરીમાં શૈક્ષણિક અને વ્યાવસાયિક પુસ્તકોની આગેવાન પ્રકાશક બનીને પોતાની ક્ષિતિજોને વિસ્તારી છે. અમારાં કોલેજ સ્તરીય પાઠ્યપુસ્તકો અને સંદર્ભ શીષ કો દેશભરમાં વિદ્યાર્થીઓ દ્વારા ઉપયોગમાં લેવાય છે. અમારાં શૈક્ષણિક અને વ્યાવસાયિક શીર્ષકોની સફળતા અમારા શૈક્ષણિક અને કોર્પોરેટ વેચાણ વિભાગોના પ્રયાસને પ્રતાપે છે.

સ્વ. શ્રી જમન શાહે જયકોની સ્થાપના પુસ્તક વિતરણ કંપની તરીકે કરી હતી. આઝાદી નજીકમાં છે એવો અણસાર મળતાં તેમણે કંપનીનું સૂચક રીતે નામ જયકો ("જય" એટલે જીત) રાખ્યું હતું. વિકસતા રાષ્ટ્રમાં સોંઘાં પુસ્તકોની નોંધનીય માગને લાભ લેતાં શ્રી શાહે જયકોનું પોતાનાં પ્રકાશનોની પહેલ કરી હતી. જયકો અંગ્રેજી ભાષામાં પેપરબેક પુસ્તકો છાપનારી ભારતની પ્રથમ પ્રકાશક હતી.

પોતાનાં શીર્ષકોની પ્રકાશક અને વિતરક હોવા ઉપરાંત જયકો મેકગ્રા હિલ, પિયરસન, સેન્ગેજ લર્નિંગ, જોન વિલી અને એલ્સેવિયર સાયન્સ જેવા અગ્રણી આંતરરાષ્ટ્રીય પ્રકાશકોનાં પુસ્તકોની મુખ્ય વિતરક છે. મુંબઈમાં વડામથક સાથે જયકોની વેચાણ કચેરીઓ અમદાવાદ, બેન્ગલોર, ભોપાલ, ચેન્નાઈ, દિલ્હી, હૈદરાબાદ અને કોલકતામાં છે. લગભગ ૪૦ એક્ઝિક્યુટિવ સાથેની અમારી વેચાણ ટીમ, ડાયરેક્ટ મેઇલ ઓર્ડર વિભાગ અને વેબસાઇટને લીધે અમારાં પુસ્તકો દેશભરનાં બધાં શહેરી અને ગ્રામીણ ભાગોમાં અસરકારક રીતે પહોંચ ધરાવે છે.



SINCE 1946

સર્વોચ્ચ આદર્શો જોશભેર પામવામાં તેમની સમીક્ષકોને ગણગણતો
અવાજ અવગણવા માગતા બહાદુર આત્માઓ એવા આપણી વચ્ચેના
સ્વપ્નદષ્ટાઓને. તમે ખરેખર મહાનમાંના એક છે.

રોબિન શર્માની અન્ય કૃતિઓ

મેગાલિવિંગ
ધ મોંક હુ સોલ્ડ હિઝ ફેરારી
લીડરશિપ વિઝડમ ફ્રૉમ ધ મોંક હુ સોલ્ડ હિઝ ફેરારી
હુ વિલ ક્રાય વ્હેન યુ ડાય ?
ફેમિલી વિઝડમ ફ્રોમ ધ મોંક હુ સોલ્ડ હિઝ ફેરારી
ડિસ્કવર યોર ડેસ્ટિની વિથ ધ મોંક હુ સોલ્ડ હિઝ ફેરારી
ધ ગ્રેટનેસ ગાઈડ
ડેઈલી ઇન્સ્પિરેશન ફ્રોમ ધ મોંક હુ સોલ્ડ હિઝ ફેરારી